RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ વૈશાખ સુદ - ૩ | શુક્રવાર, તા.૧૦-૦૫-૨૦૨૪ | અંક : ૨૭૬ વર્ષ : ૧૮ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઈરાને ૫ ભારતીય નાવિકોને છોડી મુક્યા

## ઈરાને ૧૩ એપ્રિલે ભારતીયો સાથેનું ઈઝરાઈલી જહાજ કબજે કર્યું હતું

## નાવિકોને મુક્ત કરાતા ભારતીય દૂતાવાસે ઈરાનનો આભાર માન્યો

નવીદિલ્હી,

કેન્દ્રની મોદી સરકારની વિદેશ નીતિ ફરી એકવાર રંગ લાવી છે. ઈરાનમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, તેહરાન દ્વારા જપ્ત કરવામાં આવેલા ઈઝરાઈલી જહાજમાં સવાર પાંચ ભારતીય ખલાસીઓને ગુરુવારે મુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ હવે ઈરાન છોડીને ચાલ્યા ગયા છે.

ભારતીય દૂતાવાસે તેમની મુક્તિ બદલ ઈરાની અધિકારીઓનો આભાર માન્યો હતો. વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, "એમએસસી મેષમાં સવાર પાંચ ભારતીય ખલાસીઓને આજે સાંજે મુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓ ઈરાન છોડીને ચાલ્યા ગયા છે.

ઈરાને ૧૩ એપ્રિલે ૧૭ ભારતીય નાગરિકો સાથે ઈઝરાઈલી માલવાહક જહાજને કબજે કર્યું હતું. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ નેવીએ હોર્મુઝની સામુદ્રધુની નજીક કન્ટેનર જહાજને કબજે કર્યુ હતું. એમએસસી એરીઝ છેલ્લે ૧૨ એપ્રિલના રોજ દુબઈના દરિયાકાંઠે હોર્મુઝની સામુદ્રધુની તરફ જતું હતું. કન્ટેનર શિપને જપ્ત કરવાના પગલે વિદેશ મંત્રી એસ જયશંકરે પોતાના ઈરાની સમકક્ષ હોસિન આમિર-અબ્દોલાહિયન સાથે વાત કરીને ૧૭ ભારતીય ક્રૂ મેમ્બર્સને છોડવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. અમીરબાદોલ્લાહિયને જણાવ્યું હતું કે, "જહાજે ઈરાનના પ્રાદેશિક જળમાં તેનું રડાર બંધ કરી દીધું હતું અને નેવિગેશનની સલામતીને જોખમમાં મૂકી દીધી હતી આથી તેને કબજે કરાયું હતું.

# ચારધામ યાત્રા શરૂ: કેદારનાથ ધામના કપાટ ખુલ્યાં

## બદ્રીનાથ ધામના દ્વાર ૧૨મી મેના રોજ સવારે ૬ વાગ્યે ખોલાશે



નવીદિલ્હી,

આજે શુભ અક્ષય તૃતીયા છે, ઉત્તરાખંડમાં કેદારનાથ ધામના કપાટ વિધી વિધાન સાથે ખોલવામાં આવ્યા છે. અક્ષય તૃતીયાના પાવન અવસર પર ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે આજે અક્ષય તૃતીયાના શુભ અવસર પર ચારધામ યાત્રા શરૂ થઈ છે, તમામ ભક્તોનું હાર્દિક સ્વાગત અને અભિનંદન. આપ સૌને વિનંતી છે કે મુસાફરી દરમિયાન સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખો અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો. અમારી સરકારે ચારધામમાં આવનારા વૃદ્ધો, મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા કરી છે. બદ્રીનાથના કપાટ ખુલવા માટે ભક્તોએ થોડી વધુ રાહ જોવી પડશે. બદ્રીનાથ ધામના દ્વાર રવિવારે ૧૨મી મેના રોજ સવારે ૬ વાગ્યે ખોલવામાં આવશે.

# PM મોદી વિરુદ્ધ નિવેદન પર માલદીવ બેકફૂટ પર

## એસ.જયશંકરે ભારતે કરેલી મદદ યાદ કરાવી

નવીદિલ્હી,

ભારતે ગુરુવારે માલદીવને યાદ અપાવ્યું કે તે તેના દેશના વિકાસમાં કેવી રીતે મદદ કરી રહ્યું છે. ભારતની યોજનાઓથી માલદીવના લોકોના જીવનમાં કેટલો ફાયદો થયો છે. ભારતે તેમના જીવનની ગુણવત્તામાં સીધું યોગદાન આપ્યું છે. આ માળખાકીય પ્રોજેક્ટ્સ અને સામાજિક પહેલથી લઈને તબીબી અને આરોગ્ય સુવિધાઓ સુધીની છે.

આ વાત ભારતના વિદેશ મંત્રીએસ. જયશંકરેગુરુવારે નવી દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં માલદીવના તેમના સમકક્ષ મુસા જમીરને યાદ અપાવ્યું હતું. તેમણે કહ્યું કે ભારત પહેલા જ માલદીવને અનુકૂળ શરતો પર આર્થિક મદદ કરી ચૂક્યું છે. બેઠકમાં બંનેએ દ્વિપક્ષીય સંબંધો, પ્રાદેશિક સુરક્ષા, વેપાર, વિકાસમાં ભાગીદારી અને ક્ષમતા નિર્માણ અને તાલીમ સંબંધિત પહેલો અંગે ચર્ચા કરી હતી.

આ પ્રસંગેર જયશંકરે કહ્યું કે ભારત માલદીવ માટે ઘણા પ્રસંગોએ પહેલો જવાબ આપનાર દેશ રહ્યો છે. તેમણે કહ્યું, “નજીક અને નજીકના પડોશીઓ તરીકે, ભારત-માલદીવ સંબંધોનો વિકાસ પરસ્પર હિતો અને પરસ્પર સંવેદનશીલતા પર આધારિત છે. જ્યાં સુધી ભારતનો સંબંધ છે, આ અમારી નેબરહુડ ફર્સ્ટ પોલિસી અને ઓશન એપ્રોચના સંદર્ભમાં વ્યક્ત કરવામાં આવ્યા હતા. મીટિંગ પછી, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે જ્યાં સુધી ચોક્કસ મુદ્દાઓનો સંબંધ છે, બંને પક્ષો ભારતીય ઉડ્ડયન પ્લેટફોર્મના સતત સંચાલનને સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે.

### મોદી પર મંત્રીઓની ટિપ્પણી એ સરકારનું સ્ટેન્ડ નથી: માલદીવ્સ

મુસા ઝમીરે તેની સરકારને વડાપ્રધાન મોદી વિરુદ્ધ તેના કેટલાક મંત્રીઓની વાંધાજનક ટિપ્પણીઓથી દૂર કરી દીધી છે. તેમણે કહ્યું કે આ સરકારનું વલણ નથી અને તેનું પુનરાવર્તન ન થાય તે માટે યોગ્ય પગલાં લેવામાં આવ્યા છે. જમીરે એક ન્યૂઝ એજન્સીને કહ્યું કે આવું ન થવું જોઈતું હતું. મુખ્યત્વે સોશિયલ મીડિયાના કારણે ગેરસમજ ઊભી થઈ છે.

# ગરમી વચ્ચે છૂટાછવાયા વરસાદની કરાઈ આગાહી

## નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં કમોસમી વરસાદ પડી શકે છે

અમદાવાદ,

ગુજરાતમાં મે મહિનામાં આકરા તાપના કારણે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ત્યારે આગામી ૧૧થી ૧૫મી મે દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, ૧૧મી મેના રોજ નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં કમોસમી વરસાદ પડી શકે છે. જ્યારે ૧૨ અને ૧૩મી મેના રોજ દક્ષિણ ગુજરાતની સાથે સાબરકાંઠા અને અરવલ્લીમાં પણ વરસાદ પડવાની શક્યતા છે. ૧૪મી મેના રોજ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓની સાથે જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર પણ વરસાદમાં ભીજાઈ શકે છે. આ ઉપરાંત ૧૫મી મેના રોજ નવસારી, તાપી, ડાંગ અને વલસાડમાં છૂટાછવાયા વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

# કેજરીવાલને જામીન આપવા કે નહીં? SC આજે ચુકાદો સંભળાવશે

**અરવિંદ કેજરીવાલે લિકર પોલિસી કેસમાં તિહાર જેલમાં ૪૦ દિવસ પૂરા કર્યા**

નવીદિલ્હી,

આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લિકર પોલિસી કેસમાં તિહાર જેલમાં ૪૦ દિવસ પૂરા કર્યા છે. સુપ્રીમ કોર્ટ આજે એટલે કે ૧૦ મેના રોજ તેનો ચુકાદો સંભળાવશે કે તેને જામીન આપવામાં આવશે કે નહીં. કેજરીવાલે તેમની ધરપકડ વિરુદ્ધ કરેલી અરજી પર પણ આજે સુનાવણી થશે.

૭ મેના રોજ લંચ પહેલા થયેલી સુનાવણીમાં કોર્ટે કેજરીવાલના જામીનની શરતો નક્કી કરી હતી. કોર્ટે ઈડીને કહ્યું હતું કે ચૂંટણી ચાલી રહી છે અને કેજરીવાલ હાલમાં મુખ્યમંત્રી છે. ચૂંટણી ૫ વર્ષમાં એકવાર આવે છે. આ પછી કોર્ટે કેજરીવાલને કહ્યું કે જો તમને જામીન આપવામાં આવશે તો તમે ઓફિશિયલ ડ્યુટી નહીં કરી શકશો. જો ચૂંટણી ન હોત તો વચગાળાના જામીનનો પ્રશ્ન જ ઉભો ન થાત. જો કે, ૭મી મેના રોજ બેન્ચે કોઈ ચુકાદો આપ્યા વિના મુલતવી રાખી હતી. બેન્ચનું નેતૃત્વ કરી રહેલા જસ્ટિસ સંજીવ ખન્નાએ ૮ મેના રોજ કહ્યું હતું કે અમે શુક્રવારે જામીન પર ચુકાદો આપીશું.

આ પછી ૯ મેના રોજ EDએ કેજરીવાલના જામીનનો વિરોધ કરીને સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી. જેમાં સુપ્રીમ કોર્ટની ચૂંટણીની દલીલ પર ઈડીએ કહ્યું કે કેજરીવાલ ચૂંટણી લડી રહ્યા નથી. આ પહેલા કોઈપણ નેતાને પ્રચાર માટે જ્યુડિશિયલ કસ્ટડીમાંથી જામીન મળ્યા નથી. પ્રચાર એ મૂળભૂત અધિકાર નથી. કેજરીવાલની કાનૂની ટીમે EDની એફિડેવિટ સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે.

# જીએસટી વસૂલાત માટે કેન્દ્ર બળજબરી ના કરી શકે: સુપ્રિમ

નવીદિલ્હી,તા.૧૦

સુપ્રીમ કોર્ટમાં ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, એમએમ સુંદરેશ અને બેલા ત્રિવેદીની બેન્ચે કેન્દ્ર સરકારને જીએસટી વસૂલાત માટે ઉદ્યોગપતિઓ સામે સર્ચ અને જપ્તી કામગીરી દરમિયાન ‘ધમકી અને બળજબરી’નો ઉપયોગ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે તેઓને સ્વેચ્છાએ બાકી રકમ ચૂકવવા માટે સમજાવવામાં આવે. બેન્ચે નિર્દેશ કર્યો કે જીએસટી કાયદા હેઠળ એવી કોઈ જોગવાઈ નથી કે જે અધિકારીઓને બાકી ચૂકવણી માટે બળ કે ધમકીનો ઉપયોગ કરવાની સત્તા આપે.ખંડપીઠે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુને કહ્યું કે, જીએસટી કાયદા હેઠળ કોઈ પણ વ્યક્તિને સર્ચ અને જપ્તી દરમિયાન ટેક્સની જવાબદારી ચૂકવવાની ફરજ પાડવાની સત્તા આપવામાં આવી નથી.

# ભારતની ચૂંટણીમાં હસ્તક્ષેપનો પ્રયાસ કરે છે અમેરિકા : રશિયા

## અમેરિકાનો ઈરાદો લોકસભા ચૂંટણી દરમિયાન ભારતને અસ્થિર બનાવવાનો છે

નવીદિલ્હી

લોકસભા ચૂંટણી વચ્ચે રશિયાને એક મોટો દાવો છે. રશિયાનું કહેવું છે કે અમેરિકા ભારતની લોકસભા ચૂંટણીમાં દખલ આપવાનો પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકાનો ઈરાદો લોકસભા ચૂંટણી દરમિયાન ભારતને અસ્થિર બનાવવાનો છે. રશિયન સરકારી ન્યૂઝ એજન્સી અનુસાર, રશિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાએ કહ્યું કે અમેરિકા ભારતના રાજકીય માહોલને ખરાબ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે ભારતની રાજકીય સમજ અને ઈતિહાસ સમજી શકતો નથી. તમને જણાવી દઈએ કે ઝખારોવાએ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા પર અમેરિકાના રિપોર્ટના સંદર્ભમાં આ નિવેદન આપ્યું છે.

તેમણે કહ્યું કે અમેરિકા ભારતની ધાર્મિક સ્વતંત્રતા અંગે સતત પાયાવિહોણા આરોપો લગાવી રહ્યું છે. આનું કારણ ભારતના આંતરિક રાજકીય માહોલને ખલેલ પહોંચાડવાનું અને સામાન્ય ચૂંટણીઓમાં અવરોધ ઊભો કરવાનું છે.

# કોંગ્રેસ શાસનમાં તમે વોટબેંક જ બની રહ્યા હતા : મુસ્લિમ સમાજને મોદીની ચોખ્ખી વાત

## મુસ્લિમ સમુદાયને આત્મમંથન કરવા સલાહ આપી : પ્રથમ વખત મોદીએ વોટબેંક અંગેના પ્રશ્નનો જવાબ આપ્યો

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીના પ્રથમ ત્રણ તબકકામાં મુસ્લિમ અનામત હું જીવતો છું ત્યાં સુધી નહી આવવા દઉં તેવા વિધાનો કરનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉતરપ્રદેશ સહિતના રાજયોમાં મતદાનની ઘડી આવી રહી છે તે સમયે હવે મુસ્લિમ સમુદાયને આત્મમંથન કરવા સલાહ આપી છે અને જો તમે એવું માનતા હો કે અમે સતા પર બેસાડી શકીએ છીએ અને ઉતારી પણ શકીએ છીએ તો તમે તમારા બાળકોનું ભવિષ્ય ખરાબ કરી રહ્યા છો. મોદીએ કે ટીવી ચેનલને મુલાકાત આપતા કહ્યું કે અત્યાર સુધી હું મુસ્લિમ વોટબેંકની વાત કરતો ન હતો.મુસ્લિમ સમુદાયને આત્મમંથન કરવા સલાહ આપું છે. મુસ્લિમ વોટબેંકના પ્રશ્નનના જવાબમાં કહ્યું કે હું મુસ્લિમ સમાજ અને તેના ભણેલા ગણેલા લોકોને કહેવા માંગુ છું કે તમારે હવે વિચારવાની જરૂર છે, દેશ આગળ વધી રહ્યો છે કોંગ્રેસના શાસનમાં સરકારની વ્યવસ્થાનો લાભ શા માટે તમને ન મળ્યો અને તમે સતત દુર્દશાનો શિકાર થતા આવ્યા છો કારણ કે તમને વોટબેંકની નજરે જોવાયા છે. હું મુસ્લિમ દેશોમાં જવું છું તો પણ મને સન્માન મળે છે ભારતને સન્માન મળે છે અહીં વિરોધ થાય છે.

ત્યારે હવે તમે ફક્ત વોટબેંકની રાજનીતિ બનીને રહી ગયા છો. હું નથી ઈચ્છતો કે તમે મજદુરની જેમ કામ કરતા રહો, તમને જો ભાજપવાળાથી ડર લાગતો હોય તો ૫૦ લોકો ભાજપ કાર્યાલય પર જાવ એક દિવસ બેસો ત્યાં શું ચાલી રહ્યું છે. તમને કોઈ રોકતું નથી ફક્ત તમારે વિચારવાની જરૂર છે કે આત્મમંથન કઈ રીતે થઈ શકે છે.

# અન્ય સમુદાયોની તુલનામાં મુસ્લિમોમાં સૌથી વધુ પ્રજનન દર

## ભારતની વસ્તીમાં હિન્દુઓની સંખ્યા ૭% ઘટી, મુસ્લિમમાં ૪% વધી



નવીદિલ્હી,

૧૯૫૦ અને ૨૦૧૫ વચ્ચે દેશની વસ્તીમાં હિન્દુઓનું પ્રમાણ ૬.૬૨ ટકા ઘટ્યું છે. જયારે આ ગાળામાં મુસ્લિમોની વસ્તી ૪.૨૫ ટકા વધી છે. વડાપ્રધાનના આર્થિક સલાહકાર પરિષદની રિપોર્ટમાં વિગતો સામે આવી છે. દેશમાં ૨૦૧૯-૨૧ દરમિયાન હિંદુઓમાં પ્રજનન દર ૧.૯૪ અને મુસ્લિમોમાં ૨.૩૬ રહ્યો. એટલે કે સરેરાશ દરેક હિંદુ મહિલાને ૨ અને મુસ્લિમ મહિલાઓને ૨થી વધુ બાળકો છે. ૧૯૯૨માં મુસ્લિમોમાં પ્રજનન દર ૪.૪અને હિંદુઓમાં ૩.૩ હતો. આ આંકડા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા નેશનલ હેલ્થ સર્વે રિપોર્ટમાં નોંધાયા છે. દેશમાં એકંદર પ્રજનન દર ઘટીને ૨.૩ પર આવી ગયો છે, જે ૧૯૯૨-૯૩માં ૪.૪ હતો.જો કે, અન્ય સમુદાયોની તુલનામાં, મુસ્લિમોમાં સૌથી વધુ પ્રજનન દર છે. ખ્રિસ્તીઓમાં તે ૧.૮૮ છે, શીખો અને જૈનોમાં તે ૧.૬૧ છે. ૨૦૧૯-૨૧માં ગર્ભનિરોધક માધ્યમોનો ઉપયોગ કરતા મુસ્લિમો વધીને ૪૭.૪% થયા, જે ૨૦૧૫-૧૬માં ૩૭.૯% હતા. ૩૨% મુસ્લિમો માને છે કે ગર્ભનિરોધક વિશે વિચારવું એ સ્ત્રીનું કામ છે, જ્યારે ૩૬% હિન્દુઓ એવું માને છે. ૨૦૧૯-૨૧માં અભણ મુસ્લિમ મહિલાઓની સંખ્યા ઘટીને ૨૧.૯% થઈ છે, જે ૨૦૧૫-૧૬માં ૩૨% હતી. અભણ મહિલાઓમાં સરેરાશ પ્રજનન દર ૨.૮ છે અને ૧૨મું કે તેથી વધુ શિક્ષણ ધરાવતી મહિલાઓમાં ૧.૮ છે.

# મુસ્લિમો માટેની ૪ ટકા અનામત કોઈપણ સંજોગોમાં ચાલુ રહેશે : આંધ્રપ્રદેશના સી.એમ.

## વાયએસ જગન મોહન રેડ્ડીએ કહ્યું, નાયડુ ભાજપ સાથે ગઠબંધન કરવા માંગે છે,

નવીદિલ્હી,

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીએ કહ્યું કે રાજ્યમાં મુસ્લિમો માટે ૪% અનામત કોઈપણ ભોગે ચાલુ રહેશે. આ અંગે YSRCP કોંગ્રેસનો આ અંતિમ નિર્ણય છે. રેડ્ડીએ કહ્યું, "લઘુમતીઓને અલગ ચશ્માથી જોવા એ નૈતિક રીતે ખોટું છે. YSRCP મુસ્લિમોની ગરિમા અને સન્માનને સમર્થન આપશે. પછી તે અનામત હોય, નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન્સ , સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ અથવા અન્ય કોઈ બાબત હોય. "

જગન મોહને અનામતના મુદ્દે ટીડીપી અને ભાજપ પર પણ પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું, "પૂર્વ સીએમ ચંદ્રબાબુ નાયડુ એક તરફ, તેઓ ભાજપ સાથે ગઠબંધન કરવા માંગે છે, જે મુસ્લિમ અનામતને ખતમ કરવા માંગે છે. બીજી તરફ, તેઓ લઘુમતી મત મેળવવા માટે તેમની સાથે હોવાનો ઢોંગ કરે છે."

# ઈફકોમાં ભાજપ જીત્યું, ભાજપ હાર્યું

## ભાજપનો મેન્ડેટ જેને હતો તે બીપીન ગોતા હારી ગયા જ્યારે ઉપરવટ જઈ લડનાર જયેશ રાદડીયા જીતી ગયા






રાજકોટ,
ઈફ્કોના ડિરેક્ટરની પસંદગીમાં ભાજપમાં જ એકમત નહીં થતાં ચૂંટણી યોજાઈ છે. આ જંગ ભાજપનો ભાજપ સામે જ જંગ થયો છે. ભાજપે બિપિન ગોતા (પટેલે)ને મેન્ડેટ આપ્યો છે, પરંતુ ભાજપના જ ધારાસભ્ય જયેશ રાદડિયાએ પાર્ટીના મેન્ડેટની ઉપરવટ જઇ પોતાની દાવેદારી કરતાં ચૂંટણીજંગ ખેલાયો હતો. આ ચૂંટણીનુ ગુરૂવારે પરિણામ જાહેર થયું છે, જેમાં કુલ ૧૮૨ મતમાંથી ૧૮૦ મત પડ્યા હતા. આ ૧૮૦ મતમાંથી જયેશ રાદડિયાને ૧૧૪ મત મળ્યા હતા. જ્યારે તેના નજીકના હરીફ બિપિન ગોતાને ૬૬ મત જ મળ્યા હતા.

૬૦૩૨૪ કરોડનું ટર્નઓવર ધરાવતી ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો-ઓપરેટિવ લિમિટેડના ડિરેક્ટરપદ માટે ભાજપના સહકારી સેલના પ્રદેશ પ્રમુખ અને અમિત શાહની નિકટના સાથી બિપિન ગોતાએ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. તેમની સામે કોંગ્રેસ સમર્થિત વિજય ઝાટકિયાએ દાવેદારી કરી હતી. ભાજપના મેન્ડેટ પર ચૂંટણી લડતા બિપિન પટેલ સામે ખેડૂતનેતા તરીકે છાપ ધરાવતા વિઠ્ઠલ રાદડિયાના પુત્ર જયેશ રાદડિયાએ ભાજપ સામે બાંયો ચડાવી પોતાના મતદારોને સાથે રાખી ચૂંટણી લડી હતી. ગુજરાતની એકમાત્ર બેઠક પરના ત્રિપાંખિયા ચૂંટણીજંગમાં ચાર વાગ્યાથી મતગણતરી શરૂ કરવામાં આવી હતી, જેમાં ભાજપના સત્તાવાર ઉમેદવારની સામે ઉમેદવારી કરનારા રાજકોટના સહકારી નેતા જયેશ રાદડિયાની જીત થઈ ગઈ છે.

# બૂથ કેપ્ચરિંગ મામલે મતદાન મથકના ૪ અધિકારી અને બે પોલીસકર્મી થયા સસ્પેન્ડ

## દાહોદ લોકસભા અંતર્ગત આવતા બુથ નંબર ૨૨૦માં ૧૧ મેએ ફરી મતદાન



દાહોદ,
દાહોદ લોકસભા બેઠકના મતવિસ્તારમાં મહીસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુર ગામમાં બૂથ કેપ્ચરિંગ મામલે ચૂંટણીપંચે મોટી કાર્યવાહી કરી છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ સંતરામપુરના ૨૨૦ નંબરના પરથમપુર ગામના મતદાન મથકના ૪ અધિકારી અને ૨ પોલીસકર્મી સસ્પેન્ડને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

દાહોદ લોકસભા બેઠકના એક બુથમાં બુથ કેપ્ચરિંગની ઘટના બની હતી. મહિસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુરા ગામના એક બુથ પર ફરી મતદાનનો નિર્મય લેવામાં આવ્યો છે.

દાહોદ લોકસભા અંતર્ગત આવતા બુથ નંબર ૨૨૦માં ફરી મતદાન થશે. ભાજપના નેતા રમેશ ભાભોરના પુત્ર વિજય ભાભોરે બુથ કેપ્ચર કરતા વિવાદ થયો હતો. જિલ્લા ચૂંટણી અધિકારીએ ચૂંટણી પંચને રિપોર્ટ સોપ્યો હતો.

# અમદાવાદમાં ઠગાઈ કેસમાં દંપતિને ૨૫ વર્ષે સજા અને દંડ

અમદાવાદ,
અમદાવાદ શહેરના આશ્રમરોડ પર આવેલી ફેડરલ બેંકમાં ખોટા દસ્તાવેજોના આધારે ૨૫ વર્ષ પહેલા ધિરાણ મેળવીને રૂ. ૮૯ લાખની ઠગાઈ કરવાના કેસમાં મેટ્રોપોલિટન કોર્ટમાં સિનિર સિઝિઝન દંપતીને ૭ વર્ષની સજા અને રૂપિય ૫૦-૫૦ હજાર દંડ ફટકારતો ચુકાદો આપવામાં આવ્યો છે.

કોર્ટે સજા ફટકારતા કહ્યું કે, આરોપીઓએ ફેડરલ બેંકમાંથી ખોટા દસ્તાવેજોના આધારે કેશ ક્રેડિટ –ધિરાણ મેળવીને ગુનો આચર્યો હોવાનું પુરવાર થાય છે. જો તેમની સજા ઓછી કરવામાં આવે તો છેતરપિંડી કરનારાઓને પ્રોત્સાહન મળશે. કડ઼ક સજા કરી સમાજમાં દાખલો બેસાડવો જરૂરી છે.

શહેરના થલતેજ વિસ્તારમાં રહેતા આરોપી દીપક પંડ્યા અને છાયાબેન પંડ્યાએ આશ્રમરોડ પર આવેલી બેંકમાં વર્ષ ૧૯૯૯માં બોગસ દસ્તાવેજોના આધારે ૮૯ લાખની લોન લીધી હતી. જોકે, લોન ન ભરતાં સીઆઈડી ક્રાઈમ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. દંપતી વિરૂદ્ધ તપાસ કરી જરૂરી પુરાવા એકત્ર કરી અદાલતમાં ચાર્જસીટ રજૂ કરી હતી. ૧૫ સાક્ષીઓ અને ૯૪ દસ્તાવેજોના આધારે કેસ પુરવાર કરવામાં આવ્યો હતો.

# રાજ્યની ૨૫ આંગડિયા પેઢી પર ૪૦ અધિકારીઓની ટીમના દરોડા

## આંગડિયા પેઢી દ્વારા ખોટા વ્યવહારોની બાતમી મળી હતી : ૧૦ કરોડ, ૧ KG સોનું મળતા ઈન્કમટેક્સની ટીમ તપાસમાં જોડાઈ

અમદાવાદ
રાજ્યભરની અલગ અલગ આંગડિયા પેઢી પર CID ક્રાઈમે દરોડા પાડ્યા હતા. બોગસ એકાઉન્ટ અંગેની ફરિયાદ મળતાં CID ક્રાઈમ દ્વારા અમદાવાદના સીજી રોડ પર આવેલા ઈસ્કોન આર્કેડની અનેક આંગડિયા પેઢી સહિત રાજ્યભરમાં ૨૫થી વધુ જગ્યાઓ પર આંગડિયા પેઢી પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ૧૦ કરોડ રોકડા અને એક કિલો સોનું મળી આવતા ઈન્કમટેક્સ વિભાગની ટીમ તપાસમાં જોડાઈ હતી. બપોરના સમયથી મોડી સાંજ સુધી દરોડા પાડ્યા હતા. જેમાં પોલીસ દ્વારા સર્ચ કરવામાં આવ્યું હતું.

રાજ્યભરની આંગડિયા પેઢીઓ પર બોગસ એકાઉન્ટ અને પેઢીઓના ખોટા વ્યવહારોની ફરિયાદોને આધારે CID ક્રાઈમે દરોડા પાડ્યા હતા. આ દરોડાને લઈ આંગડિયા પેઢીઓના સંચાલકોમાં ફફડાટ જોવા મળ્યો છે. સમગ્ર રાજ્યમાં ૨૫ જગ્યાઓ પર ૪૦ અધિકારીઓની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. અમદાવાદમાં સીજી રોડ પરની એક પઢીમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ સમગ્ર રાજ્યમાં દરોડા દરમિયાન ૧૦ કરોડ રિકવર પણ કરાયા છે.

અમદાવાદના સીજી રોડ પર આવેલા ઈસ્કોન આર્કેડમાં અનેક આંગડિયા પેઢી આવેલી છે.

# વડોદરામાં ચૂંટણી દરમિયાન ભાજપના કાર્યકરે મહિલા કોર્પોરેટરની છેડતી કરી

વડોદરા,
લોકસભાની ચૂંટણીમાં મતદાન સમયે ભાજપ કાર્યકરે ભાજપ મહિલા કોર્પોરેટરની છેડતી કર્યાનો વડોદરામાં આક્ષેપ ઉઠ્યો છે. વડોદરાના કમલાનગર ખાતેના બૂથની આ ઘટના છે. જેમાં ભાજપ મહિલા કોર્પોરેટરે પોલીસ કમિશનરને ભાજપ કાર્યકર હિરેન બ્રહ્મભટ્ટ વિરુદ્ધ અરજી આપી છે. ભાજપ મહિલા કોર્પોરેટરે આક્ષેપ કર્યો કે, યુવકે મારો હાથ પકડી અસભ્ય વર્તન કર્યું છે.

ગુજરાતભરમાં ૭ મેના રોજ મતદાન થયુ હતું. જેમાં વડોદરામાં પણ શાંતિથી મતદાન થયુ. આ વચ્ચે કમલાનગર બૂથ પર માહોલ ગરમાયો હતો. આ ઘટના બાદ ભાજપની મહિલા કોર્પોરેટરે બૂથ પર ભાજપના કાર્યકર્તા હિરેન બ્રહ્મભટ્ટ સામે આક્ષેપ કર્યો છે. હિરેન બ્રહ્મભટ્ટ સ્વામી વિવેકાનંદ ગુજરાત સ્ટેટ યૂથ બોર્ડના સેન્ટ્રલ ગુજરાત ઝોનનો ઈન્ચાર્જ તેમજ ભાજપના ઓબીસી મોરચામાં કારોબારી સભ્ય છે. મહિલા કોર્પોરેટરે આક્ષેપ કરતા કહ્યું કે, મલાનગર બૂથ પર ભાજપના મહિલા નેતા અને ભાજપના કાર્યકર વચ્ચે ચકમચ ઝરી હોવાનું સામે આવ્યું છે. વડોદરા શહેરમાં ભાજપના મહિલા કોર્પોરેટર મતદાન પ્રક્રિયા દરમિયાન મતદાન મથકે ગયા હતા અને બુથ એજન્ટ સાથે વાતચીત કરી રહ્યા હતા.

# સુરત : આઈ.ટીના દરોડામાં ૫૦૦ કરોડના હિસાબી ગોટાળા મળ્યા

## ટેક્સટાઈલ ક્ષેત્રે જાણીતા ગ્રૂપનાં ૧૨ સ્થળો પર આવકવેરા વિભાગે કાર્યવાહી કરી

સુરત
સુરતમાં ગઈકાલે આવકવેરા વિભાગે મોટી કાર્યવાહી કરી હતી અને ટેક્સટાઈલ ક્ષેત્રના જાણીતા ઐશ્વર્યા ગ્રૂપના ૫ સ્થળે દરોડા પાડ્યા હતા. ત્યારે હવે આવકવેરા વિભાગે આગળની કાર્યવાહી કરી ઐશ્વર્યા ગ્રૂપના કુલ ૧૨ સ્થળે દરોડાની કામગીરી હાથ ધરી છે. ૧૦૦ થી વધુ અધિકારીઓની અલગ અલગ ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર, અત્યાર સુધી અંદાજે ૫૦૦ કરોડના હિસાબી ગોટાળા મળી આવ્યા છે. સાથે જ મસમોટી રોકડ, ૫ બેંક લોકર્સ અને કરોડોના કિંમતી દાગીના કબજે કરવામાં આવ્યા છે. આ મામલે આઈટી વિભાગ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન પૂર્ણ થતા જ સુરતમાં આવકવેરા વિભાગ હરકતમાં આવ્યું છે અને મોટી કાર્યવાહી કરી છે. ગઈકાલે સુરતમાં ટેક્સટાઈલ ક્ષેત્રના જાણીતા ઐશ્વર્યા ગ્રૂપના ૫ સ્થળે દરોડા પાડ્યા હતા. ૪૦ થી વધુ અધિકારીઓની આવકવેરા વિભાગની ટીમ લગભગ એક સાથે જ ૫ જગ્યાએ આ દરોડા પાડ્યા હતા.

# મુસ્લિમ પરિવારને હજ માટે આખા ગામે મદદ પૂરી પાડી

પાલનપુર,
વિશ્વમાં માનવતાએ સૌથી મોટો ધર્મ અને તેની પ્રતીતિ કરાવતું ગામ એટલે બનાસકાંઠાના પાલનપુર તાલુકાનું રૂપપુરા ગામ જ્યાં કોમી એકતાના દર્શન થાય છે. હિન્દુ સમાજના આ ગામમાં વર્ષોથી એક જ મુસ્લિમ પરિવારનું ઘર છે અને આ મુસ્લિમ પરિવાર સાથે હિન્દુ સમાજના લોકોનો વર્ષોથી એવો ઘરોબો છે કે આજે મુસ્લિમ ધર્મમાં પવિત્ર ગણાતા મક્કા ધામ હજ યાત્રા માટે આ મુસ્લિમ પરિવારને આખા ગામે તમામ મદદ પૂરી પાડી હજ માટે વિદાય આપતા કોમી એકતાના ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

બનાસકાંઠાના પાલનપુર તાલુકાનું રૂપપુરા ગામ જે સમગ્ર ગામમાં હિન્દુ સમાજના લોકો રહે છે. પરંતુ આ ગામમાં વર્ષોથી એક મુસ્લિમ પરિવાર પણ રૂપપુરા ગામમાં વસવાટ કરી રહ્યું છે. આમ તો એવું જોવા મળતું હોય છે કે હિન્દુ અને મુસ્લિમ સમાજની જ્યારે વાત આવે ત્યારે લોકોનો નજરિયો બદલાઈ જતો હોય છે.

# શિક્ષક તુષાર ભટ્ટની કારમાંથી પોલીસે ૭ લાખ રોકડ જપ્ત કર્યા

## ૧૦ લાખ પાસ કરવા નક્કી કર્યા હતા : ગોધરામાં ફરિયાદ નોંધાઈ

અમદાવાદ,
NEET પરીક્ષા કૌભાંડ કેસમાં પોલીસે તુષાર ભટ્ટ નામના શિક્ષકની કારમાંથી મુદ્દામાલ ઝડપ્યો છે. ૭ લાખ રોકડા અને કારની RC બુક અને મોબાઈલ કબજે કર્યો છે NEET પરીક્ષા કૌભાંડને લઈને મહત્વની અપડેટ સામે આવી છે. પોલીસે તુષાર ભટ્ટ નામના શિક્ષકની કારમાંથી મુદ્દામાલ ઝડપ્યો છે. ૭ લાખ રોકડા અને કારની RC બુક અને મોબાઈલ કબજે કર્યો છે. અત્રે જણાવીએ કે, રવિવારે લેવાયેલી ન્રઈઈ્‌ની પરીક્ષામાં ઉંચા માર્ક માટે પૈસા નક્કી કરાયા હતાં. જેમાં એક વિદ્યાર્થી દીઠ ૧૦ લાખનો કૌભાંડ નક્કી થયાનો ઘટસ્ફોટ થયો હતો.

ગોધરા સ્થિત જય જલારામ સ્કૂલમાં ફિઝિક્સના શિક્ષક તરીકે તુષાર ભટ્ટ નોકરી કરતો હતો. જે તુષાર ભટ્ટ સહિત ૩ શખ્સો સામે NEETની પરીક્ષામાં કૌભાંડ આચરવાની કોશિશને લઈ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે

તુષાર ભટ્ટના બે ફોનની તપાસ કરતા એક ફોનમાંથી વ્હોટ્સએપ ચેટ મળી હતી. જેમાં પરશુરામ રોય નામની ચેટમાં ત્રણ ફોટા મળી આવ્યા હતા.

# પ્રેમપ્રકરણમાં યુવાનની હત્યા બાદ મામલો બિચક્યો, હાઈવે ચક્કા જામ

સુરેન્દ્રનગર
ચોટીલા તાલુકાના રાજાવડ ગામના યુવાનની સીમમાંથી સળગેલી હાલતમાં લાશ મળતા ચકચાર મચી જવા પામી છે. મૃતક યુવાનની શંકાસ્પદ હાલતમાં લાશ મળતા મૃતક યુવાનની હત્યાની આશંકા સાથે પરિવારજનો અને સમાજના લોકોએ ન્યાય આપવાની માંગ સાથે ચોટીલા હાઈવે ચક્કાજામ કરતા તંગદીલીનો માહોલ છવાઈ ગયો હતો.

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના રાજાવડ ગામની સીમમાંથી રાજાવડ ગામના જ દીલીપભાઈ મુળાભાઈ વાઘેલાની સળગેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. આ બનાવ અંગે જાણ થતાં લીંબડી ડીવાયએસપી તેમજ ચોટીલા પોલીસ ટીમ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકની લાશનો કબજો લઈ મોતનું સાચું કારણ જાણવા માટે લાશને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ મોકલવામાં આવી હતી.

આ બનાવમાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક યુવાનને દેવસર ગામની સગીરા સાથે પ્રેમસંબંધ હતો.

# ઝઘડિયામાંથી પાકિસ્તાની જાસૂસની ધરપકડ

## ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપ દ્વારા પહોંચાડતો હતો માહિતી



ગાંધીનગર,
ગાંધીનગર સી આઈ ડી ક્રાઈમની ટીમ દ્વારા ભરૂચના ઝઘડિયામાંથી પાકિસ્તાની જાસૂસના આરોપસર એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આ સમાચાર મળતાની સાથેજ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સી આઈ ડી ક્રાઈમ પોલીસની ટીમ દ્વારા પકડાયેલ વ્યક્તિએ, મિસાઈલ તથા ડ્રોનની ટેકનોલોજીની મહત્વની માહિતી પાકિસ્તાનને પહોંચાડી હોવાનું સામે આવ્યું છે. ઈસ્લામાબાદ અને કરાંચી સ્થિત પાકિસ્તાની જાસૂસી સંસ્થાને માહિતી હતી. પાકિસ્તાન આર્મીના હેન્ડલરને પણ માહિતી પહોંચાડતો હોવાનું સામે આવ્યું છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપ દ્વારા પહોંચાડતો હતો માહિતી. પોલીસની ટીમ દ્વારા તેની ધરપકડ કરી આગળની પૂછપરછ સાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# અમદાવાદમાં રાજ્યની પ્રથમ પાસપોર્ટ સેવા વાન ખુલ્લી મૂકાશે

અમદાવાદ
અમદાવાદ શહેરમાં થોડા જ દિવસોમાં પાસપોર્ટ વાન સેવા શરૂ થશે. રાજ્યમાં પ્રથમ વખત આજે અમદાવાદ શહેરમાં પાસપોર્ટ વાનને ગુલબાઈ ટેકરા ખાતે આવેલા રિજનલ પાસપોર્ટ કચેરી ખાતે ખુલ્લી મૂકાશે. અરજદારોને ઓનલાઈન અપોઈન્ટમેન્ટ માટે ઓનલાઈન પાસપોર્ટ સેવા વાનનો વિકલ્પ આપવામાં આવશે.

પાસપોર્ટ સેવા વાનમાં બે ટેબલો લગાવવામાં આવ્યા છે. આ વાનને એસીથી પણ સજ્જ કરવામાં આવ્યું છે. આ વાનની અંદર બે કોમ્પ્યુટર ચાલી શકે અને બે કર્મીઓ બેસી શકે તેવી વ્યવસ્થાઓથી સજ્જ કરાયું છે. ચંદીગઢ સહિતના ઘણા શહેરોમાં સફળતા મળ્યા બાદ અમદાવાદમાં પણ આ સેવા શરૂર થશે.

આ પ્રોજેક્ટને સફળથા મળ્યા બાદ વધુ ૨ વાનને કાર્યરત કરાશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ સુવિધાને પગલે વધતા વેઈટિંગ પિરિયડમાં ઘટાડો જોવા મળશે અને લોકોને ઘર આંગણે આ વ્યવસ્થા થાય તે માટે તેના સમયાંતરે લોકેશનને બદલવાનું પણ જાણવા મળ્યું છે.

# અમદાવાદ શહેરમાં ૩૦ દિવસમાં ૨૬ બિનવારસી મૃતદેહો મળતા ખળભળાટ

અમદાવાદ,
અમદાવાદમાંથી ગત એક મહિનામાં ૨૬ બિનવારસી મૃતદેહ મળી આવ્યા છે. એટલે કે દર ૨૮ કલાકે શહેરના રસ્તા, ફૂટપાથ કે સૂમસામ જગ્યાએથી એક વ્યક્તિનું શબ તેના પરિવાર પહેલાં પોલીસને હાથ આવે છે. આ પોલીસ ચોપડે નોંધાયેલો આંકડો છે. મોટેભાગે મૃતદેહના પરિવાર સાથે સંપર્ક થઈ જાય છે. પણ કેટલાક એવા કિસ્સા બને છે જ્યાં પોલીસ મૃતકના પરિવાર સુધી પહોંચી શકતી નથી.

અમદાવાદ શહેરમાંથી ગત ૧થી ૩૦ એપ્રિલ સુધી ૧૧ વિસ્તારમાંથી ૨૬ બિનવારસી મૃતદેહ પોલીસને મળી આવ્યા હતા. તે પૈકી ૨૦ પુરૂષ તેમજ ૬ મહિલાઓના શબ હતાં. સૂત્રોના જણાવ્યા અનુસાર મોટાભાગે આત્મહત્યા, અકસ્માત અને ટ્રેન સાથે અથડામણ થતાં મૃત્યુ પામેલા વ્યક્તિઓના મૃતદેહ બિનવારસી હાલતમાં મળે છે.

ખાસ કરીને ભિક્ષાવૃત્તિ કરતા, ફૂટપાથ કે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોના શબ વાલીવારસ વગરના હોય છે. સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિનું નિધન થાય ત્યારે પરિવાર દ્વારા તેમની સામાજિક રીત રીવાજ મુજબ અંતિમવિધિ કરવામાં આવે છે. પરંતુ આ પ્રકારના મૃતદેહ મળ્યા બાદ પ્રથમ તેનું પોસ્ટમોર્ટમ કરી તેને સરકારી દવાખાનાના કોલ્ડ સ્ટોરેજમાં મૂકવામાં આવે છે. બાદમાં પ્રાપ્ત વિગતો સરકારી વેબસાઈટ પર પ્રકાશિત કરી તેમજ આસપાસના વિસ્તારમાં ગુમ થયેલા લોકોની વિગતો એધારે મૃતકના પરિવારનો સંપર્ક કરવામાં આવે છે. તેમ છતાં જ્યારે એક અઠવાડિયા સુધી મૃતકની ઓળખ ન થાય ત્યારે સેવાભાવી સંસ્થા દ્વારા કાયદાકીય રીતે તેના અંતિમ સંસ્કાર કરવામાં આવે છે. મોટે ભાગે મૃતદેહ જ્યાંથી મળી આવ્યો હોય ત્યાંના સ્થાનિકો દ્વારા પોલીસને આ અંગે જાણ કરવામાં આવે છે.

# પીરાણામાં ધાર્મિક સ્થળમાં તોડફોડ કરનાર ૫૦થી વધુ લોકોની પોલીસે કરી ધરપકડ

## કાવતરામાં સામેલ લોકોની વીડિયો મારફતે ઓળખ શરૂ



અમદાવાદ
અમદાવાદ નજીક આવેલા પીરાણા ગામમાં ઈમામશાહ બાવાની દરગાહમાં કેટલીક કબરોને તોડી પાડવામાં આવી હતી. અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા આ મામલે હત્યાની કોશિશ, રાયોટિંગ અને ધાર્મિક લાગણી દુભાયા અંગેની બે ફરિયાદો નોંધી ૫૦થી વધુ લોકોની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા આ સમગ્ર કાવતરા મામલે અને આ ઘટનામાં કોણ કોણ વ્યક્તિઓ સામેલ હતા તેને લઈને સીસીટીવી ફૂટેજ તેમજ વીડિયો મારફતે તપાસ શરૂ કરી છે. પીરાણા ખાતે આવેલા ઈમામશાહ દરગાહ ખાતે હાલ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

અમદાવાદ જિલ્લા પોલીસ વડા ઓમ પ્રકાશ જાટે જણાવ્યું હતું કે, પીરાણા ગામમાં આવેલા ધાર્મિક સ્થળ પર કેટલાક લોકો દ્વારા ધાર્મિક જગ્યા તોડવામાં આવી હોવા અંગેની જાણ થઈ હતી. જેથી પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ૧૦૦થી વધુ લોકોના ટોળા દ્વારા તોડફોડ અને સામ સામે હુલો કરવામાં આવ્યો હતો. જેમાં કેટલાક પોલીસકર્મી પણ ઘાયલ થયા હતા. આ મામલે પોલીસે સ્થળ પરથી જ કેટલાક લોકોની ધરપકડ કરી હતી. જેમની પૂછપરછમાં અનેક લોકોના નામ બહાર આવ્યા છે. પૂછપરછમાં નામ બહાર આવ્યા તે લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર કાવતરામાં સામેલ લોકોની ઓળખ કરવામાં આવી છે. પોલીસના વીડિયો, સોશિયલ મીડિયાના વીડિયો અને સીસીટીવી ફૂટેજ મારફતે લોકોની ઓળખ કરવામાં આવી રહી છે.

# રાજયના ૨ ૨ ૨ ન્યાયાધીશોની બદલીનો આદેશ

## પાલનપુરના જે. એન. ઠક્કર, પી.જે. તમાકુવાલા, જૂનાગઢના એસ.એ.શેખ, સુરતના વી.એ. રાણા, સી.વી. રાણાને રાજકોટ મુકાયા

રાજકોટ:રાજયના ૨૨૨ ન્યાયાધીશોની બદલીનો આદેશ થયો છે. જેમાં ડીસ્ટ્રીકટ જજ કેડરના ૭૮, સિવિલ જજ કેડરના ૫૬ અને સિનિયર સિવિલ જજ કેડરના ૮૮ ન્યાયાધીશોને બદલી અપાઈ છે. પાલનપુરના જે. એન. ઠક્કર, પી.જે. તમાકુવાલા, જૂનાગઢના એસ.એ.શેખ, સુરતના વી.એ. રાણા, સી.વી. રાણાને રાજકોટ મુકાયા છે. રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી એન.એચ. નંદાણીયાને રાજકોટના પાંચમા એડી. સિનિયર સિવિલ જજ તરીકે બદલી અપાઈ છે, તેમના સ્થાને કે.એમ. ગોહેલને જવાબદારી અપાઈ છે.ડીસ્ટ્રીક જજ કેડરના ન્યાયાધીશોમાં રાજકોટના જે.આઈ. પટેલને અમદાવાદ રૂરલ, બી.બી.જાદવને અમદાવાદ સિટી સિવિલ કોર્ટ, એચ.એચ. વર્માને ગાંધીનગર જોઈન્ટ સેક્રેટરી (લીગલ), ભાવનગરના એચ.એન. રામાવતને અમદાવાદ સિટી, જામનગરના એ.બી. ભટ્ટને અમદાવાદ સિટી, સાવરકુંડલાના ડી.એસ. શ્રીવાસ્તવને અમરેલી, ભાવનગરના પીઆઈ પ્રજાપતિને અમદાવાદ, તળાજાના એચ.એમ. વ્યાસને સુરત, પોરબંદરના એમ.કે. ભટ્ટને જામનગર, ભુજના પી.એમ. ઉનડકટને અમદાવાદ, જામનગરના એ.એસ. વ્યાસને અમદાવાદ રૂરલ, સુરેન્દ્રનગરના એ.આર. દેસાઈને ગાંધીનગર, ખંભાળીયાના વિજય અગ્રવાલને જામનગર, જામનગરના એ.એ. વ્યાસને અમદાવાદ, જીએસએલએસએ, લીંબડીના એસ.પી. શંકરને છોટાઉદેપુર બોડેલી, જામનગરના એમ.આર. ચૌધરીને અમદાવાદ, ઉનાના આર.એમ. અસોડીયાને દાહોદ ફેમિલી કોર્ટ, મહુવાના ડી.સી. ત્રિવેદીને રાજુલા, સોમનાથ વેરાવળના કે.જે. દરજીને ઉના, બારડોલીના એસ.એસ. શેઠીને સાવરકુંડલા, સુરતના એ.એચ. સીબીઆને ભુજ, બોડેલીના અંદલીપ તિવારીને ભચાઉ, ડીસાના આર.વી. મનદાણીને જામનગર, અમદાવાદ રૂરલના એમ.બી. રાઠોડને ભાવનગર, વડોદરાના એ.એસ. પાટીલને મહુવા, રાજુલાના એમ.એસ. સોનીને અમરેલી ફેમીલી કોર્ટ, પાલનપુરના જે.એન. ઠકકરને રાજકોટ, સુરતના બી.એ. રાણાને રાજકોટ, ધોળકાના આર.એ. નાગોરીને તળાજા, પાલનપુરના પી.જે. તમાકુવાલાને રાજકોટ, ભચાઉના પી.ટી. પટેલને લીંબડી, હિંમતનગરના એમ.એ. કડીવાલાને સુરેન્દ્રનગર મુકાયા છે. સિનિયર સિવિલ જજ કેડરના ન્યાયાધીશોમાં રાજકોટના કે.એસ. મખીજાને આણંદ, એ.આર. ટાપીયાવાલાને પંચમહાલ શહેર, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી એન.એચ. નંદાણીયાને રાજકોટના પાંચમા એડી. સિનિયર સિવિલ જજ તરીકે બદલી અપાઈ છે. તેના સ્થાને રાજકોટના કે.એમ. ગોહેલને બદલી મળી છે. સુરતના સી.બી. રાણાને રાજકોટ, યુ.એન. સિંધીને ભાવનગર, અમદાવાદના ઝેડ.એ. સિંધીને રાજકોટ, ભરૂચના લેબર કોર્ટ જજ એન.એ. ઈજનેરને મોરબી, નર્મદાના એ.વાય. વાકાણીને જુનાગઢ લેબર કોર્ટમાં બદલી અપાઈ છે. સિવિલ જજોમાં રાજકોટના જે.એલ. પરમારને સુરત, રાજકોટ રેલવેના એ.એસ. ખંડેલવાલ રાજકોટના ૪થા એડી. સિવિલ જજ તરીકે બદલી મળી છે. રાજકોટના એમ.બી. રાવલને રાજકોટ રેલવે, જે.એલ. પરમારને બારડોલી બદલી અપાઈ છે.

# રાજકોટમાં પરિણીતા સાથેના આડા સંબંધ કેસમાં આરોપીને ત્રણ વર્ષની કેદ

રાજકોટ,રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર આવેલા હુડકો ક્વાર્ટરમા ઘરકામ કરવા જતી પરિણીતા સાથે આડા સંબંધ રાખી હેરાન કરતા ઘરકામ છોડાવી દેતા જેનો ખાર રાખી પરણીતાના પતિને માર મારવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે બે ભાઈ સહિત ચાર શખ્સોને તકસીરવાન ઠેરવી ૩ વર્ષની સજા અને દંડનો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા રોડ પર આવેલા હુડકો ક્વાર્ટર માં રહેતા યુવાનને પાડોશી કલ્પેશ ઉર્ફે અલ્પેશ બીપીન સેદાણી, ભાવેશ બીપીન સેદાણી, જીગ્નેશ શિવુભા પરમાર અને અતુલશિહ છનુભા રાઠોડ એ માર માર્યા અંગેની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ફરિયાદીના પત્ની આરોપી કલ્પેશ ઉઠે અલ્પેશ બીપીન સેદાણીના ઘરે ઘરકામ કરવા જતાં બંને વચ્ચે આંખ મળી જતા આડા સંબંધ બંધાયા હતા અને પરણી તને હેરાન કરતા હોવાથી તેના પતિએ હેરાન કરવાની ના પાડતા અને ઘરકામ છોડાવી દેતા જેનું મન દુખ અને ખાર રાખી ચારેય શખ્સોએ પરણીતાના પતિને માર માર્યાનું જણાવ્યું હતું. ભક્તિનગર પોલીસે તમામ શખ્સોની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવી હતી બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એપીપી ડી.કે.શ્રીમાળી ઉપસ્થિત રહી સાહેદો, પંચ, તપાસનીશ અને તબીબ ને તપાસવામાં આવેલા અને ફરિયાદીએ ફરિયાદને સમર્થન આપેલું તેમજ ફરિયાદીના પત્નીએ તમામ શખ્સને ઓળખી બતાવેલા બાદ દલીલ કરવામાં આવેલી તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદોઓ ધ્યાને લઈ ન્યાયધીશ એમ.જી શાહે ચારેય શખ્સોને અલગ અલગ કલમ હેઠળ તકસીરવાન ઠેરવી અને ત્રણ વર્ષની સજાનો હુકમ કરી અને દંડ ફટકારવામાં આવ્યો છે.

# એસ.ટી.ના ત્રણ કંડકટરો ‘કટકી’ કરતા ઝડપાયા



રાજકોટઃ રાજકોટ એસ.ટી. વિભાગની લાઈન ચેકીંગ સ્કવોડ અને વિજીલન્સની ટીમોએ ગત માસ દરમ્યાન પણ હાઈવે ઉપર એસ.ટી. બસો અને શહેરી વિસ્તારમાં મુસાફરોની ગેરકાયદેસર હેરફેર કરતા વાહનોનું ચેકીંગ હાથ ધરી દંડાત્મક કાર્યવાહી કરી હતી. આ અંગેની એસ.ટી. વિભાગનાં સૂત્રોમાંથી લાઈન ચેકીંગ સ્કવોડએ ગત માસ દરમ્યાન જુદા જુદા રૂટોની ૧૦૫૬ બસો ચેક કરી હતી. આ ચેકીંગ દરમ્યાન ત્રણ કંડકટરો કટકી કરતા ઝડપાઈ ગયા હતા. આ કંડકટરોએ મુસાફરો પાસેથી પૈસા લઈ ટીકીટ નહીં આપ્યાનું બહાર આવેલ હતું. જયારે, આ ચેકીંગ દરમ્યાન જ ૧૫ ખુદાબક્ષ મુસાફરો પણ મફતમાં મુસાફરી કરતા ઝડપાઈ ગયા હતા. આવા મુસાફરો પાસેથી રૂા.૭૪૫૩નો દંડ વસુલવામાં આવેલ હતો. જયારે વિજીલન્સની ટીમોએ શહેરી વિસ્તારમાં હાથ ધરેલા ચેકીંગ દરમ્યાન ૧૦૦ ખાનગી વાહનો ગેરકાયદેસર મુસાફરોની હેરફેર કરતા અને નો-પાર્કિંગ ઝોનનો ભંગ કરતા ઝડપાઈ જતા તેઓનાં વાહનો ડિટેઈન કરવામાં આવી કુલ રૂા.૧.૧૨ લાખનો દંડ વસુલવામાં આવેલ હતો.

# હું નિલેશ ગીર સોમનાથવાળો કહીં પીઠડીયા ટોલનાકાના કર્મીનો યુવક પર હુમલો

રાજકોટ:પીઠડીયા ટોલનાકા પર કાર પાછળ લેવાં મામલે વિરપુરના યુવક પર ટોલનાકાના કર્મી ગીર સોમનાથના નિલેશ નામના શખ્સે હુમલો કર્યો હતો. બનાવ અંગે વિરપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.બનાવ અંગે વિરપુરમાં સતીમા રોડ પર રહેતાં હર્ષિલભાઈ સુરેશભાઈ ડોબરીયા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નિલેશ (રહે. ગીર સોમનાથ) નું નામ આપતાં વીરપુર પોલીસે આઈપીસી કલમ ૩૨૩,૫૦૪,૫૦૬, (૨) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે ગઈ તા.૦૭/૦૫/૨૦૨૪ ના ધોરાજીની હોટલમાં તેની પત્ની, બહેન સહિત પાંચ લોકો ડીનર માટે ગયેલ હતા. તેઓ ધોરાજીથી ડીનર કરી પરત આવતા ત્યારે આશરે સાડા દશેક વાગ્યે પીઠડીયા ટોલનાકા પાસે તેમની કાર લઈને આવતા ગાડીમાં



ફાસ્ટટેગમાં રીચાર્જ ન હોય જેથી ટોલનાકા વાળા ભાઈએ કહેલ કે, તમે મને ૧૦૦ રૂપીયા ભરી દો અને ગાડી આગળ ઉભી રાખો.જેથી તેમને કહેલ કે, મારે રીચાર્જ છે તેમાંથી કાપી લો અને તાત્કાલિક જ ગુગલ પે થી રીચાર્જ કરેલ હતું. જેથી ટોલનાકા વાળા ભાઈએ કહેલ કે, તમે અડધી કલાક ઉભા રહો પછી તમારા ફાસ્ટેગમાંથી રૂપીયા કપાશે તું અડધી કલાક ઉભો રહે જેથી તેઓએ ગાડીનો દરવાજો ખોલેલ અને ગાડી પાછળ ચાર ફોર વ્હીલ ઉભેલ હતી. તે ભાઈ રીવર્સ લેવડાવતા હોય અને દરમ્યાન બીજા ભાઈ તેમની પાસે આવેલ અને કોલર પકડી બહાર ખેચેલ જેથી તેમને કહેલ કે, તમે કોણ છો મારો કોલર કેમ પકડી શકો.જેથી તે શખ્સે કહેલ કે, હું નીલેષ ગીર સોમનાથ વાળો છુ, કહી ગાળો આપી ઉશ્કેરાઈ જઈ ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. દરમિયાન તેઓની પત્ની ગાડીમાંથી બહાર નીકળતા ધક્કા મુક્કીમાં તેને પણ ઈજા પહોંચી હતી. બનાવ સ્થળે લોકો એકઠાં થઈ જતાં આરોપીએ કહેલ કે, આ વખતે આ બધા આવી ગયા એટલે તું બચી ગયેલ છો હવે ફરીવાર ટોલનાકે આવીશ એટલે તને લાકડીથી માર મારીને પતાવી દેવો છે તેમ કહી નાસી છૂટ્યો હતો. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, આરોપી પીઠડીયા ટોલનાકાનો કર્મી છે અને તે અચાનક જ ઘસી આવી ઝઘડો કરી મારામારી કરવાં લાગ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી વિરપુર પોલોસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનઃ ૧૮ના રોજ જનરલ બોર્ડ

રાજકોટઃ મ્યુનિ. કોર્પોરેશનની દ્વિમાસિક સાધારણ સભાની બેઠક આગામી તા.૧૮ના શનિવારે સવારે ૧૧ કલાકે મેયર નયનાબેન પેઢડીયાએ બોલાવી છે. હાલ રાજકોટ સહિત પૂરા રાજયમાં અને દેશમાં ચૂંટણી આચારસંહિતા લાગુ છે. આ સંજોગોમાં સ્ટે.કમીટી કે સામાન્ય સભામાં કોઈ કાર્યવાહી કરી શકાતી નથી. બેઠકોમાં દરખાસ્તો પેન્ડીંગ રહે છે. તા.૧૮ના બોર્ડમાં પણ તમામ દરખાસ્ત પેન્ડીંગ રહેશે. બે મહિનામાં ઓછામાં ઓછી એક બેઠક બોલાવવાનો નિયમ હોય, આ સભા બોલાવવામાં આવી છે. બોર્ડના એજન્ડામાં જે પાંચ દરખાસ્ત પેન્ડીંગ રહેશે તેમાં ટીપી-૩ નાના મવા ચોકમાં આવેલ પ્લોટની હરાજી રદ કરવા, કર્મચારીઓને પગાર પંચ અંગેની વિસંગતતા દુર કરવા, એક્રોચમેન્ટ રીમુવલ ઈન્સ.ની ૯ જગ્યા કાયમી કરવા, વોર્ડ નં.૧૨ના વાવડીના રામનગરમાં પીવાના પાણીની સુવિધા આપવા, કડીયાનાકાથી નજીકના વિસ્તારમાં શ્રમિક બસેરા માટે જમીન ફાળવવા અંગેની દરખાસ્તોનો સમાવેશ થાય છે.

# ૨૧ વર્ષીય પરિણીતાનો આપઘાત, પતિએ હાર્ટએટેકની સ્ટોરી ઉભી કરી’તી

## ફોરેન્સિક પીએમમાં હકીકત સામે આવી, પ્રદ્યુમનનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી

રાજકોટ:શહેરની વાલ્મીકી વાડીમાં ૨૧ વર્ષીય પરિણીતાએ આપઘાત કર્યો હતો. જોકે સત્ય છુપાવવા પતિએ હાર્ટ એટેકની સ્ટોરી ઉભી કરી હતી. પ્રથમ હોસ્પિટલમાં દાખલ કરી ત્યારે બેભાન થઈ ઢળી પડ્યાનું કહ્યું હતું. પછી ફોરેન્સિક પીએમમાં હકીકત સામે આવી હતી. માવતર પક્ષને શંકા છે દુ:ખ ત્રાસથી તેની દીકરીએ આપઘાત કર્યો હતો. આ મામલે પ્રદ્યુમનનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગત મુજબ, મૃતકના પતિએ પહેલા પોલીસમાં વિગત આપી હતી કે, તેની પત્ની આરતીબેન દિપકભાઈ ગોહીલ (ઉ.વ.૨૧, જામનગર રોડ પર વાલ્મીકી વાડી) ગઈકાલે સાંજના ૬ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતી. ત્યારે છાતીમાં દુઃખાવો ઉપડયા બાદ બે-ભાન થઈ ઢળી પડી હતી. જેમને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કરી હતી.પતિએ કહ્યા મુજબ, સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. વધુમાં મૃતકના લગ્ન ત્રણ વર્ષ પહેલાં થયેલ અને તેના પતિ સિવિલ



હોસ્પિટલમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે. મૃતક ચાર બહેન એક ભાઈમાં સૌથી મોટી અને તેને સંતાનમાં એક પુત્રી છે. આ ઘટના પછી આરતીના પતિ સહિતના પરિવારે આરતીના માવતર પક્ષને જાણ કરી હતી.જેથી માતા-પિતા સહિતના રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આવી પહોંચ્યા હતા. આરતીના એક મામા કેતનભાઈ પોરબંદર રહે છે. તેઓ પણ રાજકોટ હોસ્પિટલે પહોંચ્યા હતા. અહી તેણે જાણ્યું કે, આરતી ઘરે હતી ત્યારે તેને ઉલ્ટી થઈ હતી. જેથી મામાએ શંકા વ્યક્ત કરી હતી કે, હાર્ટ એટેક આવ્યો તો ઉલ્ટી કેમ થઈ? માવતર પક્ષે આ અંગે પોલીસને રજુઆત કરતા ફોરેન્સિક પીએમ કરાયું હતું અને આરતીનું હાર્ટ એટેકથી નહીં પણ ઝેરી દવા પીવાના કારણે થયું હોવાનું સ્પષ્ટ થયું હતું. માવતર પક્ષે આક્ષેપ કર્યો છે કે, આરતીએ થોડા દિવસો પહેલા જ તેની નાની બહેનને ફોન કરી કહ્યું હતું કે, તેના પતિ દિપકને અન્ય કોઈ યુવતી સાથે સંબંધ છે અને હવે તે આરતીની કોઈ વાતમાં ધ્યાન આપતો નથી. માવતર પક્ષને શંકા છે દુ:ખ ત્રાસથી તેની દીકરીએ આપઘાત કર્યો છે. આ મામલે પ્રદ્યુમનનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ જીલ્લામાં ૧લી જૂનથી ફલડ કન્ટ્રોલરૂમ શરૂ કરાશે

## સિંચાઈ સહિતના ખાતાઓના વડાની કલેકટર સાથે બેઠક મળશે

રાજકોટ, હાલ કાળઝાળ-ઉનાળો ચાલી રહ્યો છે, તાપમાન ૪૨-૪૩ ડીગ્રીને વળોટી ગયું છે, પરંતુ કલેકટર તંત્ર પ્રિ-મોન્સુન-સંભવિત તોફાની વરસાદ--વાવાઝોડા-તોફાની પવન સંદર્ભે સાબદુ બની ગયું છે, અધીકારી સૂત્રોના ઉમેર્યા પ્રમાણે રાજકોટ જીલ્લા ડીઝાસ્ટર તંત્રે પ્રિ-મોન્સુન તૈયારીઓ અંગે ફાઈલ તૈયાર કરી લીધી છે, અને કલેકટર તારીખ આપે એટલે કલેકટરના અધ્યક્ષસ્થાને આગામી ૧૫મી મે પહેલા હાઈલેવલ અધીકારીઓની મહત્વની મીટીંગ યોજાશે, જેમાં ચેકડેમ, રસ્તા, વીજ લાઈનો, પૂલ, જોખમી સંભવિત વિસ્તારો વિગેરે તમામ બાબતે સમીક્ષાઓ કરી નિર્ણય લેવાશે.આવતા અઠવાડિયે મળનાર પ્રિ-મોન્સુન મીટીંગ અંગે કલેકમટર દ્વારા તમામ પ્રાંત-મામલતદારો-કોર્પોરેશન-પોલીસ તંત્ર-જીલ્લા પંચાયત-શિક્ષણ-જીઈબી-એસ.ટી.-પાણી પુરવઠા-સિંચાઈ-માર્ગ અને મકાન-વિગેરે ૨૫ જેટલા ખાતાઓના વડાઓની હાઈલેવલ મીટીંગ બોલાવાશે, અને પ્રિ-મોન્સુન કામગીરી અંગે સમીક્ષા થશે.

દરમિયાન સૂત્રોએ ઉમેર્યું હતું કે આગામી ૧લી જૂનથી ફલેટ કન્ટ્રોલરૂમ શરૂ થઈ જશે, રાજકોટ જીલ્લા કલેકટર કચેરીના ડીઝાસ્ટર કન્ટ્રોલરૂમ ખાતે મુખ્ય કન્ટ્રોલ રૂમ રહેશે, આ ઉપરાંત દરેક મામલતદાર કચેરી ખાતે તથા ડેમોના મુખ્ય સિંચાઈ કન્ટ્રોલરૂમ શરૂ કરાશે, આ તમામ કન્ટ્રોલરૂમ અંગે ગાંધીનગરથી સ્પે. નાયબ મામલતદાર, કલાર્ક, પટ્ટાવાળા-ડ્રાઈવર વિગેરેનું મહેકમ આવશે, અને તે મુજબ કલેકટર દ્વારા બદલીના ઓર્ડરો કરાશે.

# ૧૦ મે, “જળ સંપત્તિ દિવસ”



વર્તમાન સમયમાં પર્યાવરણ રક્ષાની વાત સૌ કરે છે. જળ, જમીન, જંગલ, જનાવર અને જન રક્ષા અર્થે ઘણા પ્રયાસો થઈ રહ્યા છે. જળની સમસ્યા મોટી સમસ્યા બની રહી છે. બેંગ્લુરૂ, ચેન્નઈ કે કેપટાઉનની સ્ટોરી, સુકા - ભઠ્ઠ નદી , તળાવો, ડેમો કે કૂવામાં પાણી સિંચવા માટે પડાપડી કરતી મહિલાઓના દ્રશ્યો આપણી સમક્ષ મીડિયા દ્વારા આવ્યા છે તે આપણા આંખ, કાન, જીભ અને મનને થરથરાવી દે છે. મહાનુભાવો કહેવા લાગ્યા છે કે, ત્રીજું વિશ્વયુદ્ધ પાણી મુદ્દે થશે. જેના શરૂઆતના ચિન્હો દેખાઈ રહ્યા છે. એક તરફ વધુ વરસાદ આવવાથી લોકો હેરાન હોય છે જયારે આટલો વરસાદ છતાં પણ પાણીની તંગી વાસ્તવિકતા બની ગઈ છે. તેનું મૂળ કારણ વરસાદી પાણીને સંગ્રહ કરવાની જગ્યાઓ ઉપલબ્ધ નથી તેવું છે. જુના ચેકડેમો રીપેર કરવા, નવા બનાવવા, તળાવો ફરીથી વિકસાવવા, પોતાના ઘરની અગાશી કે આંગણામાં વરસાદી પાણી સ્ટોર થઈ શકે તેવા પ્રયાસો કરવાથી આ તકલીફ થોડી ઓછી થઈ શકે છે, પરંતુ પાણીની તંગી સંપૂર્ણ રીતે ત્યારે ઓછી થશે જયારે આપણે તેનો બગાડ કરવાનો છોડીશું.

પાણીની જેટલી ઉપલબ્ધતા છે તેમાં પણ જળવાયુ પરિવર્તનની અસરો સમગ્ર વિશ્વમાં દેખાવા લાગી છે. જળ પ્રદૂષણની સમસ્યા ઉગ્ર બનતી જાય છે. ટેકનોલોજીમાં થતા ફેરફારો સાથે પર્યાવરણની કાળજી લેતા માણસ ભૂલી ગયો છે માટે જ આ સમસ્યાઓ મોટી બની છે. રોજીંદા જીવનમાં પાણીને બચાવવા માટે કેટલાક ઉપાયો કરી શકાય છે.

ઘરમાં પાણીની ટાંકી અને નળ લીક હોય તો તાત્કાલિક તેની મરામત કરાવી લેવી જોઈએ.વોશબેઝીનમાં પાણીનો વિવેકપુર્વક ઉપયોગ કરવો જોઈએ. વાસણો ધોવામાં પાણીનો બગાડ ન કરવો જોઈએ. કપડાં ધોવામાં શક્ય હોય તો ડિટરજન્ટ પાઉડર અને વોશિંગ મશીનનો ઉપયોગ કરવો જેથી પાણી ઓછું વપરાય.બાગ-બગીચામાં પાણીનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ. જુદા જુદા ઉપાયો વિચારીને વેસ્ટ થતા પાણીને બચાવી શકાય છે જેમ કે ફિલ્ટરમાંથી નીકળતા પાણીનો ઉપયોગ વપરાયેલા વાસણોમાં પાણી નાખવા, પ્લેટફોર્મ સાફ કરવા માટે થઈ શકે છે.

# ચોરાઉ રીક્ષા ઝડપાયો



રાજકોટ:સેટેલાઈટ ચોક પાસેથી ચોરાઉ રીક્ષા સાથે મયુર ઉર્ફે રઘાને બી ડીવીઝન પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પ્રાપ્ત વિગત મુજબ બી ડીવીઝન પોલીસ મથકના પીઆઈ એસ.એન.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ કે.ડી.મારૂ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ જયદીપસિંહ બોરાણા અને વિશ્રૃવજીતસિંહ ઝાલાને મળેલ ચોકકસ બાતમીના આધારે મોરબી રોડ સેટેલાઈટ ચોક નજીકથી ચોરાઉ રીક્ષા સાથે મયુર ઉર્ફે રઘુ કાંતિ સોલંકી (ઉ.વ.૩૮, રહે. ગાત્રાળ ડેરીની બાજુમાં, રૈયાધાર)ને પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી વિરૂધ્ધ અગાઉ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં દારૂ સહિતના ગુના નોંધાયેલ છે.

# તાલાલામાં અનુભવાયેલા ભૂકંપના આંચકા બાદ તુરંત તંત્ર દ્વારા લોકોને જાગૃત કરવાના પગલાં લેવાયાં

## તંત્ર વાહકો દ્વારા રૂબરૂ જઈને તેમજ દીવાલો પર પોસ્ટરો લગાવીને વ્યાપક જનજાગૃતિ ફેલાવાઈ:સરપંચ તથા તલાટીને સાથે રાખીને જાગૃતિ અંગેની પત્રિકાઓનું ઘરે ઘરે વિતરણ





ગીર સોમનાથ:કુદરતી આપત્તિઓ પર માનવનો અંકુશ હોતો નથી, પરંતુ તેના પર નિયંત્રાત્મક પગલાં દ્વારા તેની તીવ્રતા ઘટાડી શકાય છે. ભૂકંપ પણ આવો જ એક કુદરતનો પ્રકોપ છે, તેને આપણે અટકાવી શકતા નથી, પરંતુ તેના અંગે જનજાગૃતિ ફેલાવીને તેનાથી થતું જાનમાલનું નુકસાન આપણે અટકાવી શકીએ છીએ.

ગઈકાલે બપોરે ત્રણ વાગ્યા બાદ તાલાલામાં અનુભવાયેલા ભૂકંપના આંચકા બાદ જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં તાલાલા મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારી અને તેમની ટીમ દ્વારા ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં રૂબરૂ જઈને લોકોને ભૂકંપ બાદ કેવાં પગલાં લેવાં જોઈએ. તેની લોકોને સમજૂતી આપવામાં આવી હતી.આ ઉપરાંત, લોકોના ઘર, દુકાન, ગલ્લાં અને ઘર-ઘર સુધી તલાટી અને સરપંચને સાથે રાખીને પોસ્ટર લગાવીને તથા પત્રિકાઓના વિતરણ દ્વારા ભૂકંપ વખતે અને ભૂકંપ બાદ શું કરવું જોઈએ, તેના પગલાઓ વિશે વ્યાપક સમજ આપવામાં આવી હતી.આમ, તાલાલા તાલુકામાં વારંવાર આવતા ભૂકંપના આંચકાઓને પગલે લોકોમાં ભયનો માહોલ ન ફેલાય અને લોકો સ્વસ્થતા જાળવી તેનો મક્કમતાથી મુકાબલો કરે તે માટે લોકોને સાવધ અને સચેત કરી સાવધાનીપૂર્વકના પગલાંઓ લેવા માટેની પૂરતી સમજ આપવામાં આવી હતી.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વેંચાણ કરતા વધુ ૫૮ વેપારીઓ પકડાયા



રાજકોટ:ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૫૮ આસામીઓ પાસેથી ૨.૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૨૨૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના રૈયા રોડ, ગોંડલ રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૦ આસામીઓ પાસેથી ૦.૬૦૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૬૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના કાલાવડ રોડ, યુનિવર્સીટી રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૮ આસામીઓ પાસેથી ૧.૫૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૭૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ઈરાને અમેરિકન પ્રતિબંધોની એસીતેસી કરી

વિશ્વ મતનીની વિરુદ્ધ જઈને ઈરાને પોતાના પરમાણુ કાર્યક્રમો ચાલુ રાખ્યા ઉપરાંત મધ્ય પૂર્વ ની અંદર તેને અન્ય દેશો પર હુમલાઓ કર્યા અમેરિકા સાથે સીધી દુશ્માવત કરી હતી અમેરિકાએ તેના પર પ્રતિ મૂક્યા આમ છતાં ઈરાન અનેક દેશોમાં પોતાનું ઓઇલ વેચી રહ્યું છે આમ તેને અમેરિકાના પ્રતિબંધોની એસીતેસી કરીને પોતાનો વ્યાપાર ચાલુ રાખ્યો છે.

ત્યાર બાદ ઈરાન પર ઓઇલની નિકાસ માટે કડક પ્રતિબંધો મૂકવા માટે અરજીઓ કરવામાં આવી હતી. ઓઇલની નિકાસ ઈરાનની અર્થવ્યવસ્થાનું કેન્દ્રબિંદુ છે. ઈરાનના કસ્ટમ પ્રમુખના કહેવા પ્રમાણે, ઈરાન વિરુદ્ધ લેવાયેલાં પગલાં છતાં પણ ઈરાને વર્ષ ૨૦૨૪ના પહેલાં ત્રણ મહિનામાં ૩૫.૬ અબજ ડોલરની કિંમતના ઓઇલની નિકાસ કરી હતી. આ આંકડો છેલ્લાં છ વર્ષમાં સૌથી ઊંચો છે.જોકે, સવાલ એ છે કે ઈરાન પર આટલા પ્રતિબંધો હોવા છતાં ઓઇલની નિકાસ કરીને નફો કેવી રીતે કરી રહ્યું છે.આ સવાલનો જવાબ ઈરાન પાસેથી સૌથી વધારે ઓઇલ ખરીદનાર ચીન કેવી રીતે વેપાર કરે છે તેની સાથે સંકળાયેલ છે.

અમેરિકાની હાઉસ ફાઇનેન્શિયલ કમેટીના રિપોર્ટ પ્રમાણે, ઈરાનની નિકાસનો ૮૦ ટકા ભાગ ચીનમાં જાય છે. ચીન ઈરાન પાસેથી દરરોજ ૧૫ લાખ બેરલ ઓઇલ ખરીદે છે.કીટલી જેવી દેખાતી હતી, જેમાં માત્ર પ્રાથમિક સુવિધાઓ હતી. આ રિફાઇનરીઓ મોટે ભાગે બેઇજિંગના દક્ષિણ-પૂર્વે આવેલા શેડોંગ વિસ્તારમાં હતી. આ કારણે તેને ટીપોટ્સ કહે છે.

આ નાની રિફાઇનરીઓ ચીનની સરકારી કંપનીઓની તુલનામાં ઓછી જોખમી છે. કારણ કે, મોટી કંપનીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરે છે અને તેમને અમેરિકાના ફાઇનાન્શિયલ સિસ્ટમના એક્સેસની જરૂર પડે છે. "નાની રિફાઇનરીઓ ન તો વિદેશમાં વેપાર કરે છે, ના તેમને ડોલરની જરૂર હોય છે. આ કારણે તેમની વિદેશી ફંડિંગની એક્સેસની પણ જરૂર નથી."નિકોલાડેઝે જણાવ્યું, "ઓઇલ ટેન્કરોને વિશ્વભરના મહાસાગરોમાં સોફ્ટવેર થકી ટ્રેક કરવામાં આવે છે. ટ્રેકર વડે ટેન્કરની લોકેશન, સ્પીડ અને રસ્તા પર પણ નજર રાખવામા આવે છે."

આ ટ્રેકિંગ સિસ્ટમથી બચવા માટે ઈરાન અને ચીને ટેન્કરોનું એક નેટવર્ક તૈયાર કર્યું છે, આ ટેન્કરોની સાચી લોકેશનની જાણકારી મળતી નથી.

આ સિસ્ટમ પશ્ચિમના ટેન્કરો, શિપિંગ સેવાઓ અને બ્રોકરેજ સેવાને બાયપાસ કરે છે. આ રીતે ચીનને પ્રતિબંધો ઉપરાંત પશ્ચિમી દેશના નિયમોને પાલન કરવાની જરૂર પડતી નથી.

માનવામાં આવે છે કે આ ફ્લીટ્સને શિપથી શિપ ટ્રાન્સફર કરવામાં આવે છે અને તે ચીન સાથે આંતરરાષ્ટ્રીય સમુદ્ર વિસ્તારમાં જ કરવામાં આવે છે, પરંતુ નક્કી કરેલા ટ્રાન્સફર ઝોનની બહાર થાય છે. આ ટ્રાન્સફર કેટલીક વખત ખરાબ વાતાવરણ દરમિયાન કરવામાં આવે છે જેથી કરીને લોકેશનને છુપાવી શકાય. આ રીતે ચીનમાં ઓઇલ કેવી રીતે પહોંચ્યું તે વિશે જાણકારી મેળવવી મુશ્કેલ છે. આ ટ્રાન્સફર સામાન્ય રીતે દક્ષિણ-પૂર્વ એશિયાની જળ સીમામાં થાય છે. "સિંગાપુર અને મલેશિયાની પૂર્વે એક વિસ્તાર છે, જે ઐતિહાસિક રૂપે એવું સ્થળ રહ્યું છે, ઐતિહાસિક રૂપે ત્યાં ખૂબ જ મોટી સંખ્યામા ટેન્કરો આવે છે અને માલની ટ્રાન્સફર છે."

માઇયા નિકોલાડેઝે જણાવ્યું કે પશ્ચિમી દેશો દ્વારા મોનિટર કરનારી આંતરરાષ્ટ્રીય નાણાકીય સિસ્ટમનો ઉપયોગ કરવાને બદલે ઈરાન અને ચીન વચ્ચે લેવડ-દેવડ ચીનની નાની બેન્કો થકી કરવામાં આવે છે.

"ચીન ઈરાની ક્રૂડ ઓઇલની ખરીદીને જોડાયેલા જોખમોને વિશે સારી રીતે જાણે છે. ચીન આ કારણે આ પ્રકારની લેવડ-દેવડ માટે પોતાની મહત્ત્વપૂર્ણ બેન્કોને સામેલ કરવા માંગતું નથી. ચીન નાની બેન્કોનો ઉપયોગ કરે છે, જે બેન્કનો આંતરરાષ્ટ્રીય જોખમ નથી."

ડોલરવાળી નાણાકીય પ્રણાલીથી બચવા માટે ઈરાનને ક્રૂડ ઓઇલ માટે ચુકવણી ચીનની મુદ્રામાં કરવામાં આવે છે.

# ચિરંજીવ છે ભગવાન પરશુરામ

## આજે અક્ષયતૃતીયા, ભગવાન પરશુરામનો જન્મોત્સવ



વિશેષ

પરશુરામ વિષે વિચારતા પહેલા તેમના પિતા જમદગ્નિનાં પિતા ઋચિકનાં સમયનું અથવા તેનાથી પણ થોડુંક આગળનું વિચારવું પડે. ઋચિક ભાર્ગવ વંશનાં હતા. એક સમયે ફરતા ફરતા વિશ્વામિત્રના આશ્રમ નજીક પહોચ્યા. સત્યવતીની નજર ઋચિક પર પડી. પૂર્વે સત્યવતી એ ઋચિક વિષે જાણેલું હતું. સત્યવતીને તેના માટે અતિ આદર હતો, તેથી દ્રષ્ટિ મળતા પરણવા વિચાર થયો. ગાધીરાજ ને આ બાબતની ખબર પડી ત્યારે તેમને અત્યંત આનંદ થયો. ઋચિકને પણ લાગ્યુંકે આ સબંધથી સંસ્કૃતિનું કાર્ય કરવાની અનુકુળતા વધશે. સંસ્કૃતિના કાર્ય માટે ઋચિકે સામાજિક સબંધનો આશ્રય લેવાનું વિચારી સત્યવતી સાથે પરણ્યા. સત્યવતીને પુત્ર થયો. તેનું નામ જમદ્ગની જે સ્વભાવે તામસ અને યુદ્ધકળા જાણવા વાળાં થયા. નર્મદા કિનારે રહેતા લોકોને આકર્ષીને મોટી વસાહત ઉભીકરી. જમદગ્નિને પાચ પુત્રો થયા. વસુમન, વસુ, સુષેણ, વિદ્યાવસુ અને રામ. રામ ક્ષાત્રતેજવાળાં તેમનો જન્મ અખાત્રીજ નાં શુભ દિવસે થયેલો. તે જન્મ થીજ શુરવીર, યુદ્ધ કલાના શોખ વાળાં, બુદ્ધિ શાળી અને સુંદર હતા.

### માતૃ-પિતૃ ભક્ત પરશુરામ

પુરાણોમાં દર્શાવ્યા પ્રમાણે પરશુરામ નાં માતા રેણુકા આશ્રમ બાજુમાં વિહરતા હતા. તેસમયે તેમણે ગંધર્વરાજ ચિત્રાંગદ અને ચિત્રરથ ને પોત પોતાની પત્નીઓ જોડે જલક્રીડા કરતા જોયા. મનમાં વિકૃતિ ઉત્પન્ન થઈ. બ્રામણ પત્નીના મનમાં આવા કામુક વિચાર ને માનસિક વ્યભિચાર માનીને પતિ જમદગ્નિ નો પુણ્ય પ્રકોપ ભભૂકી ઉઠ્યો. તે સમયે હાજર ચાર પુત્રો ને વારાફરતી તેમની માતાનો શિરચ્છેદ કરવા આજ્ઞાકરી પરંતુ પુત્રો પોતાની માતાને મારવા તૈયાર નથયા. તેથી ઋષિએ ક્રોધાવેશમાં ચારેય પુત્રોની હત્યા કરીનાખી. ત્યારબાદ પાંચમો પુત્ર રામ આશ્રમમાં પ્રવેશ્યો. પિતાએ આજ્ઞા કરી 'તારી માતાનો શિરચ્છેદ કરો' રામે પિતાની આજ્ઞા નું પાલન કર્યું. પિતાએ ખુશ થઈ વરદાન માગવા કહ્યું. ત્યારે પોતાની માતા અને ચારેય ભાઈ ઓં ને સજીવન કરવા વિનંતિ કરી અને એમ થયું.

હૈહયી વંશીય (ચંદ્રવંશી) ક્ષત્રિયો અને પરશુરામ

નર્મદા કીનારાથી થોડે દૂર હૈહયી વંશ નાં રાજા કૃત્વીર્ય ની રાજધાની હતી. કૃત્વીર્યનો પુત્ર કાર્તવીર્ય પ્રાતઃસ્મરણીય હતો. તેનામાટે એમ કહેવાતુંકે તેના સ્મરણ માત્રથી ખોવાયેલી વસ્તુ પાછી મળતી.

કાર્તવીર્યોર્જુનો નામ રાજા બાહુ પ્રતાપ વાન !
યસ્ય સ્મરણ માત્રેણ ગતં નષ્ટ ચ લભ્યતે !!

આવો પ્રતાપી રાજા હતો છતાં પરશુરામે શામાટે માર્યો? કાર્તવીર્ય અતિ શુરવીર હતો, નામ પ્રમાણેના ગુણોવાળો હતો. શક્તિ આવી તેને પચાવી ન શક્યો તેથી તે અવિવેકી બન્યો. જ્ઞાનની મસ્તી તીખી હોયછે, પણ વિવેકી હોય છે. ભક્તિની મસ્તી મધુર જ હોય છે.

એક વખત તે અત્રી ઋષિના આશ્રમમાં ગયો અને ઋષિની મશ્કરી કરી, તેમને અપમાનિત કર્યા. પરંતુ શાંત પ્રકૃતિના અત્રી-જેમણે સત્વ, રજસ અને તમસ ત્રણેય ગુણો જીતી લીધા હતા. તેમણે તેને મૂર્ખ સમજી ક્ષમા આપી. પરંતુ અત્રીના પુત્ર દુર્વાસાથી સહન ન થતા કાર્તવીર્યને પોતાનું બ્રહ્મતેજ બતાવ્યું. બ્રહ્મતેજ માં પણ બળ છે તેમ સમજી દુર્વાસા સાથે સબંધ સુધારી લીધો. સબંધ નિકટનો થતો ગયો.

કાર્તવીર્ય નું બીજું નામ અર્જુન હતું. તે અત્રિ ઋષિના પુત્ર દત્તનો ઉપાસક હતો. તેને દત્તના આશીર્વાદ મળ્યા. 'લડાઈ નાં સમયે હજાર હાથ થાય.' (હજારો હાથ નો સહકાર મળે.) તેથી તે સહસ્ત્રાર્જુન પણ કહેવાયો હતો. એકવાર તે પડોશી રાજ્ય જીતી પરત ફરતો હતો ત્યારે રસ્તામાં વિશ્રામ હેતુથી સેના સહિત જમદગ્નિ ઋષિના આશ્રમમાં રોકાયો. ઋષિએ ચક્રવર્તી સમ્રાટને છાજે તેવું સ્વાગત કર્યું. આકાર્ય કામધેનું ગાયના પરિણામે શક્ય બન્યું હતું. આશ્રમમાં આટલાબધા સૈનિકો ની સુંદર સગવડ જોઈ રાજાને નવાઈ લાગી. પાછળ થી જાણ થઇ કે આબધુ કામધેનું નાં પ્રતાપે શક્ય બન્યું હતું. આથી રાજાએ ઋષિ પાસે કામધેનું ની માગણી કરી. ઋષિએ વિવેક સાથે નાપાડી તેથી રાજાએ બળ પૂર્વક કામધેનું આંચકી લીધી. આશ્રમ બહાર ગયેલા રામને જ્યારે ખબર પડી તુરંત તેમનું ક્ષાત્રતેજ ઉકળી ઉઠ્યું. ભગવાન શિવ પાસેથી મળેલ પરશુ ધારણ કરી, રામ મટી પરશુરામ બન્યા. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. રામે સહસ્ત્રાર્જુન નાં બધા હાથ કાપી (તેને મદદ કરનાર તમામને મારી) તેનો વધ કર્યો. અને કામધેનું ગાયને પોતાના પિતાને અર્પણ કરી. ક્ષત્રિય હત્યાનું પાપ નું પ્રાયચિત કરવા રામ ભરતખંડ ની યાત્રાએ નીકળી પડ્યા. તે સમયે સહસ્ત્રાર્જુનના દસ હજાર પુત્રો વેર ભાવનાથી આશ્રમે આવી ધ્યાનસ્થ જમદગ્નિ ઋષિની હત્યાકરી નાખી. યાત્રાએ નીકળેલા રામને જાણ થતા પોતાના પિતાની હત્યા કરનારાઓં ને પૃથ્વી પરથી નિર્મૂળ કરવા ની પ્રતીજ્ઞા લીધી. શિવજી દ્વારા મળેલ શસ્ત્ર પરશુ ધારણ કરી તેથી પરશુરામ કહેવાયા. પોતાના પિતા ઉપર ૨૧ ઘા થયેલા જોયા હોવાથી પૃથ્વી ઉપરથી પોતાના દુશ્મનોને ૨૧ વખત પરાસ્ત કરવાની પ્રતિજ્ઞા કરી. પૃથ્વી ઉપર જ્યાં રાક્ષસીવૃતિ વિસ્તરી ત્યાં ત્યાં પરશુરામ તાટક્યા અને દુષ્કર્મ કરનારનો સંહાર કર્યો. મોટાભાગના લોકો એવું માનેછે કે પરશુરામે ૨૧ વખત પૃથ્વીને ક્ષત્રિય વગરની કરી. પરશુરામ ક્ષત્રિયો નાં દુશમન હતા. પણ વાલ્મીકી કહે છે પરશુરામ 'ક્ષત્રવિમર્દન નહીં; જયારે 'રાજવીમર્દન !' તાત્પર્ય એછે કે પરશુરામે બધા ક્ષત્રિયોનો સંહાર કરવાના બદલે માત્ર દુષ્ટ-દુર્જન ક્ષત્રિય રાજાઓ નો સંહાર કર્યો.

પરશુરામનું અવતાર કૃત્ય પરશુરામનું અવતારકૃત્ય શું? બ્રામણત્વ જીવતું રાખ્યું ભોગવિલાસ ભોગવવા વાળાં ક્ષત્રિયો ના બદલે ધર્મ-સંસ્કૃતિની સંભાળ રાખવા વાળાં અને દૈવી જીવન માટે સર્વસ્વ અર્પણ કરવાવાળા ક્ષત્રિયો થયા. બ્રામ્હણો અને ક્ષત્રિયોને ધન્યવાદ છે કે ઉદાર અંતઃકરણથી જુના વેરઝેર સાવ ભૂલી ગયા અને ખાસ કરીને રામ કાલ થી જોઈશું તો ઉદાર અંતઃકારણથી વેરઝેર ભૂલી જઈ એકબીજામાંભળી ગયા. 'આર્ય ધર્મ, આર્ય સંસ્કૃતિ, માનવ સભ્યતા સૃષ્ટિમાં ટકાવવા માટે એક બીજાની શક્તિ અને બુદ્ધિ ને ભેગા કરીએ તોજ આકામ થવું શક્ય છે અને આપણે બન્નેએક છીએ.' એવાત સ્વીકારી સંસ્કૃતિ માટે એક્થયા.

- બળદેવસિંહ ગોહિલ

# સંસ્કાર મંડળ ચોકમાં તડકામાં પણ તાજગીથી ઉભેલો ગરમાળો....




**સંસ્કાર મંડળ રોડ પર મન મૂકીને ખીલી ઉઠેલો અને અનેક ઔષધીય ગુણો ધરાવતો ગરિમા સભર ગરમાળો ઝાડ જેવો તપસ્વી નહિ પણ વરમાળા લઈ ઉભેલો વરરાજા લાગે છે. તડકામાં પણ તાજગી જાળવી રાખતો અને અનેક ગુણો સભર આ ગરમાળો ઉનાળો આવતા જ ઠેર ઠેર પીળા પીતાંબર ધારી કૃષ્ણનો પ્રતિનિધિ હોય એમ ગામડામાં વાડીઓ અને સિમોથી લઈ શહેરના સિમેન્ટ વાળા રસ્તા પર હાજરી પુરાવતો જોવા મળે છે ત્યારે સંસ્કાર મંડળ પાસે બીડાયેલી કળી ઓ દ્વારા પણ સૌંદર્ય વેરતો આ ગરમાળો ઉનાળામાં વૃક્ષોનું આશ્વાસન છે.**

# કેનેડામાં શીખઅલગાવવાદી સમૂહ ખતરાની મોટી રેખા પાર કરી રહ્યા છે

ભારત-કનાડા સંબંધોમાં રાજનૈતિક તણાવ વચ્ચે ભારતના ઉચ્ચાયુક્તે ચેતવણી આપી છે કે કેનેડામાં શીખ અલગાવવાદી જૂથ ખતરાની મોટી રેખા પાર કરી રહ્યા છે.જેને નવી દિલ્હી સુરક્ષા તથા દેશની રાષ્ટ્રિય અખંડતાના મુદ્દાની રીતે જુએ છે. ગયા વર્ષે ખાલિસ્તાન સમર્થક અલગાવવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના આરોપી ૩ ભારતીય નાગરિકોને હાલમાં કેનેડા પોલીસ દ્વારા ધરપકડ કરવા બાબતે તથા એક કોર્ટમાં હાજર કરાયા બાદથી પોતાના પહેલા સાર્વજનિક નિવેદનમાં કેનેડામાં ભારતીય ઉચ્ચાયુક્ત સંજય કુમાર વર્માએ મંગળવારે આ વાત કહી હતી.

એક ન્યુઝ ચેનલના સમાચાર અનુસાર વર્મા આ મામલાને અસાધારણ ગુનાઓ સાથે જોડતા દેખાયા હતા. તેમણે એવી પણ ચેતવણી આપી હતી કે કેનેડામાં શીખ સમુહ જે ભારતથી અલગ થવાનું આહ્વાન કરે છે તે ખતરાની એક મોટી રેખાને પાર કરે છે. જેને નવી દિલ્હી રાષ્ટ્રીય સુરક્ષાના મામલા રૂપે જુએ છે. વર્માએ પ્રસિધ્ધ શિંકટેંક માંટ્રીયલ કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન ને કહ્યું હતું કે ભારતીય ભારતની દશા નક્કી કરશે, વિદેશી નહી. તેમણે એમ પણ કહ્યું કે ભારત અને કેનેડા વચ્ચે સંબંધ કુલ મળીને સકારાત્મક છે. ભલે તેને લઈને મોટો હોબાળો થઈ રહ્યો છે.

વર્માએ એમ પણ કહ્યું કે બન્ને દેશો આ મુદ્દાનું સમર્થન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે 'નકારાત્મક' ઘટનાક્રમની પાછળની ગહરીની સમસ્યાઓ 'દશકો જૂના મુદ્દા' બાબતે કેનેડાની ગેરસમજ સાથે જોડાયેલી છે. વર્માએ કહ્યું કે તેમની મુખ્ય ચિંતા કેનેડાની ભૂમિથી ઉત્પન્ન થનારા રાષ્ટ્રીય-સુરક્ષા સંબંધી ખતરાને લઈને છે. તેમણે કહ્યું કે ભારત ડબલ નાગરિકતાને માન્યતા નથી આપતું. માટે જે કોઈ પણ પ્રવાસી હોય તેને વિદેશી માનવામાં આવે છે. તેમણે કહ્યું કે હું તેને એવી રીતે કહી શકું કે વિદેશીઓની ભારતની ક્ષેત્રિય અખંડિતતા પર બુરી નજર છે. આ અમારા માટે મોટી ખતરાની રેખા છે.

# સફેદ સોનુ એટલે લિથિયમ એના અણુમાં તાકાત છે

## કોઈપણ ઈલેક્ટ્રીકથી ચાલતા વાહનમાં જે બેટરી વપરાય છે તેમાં લિથિયમ નામની ધાતુનો સૌથી વધુ ઉપયોગ થાય છે આ ધાતુ વિના એ બાઇક બની શકે નહીં આ મહત્વની ધાતુ પર આજે વિશ્વમાં ચાઇનાનો એકાધિકાર છે હવે સોના ચાંદી કરતા પણ લિથિયમની કિંમત વધી જશે

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

લિથિયમ એ એક નરમ, ચળકતી-સફેદ ધાતુ છે હે રાસાયણીક તત્વોના આલ્કલી ધાતુઓની શ્રેણીમાં આવે છે. આની રાસાયણિક સંજ્ઞા Li, અને તેનો અણુ ક્રમાંક ૩ છે. સામાન્ય દબાણ અને તાપમાને આ વિશ્વનો સૌથી હલકો અને સૌથી ઓછું ઘનત્વ ધરાવતો ઘન પદાર્થ છે. દરેક આલ્કલી ધાતુ તત્વની જેમ આ ધાતુ પણ અત્યંત ક્રિયાશીલ અને જ્વલનકારક છે. આ કારણોને લીધે આને પ્રાયઃ ખનિજ તેલમાં રાખવામાં આવે છે. આ ધાતુને જ્યારે કાપવામાં આવે છે ત્યારે તે ધાતુમળ ચળકાટ ધરાવે છે પણ ભેજ વાળી હવાની અસર તેનાપર થતાં તે પહેલા ચળકતો રાખોડી રંગ પછી કાળો અને ઝાંખો બનતો જાય છે. લિથિયમની અત્યંત રાસાયણિક સક્રિયતાને કારણે તે પ્રકૃતિમાં શુધ સ્વરૂપે મળતું નથી. તે પ્રાયઃ રાસાયણિક આયનિક સંયોજન સ્વરૂપે મળે છે કે આયનિક બંધ વડે જોડાયેલા હોય છે. ઘણાં પેગ્મેટાઈટ ખનિજમાં લિથિયમ મળી આવે છે પણ આયન સ્વરૂપે દ્રાવ્ય હોવાથી તેને બ્રાઈન માંથી અને ક્લે (ચીકણી માટી) માંથી મેળવવામાં આવે છે. મોટા પાયે ઉત્પાદન કરવા માટે લિથિયમને લિથિમ ક્લોરાઈડ અને પોટેશિયમ ક્લોરાઈડના મિશ્રણના વિદ્યુત પૃથ્થકરણ દ્વારા મેળવવામાં આવે છે.

ચાઇના એન્ડીસ પર્વતમાં મીઠાના ખડકોમાંથી લીથિયમ કાઢવાનું કામ કરે છે. લીથિયમને 'સફેદ સોનું' પણ કહેવામાં આવે છે અને તેનો ઉપયોગ બેટરી બનાવવા માટે કરવામાં આવે છે. આ લીથીયમને કારણે સંઘર્ષો વધતા જાય છે આર્જેન્ટિનાના કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવાને કારણે થયેલું તે વિરોધ પ્રદર્શન, ચીની ધંધાર્થીઓ અને સ્થાનિક સમુદાયો વચ્ચે સમગ્ર વિશ્વમાં વધી રહેલા તણાવની ઘટનાઓ પૈકીનું એક છે. ગ્રીન ઇકોનોમી એટલે કે હરિત અર્થતંત્ર માટે જરૂરી ખનીજોને પ્રોસેસ કરવાના ક્ષેત્રમાં ચીનનો દબદબો છે. હવે ચીને ખનીજોનું ખનન પણ જાતે શરૂ કરી દીધું છે.

ચીનની એક કંપનીએ આર્જેન્ટિના, બોલીવિયા અને ચિલીના લીથિયમ ટ્રેંગલમાં દસ વર્ષ પહેલાં ચીન માટે પહેલી ખાણ ખરીદી હતી. દુનિયામાં લીથિયમનો સૌથી મોટો ભંડાર આ પ્રદેશમાં છે. લેટિન અમેરિકાનું લીથિયમ ટ્રાયેંગલ ક્ષેત્ર દુનિયાભરમાં સૌથી વધુ લીથિયમ માટે જાણીતું છે

ખનન સંબંધી પ્રકાશનો, કોર્પોરેટ્સ, સરકારી અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એ પછી સ્થાનિક ખનન બિઝનેસમાં ચીને વધુ રોકાણ કર્યુ હતું. ચીની કંપનીઓના શેરોની ગણતરીને આધારે બીબીસીને જાણવા મળ્યું છે કે દુનિયાભરમાં હાલ લીથિયમનું જેટલું ઉત્પાદન થઈ રહ્યું છે કે જેની ઉત્પાદન પ્રક્રિયા ચાલુ છે તે પૈકીનું ૩૩ ટકા ચીની કંપનીઓના નિયંત્રણમાં છે. ચીની કંપનીઓના બિઝનેસના વિસ્તારની સાથે તેમના પર, અન્ય મોટી આંતરરાષ્ટ્રીય ખાણ કંપનીઓની માફક, જુલમ કરવાના આક્ષેપ પણ થઈ રહ્યા છે. ટાયર સળગાવીને કરવામાં આવેલું વિરોધ પ્રદર્શન આઈ કિંગ નામના અધિકારી માટે એક અસભ્ય જાગૃતિ જેવું હતું. તેમને આર્જેન્ટિનામાં શાંત જીવનની આશા હતી, પરંતુ સ્થાનિક સ્પેનિશ ભાષા જાણતા હોવાને લીધે તેમણે વચેટિયાની ભૂમિકા ભજવવી પડી હતી.

તેઓ કહે છે,"તે આસાન ન હતું. ભાષા સિવાય અમારે અનેક બાબતોમાં નરમ વલણ અપનાવવું પડ્યું હતું. કંપનીને લાગે છે કે કર્મચારીઓ આળસુ છે તથા કર્મચારી સંઘ પર વધારે પડતા નિર્ભર છે અને સ્થાનિક લોકો માને છે કે ચીની લોકો અહીં તેમનું શોષણ કરવા જ આવ્યા છે, એવી બાબતોનો તેમાં સમાવેશ થાય છે."ગ્લોબલ ચાઈના યુનિટે દુનિયાભરમાંથી એવા કમસેકમ ૬૨ ખનન પ્રોજેક્ટ બાબતે માહિતી મેળવી છે, જેમાં ચીની કંપનીઓની ભાગીદારી છે અથવા તેઓ આ પ્રોજેક્ટ કે લીથિયમના ખનન કે હરિત અર્થતંત્ર માટે જરૂરી ત્રણ ખનીજો – કોબાલ્ટ, નિકલ તથા મેંગેનીઝમાંથી કોઈ પણ એકના ખનન માટે સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ બધાનો ઉપયોગ લીથિયમ આયન બેટરી બનાવવા માટે કરવામા આવે છે. લીથિયમ આયન બેટરીનો ઉપયોગ ઇલેક્ટ્રિક મોટરકારમાં કરવામાં આવે છે. બેટરી અને સોલર પેનલનું ઉત્પાદન હાલ ચીનની ઔદ્યોગિક અગ્રતામાં મોખરે છે. એ પૈકીના કેટલાક પ્રોજેક્ટ દુનિયાભરમાં આ ખનીજોના સૌથી મોટા ઉત્પાદક છે. લીથિયમ અને કોબાલ્ટના રિફાઇનિંગના ક્ષેત્રમાં ચીન લાંબા સમયથી અગ્રેસર છે.

અમેરિકન થિંક ટૅંક ચેટમ હાઉસના જણાવ્યા મુજબ, ૨૦૨૨માં આ ખનીજોના વૈશ્વિક ઉત્પાદનમાં ચીનની હિસ્સેદારી ૭૨ અને ૬૮ ટકા હતી.

આ ખનીજો અને અન્ય મહત્વપૂર્ણ ખનીજોને રિફાઈન કરવાની ક્ષમતાની તાકાતને આધારે ચીન ૨૦૨૩માં એવા સ્તરે પહોંચી ગયું હતું કે દુનિયાભરમાં વેંચાયેલા અડધાથી વધુ ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન ચીનમાં જ થતું હતું. પવન ચક્કી બનાવવાની વૈશ્વિક ક્ષમતામાં ૬૦ ટકા હિસ્સો ચીનનો છે. એટલું જ નહીં, સોલર પેનલની સપ્લાય ચેઈનના પ્રત્યેક તબક્કામાં ૮૦ ટકા નિયંત્રણ ચીનનું છે. આ ક્ષેત્રમાં ચીનની ભૂમિકાથી દુનિયાભરમાં આ ઉત્પાદનોની માત્ર કિંમત જ ઓછી નથી થઈ, પરંતુ લોકોની તેમના સુધીની પહોંચ પણ આસાન થઈ છે.

જોકે, ગ્રીન ઇકોનોમી માટે ચીન એકમાત્ર એવો દેશ નથી, જેને આ ખનીજોના ખનન તથા શોધવાની જરૂર હોય. સંયુક્ત રાષ્ટ્રસંઘનું કહેવું છે કે વિશ્વ ૨૦૫૦ સુધીમાં ઝીરો કાર્બન ઉત્સર્જનનું હાંસલ કરવા ઇચ્છતું હોય તો ૨૦૪૦ સુધીમાં આ પદાર્થોના ઉપયોગમાં છ ગણો વધારો કરવો પડશે. આ દરમિયાન અમેરિકા, ચીન અને યુરોપિયન યુનિયને પોતપોતાની વ્યૂહરચના બનાવી લીધી છે, જેથી ચીન પરની નિર્ભરતા ઘટાડી શકાય.

ચીની કંપનીઓએ દુનિયાભરમાં ખનન કાર્ય વધાર્યું છે તેમ તેમ આ પ્રોજેક્ટ્સને લીધે સર્જાતી સમસ્યાઓ સંબંધે આરોપ પણ ઝડપથી વધી રહ્યા છે. બિન-સરકારી સંગઠન ધ બિઝનેસ એન્ડ હ્યુમન રાઈટ્સ રિસોર્સ સેન્ટરનું કહેવું છે કે આવી સમસ્યાઓ "ચીની ખનન માટે નવી નથી."

# અમેરિકન ભારતીયો ઈચ્છે છે કે મોદી સતત ત્રીજી વખત ભારતના વડાપ્રધાન બને



વોશિંગ્ટન,

પીએમ મોદીનો જાદુ અમેરિકામાં ભારતીય પ્રવાસી સમુદાયોમાં તરંગો ઉભો કરી રહ્યો છે. અમેરિકન ભારતીયો ઈચ્છે છે કે મોદી સતત ત્રીજી વખત ભારતના વડાપ્રધાન બને. પ્રભાવશાળી અમેરિકન નેતા અજય જૈન ભુટોરિયાએ જણાવ્યું હતું કે મોટાભાગના ભારતીય-અમેરિકનો વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે ત્રીજી ટર્મ ઈચ્છે છે કારણ કે તેમની સરકારની નીતિઓ ભારતને બદલી રહી છે. ડેમોક્રેટિક પાર્ટી માટે ભંડોળ એકત્ર કરનાર ભુટોરિયાએ કહ્યું કે ભારતીયો અમેરિકામાં તીવ્ર આર્થિક વૃદ્ધિનો ભાગ છે અને તેઓ આર્થિક વૃદ્ધિમાં ફાળો આપવા માટે સખત મહેનત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે જ્યારે ભારતીય-અમેરિકનો ભારતમાં આવી આર્થિક વૃદ્ધિ જુએ છે ત્યારે તેઓ ગર્વ અનુભવે છે.

ભુટોરિયાએ કહ્યું, “મને લાગે છે કે મોટાભાગના ભારતીય-અમેરિકનો ઈચ્છે છે કે વડાપ્રધાન મોદી પાછા ફરે. જ્યારે ભારત ચમકે છે ત્યારે તેઓ ગર્વ અનુભવે છે,” તેમણે ઉમેર્યું, “તેઓ ગર્વ અનુભવે છે કે ભારત વિકાસ કરી રહ્યું છે. ભારત લગભગ છ થી સાત ટકાની ઝડપી ગતિએ આર્થિક વિકાસ કરી રહ્યું છે. જ્યારે હું આંકડાઓ વાંચતો હતો ત્યારે તે કહે છે કે ભારત આ વર્ષના અંત સુધીમાં જાપાનને પાછળ છોડીને ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. અને કદાચ ૨૦૨૭ સુધીમાં ભારત અમેરિકા અને ચીન પછી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

# પંજાબ IPL પ્લેઓફની રેસમાંથી બહાર

## બેંગલુરુએ પ્લેઑફ માટે ક્વોલિફાય થવાની આશા જીવંત

મુંબઇ,

પંજાબ કિંગ્સ ગુરુવારે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. ટીમને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ એ તેમના હોમ ગ્રાઉન્ડ ધર્મશાલામાં ૬૦ રને પરાજય આપ્યો હતો. આ જીત સાથે, બેંગલુરુએ પ્લેઑફ માટે ક્વોલિફાય થવાની આશા જીવંત રાખી છે.



HPCA સ્ટેડિયમમાં પંજાબે ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. RCBએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૪૧ રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ ૯૨, રજત પાટીદારે ૫૫ અને કેમરૂન ગ્રીને ૪૬ રન બનાવ્યા હતા. પંજાબ તરફથી હર્ષલ પટેલે ૩ અને વિદ્વત કવેરપ્પાએ ૨ વિકેટ ઝડપી હતી. પંજાબ કિંગ્સ ૧૭ ઓવરમાં ૧૮૧ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ તરફથી રિલી રુસોએ ૬૧ રન બનાવ્યા હતા. જ્યારે શશાંક સિંહ માત્ર ૩૭ રન જ બનાવી શક્યો, જોની બેયરસ્ટો ૨૭ રન અને સેમ કરન માત્ર ૨૨ રન બનાવી શક્યો. બેંગલુરુ તરફથી મોહમ્મદ સિરાજે ૩ વિકેટ લીધી હતી. કર્ણ શર્મા, સ્વપ્નિલ સિંહ અને લોકી ફર્ગ્યુસને ૨-૨ વિકેટ લીધી હતી.

# બિનનિવાસી ભારતીયોએ ૧૧૧ અબજ ડોલર ‘વતન’માં ઠાલવ્યા

## ૧૦૦ અબજ અમેરીકી ડોલરથી વધુ નાણાં વતનમાં મોકલાયા હોય તેવો ભારત પ્રથમ દેશ



નવીદિલ્હી,

નાણાંકીય મેનેજમેન્ટમાં મોટા બદલાવ વચ્ચે બિન નિવાસી ભારતીયોએ અઢળક નાણાં વતનમાં મોકલ્યા છે. વિશ્ર્વના અન્ય કોઈપણ દેશનાં નાગરીકો કરતા સૌથી વધુ નાણાં ભારતીયોએ મોકલ્યા છે, ૨૦૨૨ માં બિન નિવાસી ભારતીયોએ ૧૧૧ અબજ અમેરીકી ડોલર ભારતમાં ઠાલવ્યા હતા. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર નાઈઝેશન (આઈઓએમ)ના રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, ૧૦૦ અબજ અમેરીકી ડોલરથી વધુ નાણાં વતનમાં મોકલાયા હોય તેવો ભારત પ્રથમ દેશ બન્યો છે.

આ નાણા સીધા વિદેશી રોકાણ કરતાં પણ વધુ છે. ૨૦૨૨ માં બીન નિવાસી નાગરીકોએ ૮૩૧ અબજ ડોલર વતનમાં મોકલ્યા હતા. તે ૨૦૦૦ માં ૧૦૨ અબજ ડોલર કરતાં ૬૫૦ ટકા વધુ છે.મહત્વની વાત એ, છે કે ૮૩૧ ૬૦૭ અબજ ડોલર ઓછી કે મધ્યમ આવક ધરાવતાં દેશોમાં મોકલવામાં આવ્યા છે.

# શું પાકિસ્તાન પાસે એવું કોઈ પ્લેટફોર્મ છે જ્યાં તે જઈને કહી શકે કે અમારી સુરક્ષા માટે ખતરો છે : પાકિસ્તાની પત્રકાર

નવીદિલ્હી,

ભારતમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણી વચ્ચે પાકિસ્તાનમાં નવી સંસદમાં સ્થાપિત ‘અખંડ ભારત’ની ગ્રેફિટીને લઈને વિવાદ ઊભો થયો છે. પાકિસ્તાની પત્રકારો અને વિદેશી બાબતોના નિષ્ણાતોએ આરોપ લગાવ્યો છે કે આ ભારતના પડોશી દેશોની સુરક્ષા માટે ખતરો છે. તેમનું કહેવું છે કે આ દ્વારા ભારત પાડોશી દેશો પર પોતાનો દાવો રજૂ કરવા માંગે છે. પત્રકાર હામિદ મીરે જિયો ટીવી પરના તેમના ટોક શોમાં પ્રશ્ન કર્યો હતો કે જો કોઈ દેશની સંસદમાં નકશો મુકવામાં આવે જેમાં ૫-૬ પાડોશી દેશોનો સમાવેશ થાય અને ખુલ્લેઆમ કહેતા હોય કે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ, ભૂતાન. – આ તમામ ભારતનો ભાગ બની જશે. શું પાકિસ્તાન પાસે કોઈ આંતરરાષ્ટ્રીય મંચ છે જ્યાં જઈને તે કહી શકે કે અમારી સુરક્ષા જોખમમાં છે, અમને ખતરો છેપ તમે અમને બચાવો?

પાકિસ્તાની રાજદ્વારી એજાઝ અહમદ ચૌધરીએ હામિદ મીરના જવાબમાં કહ્યું કે તમામ દેશોએ રાજદ્વારી રીતે તેનો વિરોધ કરવો જોઈએ. હામિદ મીરે કહ્યું કે આરબ દેશોએ પણ ‘અખંડ ભારત’ નકશાનો વિરોધ કરવો જોઈએ. ભારત સાથે મિત્રતા વધારવા માટે આરબ દેશો પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, આપણે ખાસ ૫ કરીને એવા આરબ દેશોનો વિરોધ કરવો જોઈએ જેઓ મોદી સાહેબના ગળામાં મોટો હાર પહેરાવે છે. તેમને કહેવું જોઈએ કે તેઓ તેમની સાથે મિત્રતા રાખે પરંતુ તેઓ તમારા વિશે શું કહે છે તે જુઓ.

આ મુદ્દે પાકિસ્તાની રાજદ્વારી એજાઝ અહેમદે કહ્યું કે અરબ દેશો હાલમાં ભારત સાથે તેમનો વેપાર વધારવામાં વ્યસ્ત છે, તેઓને કોઈ પરવા નથી કે ભારત તેમના વિશે શું અભિપ્રાય ધરાવે છે. તેમણે વધુમાં કહ્યું કે, ‘ભારત માને છે કે કેટલાક સો વર્ષ પહેલા અહીં આવેલા આરબો ઘૂસણખોરી છે.

# વિશ્વકપ પહેલા પાકિસ્તાનના ખેલાડીઓ અંદર અંદર બાખડ્યાં

મુંબઇ,

આઈપીએલ પુરી થતીની સાથે શરૂ થઈ જશે ક્રિકેટનો મહાકુંભ. જીહાં, આ વખતે અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાઈ રહ્યો છે ટી ૨૦ ભારત સહિત વિવિધ દેશોએ પોતાની ટીમોની જાહેરાત પણ કરી દીધી છે. એવામાં વર્લ્ડ કપના ઠીક પહેલાં પાકિસ્તાનની ટીમનો એક વીડિયો હાલ ખુબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં પાકિસ્તાનના ખેલાડીઓ અંદરો અંદર ઝઘડો કરી રહ્યાં હોય તેવું પ્રતિત થઈ રહ્યું ખાસ કરીને પાકિસ્તાની પ્લેયર ઈમાદ વસીમ અને બાબર આઝમ વચ્ચે કોઈક બાબતે ભારે ટક્કર થઈ હોય તેવું દેખાઈ રહ્યું છે. આખરે શું છે મામલો જાણીએ આ અહેવાલમાં...

શું ખરેખર ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા પાકિસ્તાની ટીમમાં શરૂ થઈ ગઈ છે લડાઈ? બાબર આઝમ સાથે ઈમાદ વસીમની ટક્કરનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છેકે, બાબર આઝમની આગેવાની હેઠળની પાકિસ્તાની ક્રિકેટ ટીમ હાલમાં ૨૦૨૪ ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા બે મહત્વપૂર્ણ શ્રેણીની તૈયારી કરી રહી છે. ટી ૨૦ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન આયર્લેન્ડ, કેનેડા અને અમેરિકાની સાથે ગ્રુપ છમાં છે. પાકિસ્તાન ૬ જૂને અમેરિકા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. આયર્લેન્ડ સામેની ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી ૧૦મીથી શરૂ થશે. ત્યાર બાદ ૨૨ મેથી ઈંગ્લેન્ડ સામે ૪ ટી૨૦ મેચોની ટી૨૦ સીરીઝ રમાશે.ટી ૨૦ વર્લ્ડ કપમાં રિષભ પંત નહીં પણ સંજુ સેમસન નંબર-૧ વિકેટકીપર હોવો જોઈએ?

# ચીનનું ચંદ્ર પરનું ‘ચાંગે ૬ મૂન’ અવકાશયાન ચંદ્રની ડાર્ક સાઈડ પર નમૂના લેશે



બીજીંગ

ચીને તેનું નવું અવકાશયાન ચંદ્રની ડાર્ક સાઈડમાં મોકલ્યું છે. એટલે કે, ચંદ્રનો તે ભાગ જે આપણે પૃથ્વી પરથી જોઈ શકતા નથી. જ્યાં ક્યારેય સૂર્યપ્રકાશ પહોંચતો નથી. તેને ચંદ્રની દૂરની બાજુ અથવા કાળી બાજુ પણ કહેવામાં આવે છે. એક એવી જગ્યા જ્યાં દુનિયાનો કોઈ દેશ જવાની હિંમત ન કરી શકે. ચીન ત્યાં શું શોધશે? ચીનના નવા ચંદ્ર મિશનનું નામ ચાંગે ૬ છે. ચંદ્રની કાળી બાજુ તરફ જવાનું ચીનનું આ બીજું મિશન છે. જો તે સફળ થાય છે, તો તે ચંદ્રની ડાર્ક બાજુથી નમૂનાઓ લાવવાનું વિશ્વનું પ્રથમ મિશન હશે. તેની સફળતાથી ચીન વિશ્વમાં પોતાનું વિજ્ઞાન અને ટેકનોલોજી સાબિત કરશે.

આ મિશન ૩ મે ૨૦૨૪ ના રોજ વેનચાંગ સ્પેસ લોંચ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. ચાંગ’ઈ ૬ મૂન મિશન અવકાશયાન લોન્ચ થયાના ૩૦ મિનિટ પછી તેના ઝઢપ રોકેટથી અલગ થઈ ગયું. તે લોંગ માર્ચ રોકેટ પરિવારનો એક ભાગ છે. ચીનનું રોકેટ સંભવતઃ આવતીકાલે એટલે કે ૮ મે ૨૦૨૪ના રોજ ચંદ્રની દૂરની બાજુએ પહોંચી જશે.

ચંદ્રનો માત્ર એક ભાગ જ આપણી આંખોને દેખાય છે. તેને નજીકની બાજુ કહેવામાં આવે છે. પરંતુ તેની પાછળની બાજુને ડાર્ક અથવા દૂરની બાજુ કહેવામાં આવે છે. કારણ કે તે આપણી આંખોને દેખાતું નથી. એટલા માટે નહીં કે સૂર્યપ્રકાશ ત્યાં પડતો નથી, પરંતુ કારણ કે ચંદ્ર પૃથ્વી સાથે બહુટાઈટલી રીતે સંકળાયેલો છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચંદ્રની ડાર્ક સાઈડ પર ઘણી ચર્ચા થઈ રહી છે.

# જાણીતી અભિનેત્રી આલિયા બીજી વાર ડીપ ફેકનો ભોગ બની



મુંબઇ

બોલીવૂડની હિરોઈનોના ડીપ ફેક વીડિયોનો સિલસિલો ચાલ્યો છે. આલિયા ભટ્ટ બીજી વાર ડીપ ફેકનો ભોગ બની છે. કોઈએ મૂળ વામિકા ગબ્બીના ઓરિજિનલ વીડિયોમાં ચેડાં કરી તેના પર આલિયાનો ફેસ મોર્ફ કરી દીધો હતો.

થોડા દિવસો પહેલાં જ સંજય લીલા ભણશાળીની વેબ સીરીઝ ’હીરા મંડી’નું પ્રિમિયર યોજાયું હતું. તેમાં વામિકા ગબ્બી લાલ રંગની સાડીમાં સજ્જ થઈને હાજર રહી હતી. આ ઈવેન્ટમાં આલિયા ભટ્ટ પણ હાજર હતી. વામિકાએ પોતાના પરિધાનનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો જે ભારે વાયરલ પણ થયો હતો. લોકોએ ઓટીટીની ટોચની સ્ટાર ગણાતી વામિકાના વીડિયો તથા લાલ સાડીમાં તેના લૂક્સના બહુ વખાણ કર્યાં હતાં.

જોકે, બાદમાં સોશિયલ મીડિયા પર એ જ સાડી-બ્લાઉઝ અને હેર સ્ટાઈલ સાથે આલિયા ભટ્ટનો વીડિયો પણ વાયરલ થતાં લોકોને નવાઈ લાગી હતી. જોકે, ચકોર નેટ યૂઝર્સએ તરત જ પકડી પાડયું હતું કે મૂળ વામિકા ગબ્બીના વીડિયોમાં કોઈએ ચેડાં કરી વામિકાના સ્થાને આલિયાનો ચહેરો મૂકી દીધો છે. લોકોએ તરત જ આ ડીપ ફેક પર પસ્તાળ પાડી હતી અને તેની સામે કાનૂની કાર્યવાહીની માંગ કરી હતી.

# મિસ્ટર એન્ડ મિસિસ માહીનું પોસ્ટર રિલીઝ : જાહ્નવી-રાજકુમાર સ્ટેડિયમમાં ચીયર કરતા જોવા મળ્યા

મુંબઇ

જાન્હવી કપૂર અને રાજકુમાર રાવ અભિનીત ફિલ્મ ’મિસ્ટર એન્ડ મિસિસ માહી’ તેની રિલીઝને લઈને ઘણા સમયથી ચર્ચામાં છે. શરણ શર્મા દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના જીવન પર આધારિત સ્પોર્ટ્સ ડ્રામા છે. તે જ સમયે, હવે ફિલ્મના કેટલાક વધુ પોસ્ટર્સ રિલીઝ કરવામાં આવ્યા છે, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે.

રાજકુમાર રાવ આ દિવસોમાં પોતાની બે ફિલ્મોને લઈને ચર્ચામાં છે. અભિનેતાની ફિલ્મ શ્રીકાંત પણ ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. બીજી તરફ તે જાન્હવી કપૂર સાથે ’મિસ્ટર એન્ડ મિસિસ માહી’માં પણ જોવા મળશે. હવે તાજેતરમાં, નિર્માતાઓએ ફિલ્મના કેટલાક નવા પોસ્ટર પણ રિલીઝ કર્યા છે, જેમાં બંને કલાકારો સ્ટેડિયમમાં ચીયર કરતા જોવા મળે છે. ચાહકોને ફિલ્મનું પોસ્ટર ઘણું પસંદ આવી રહ્યું છે. તે જાણીતું છે કે ફિલ્મ ’મિસ્ટર એન્ડ મિસિસ માહી’ ની જાહેરાત નવેમ્બર ૨૦૨૧ માં નિર્માતા કરણ જોહરે કરી હતી, અને તેનું શૂટિંગ મે ૨૦૨૨ માં શરૂ થયું હતું. આ ફિલ્મ ૨૦૨૧ની હોરર થ્રિલર ’રૂહી’ પછી જાન્હવી અને રાજકુમારના બીજા સહયોગને ચિહ્નિત કરે છે. આ ફિલ્મમાં અભિષેક બેનર્જી, રાજેશ શર્મા, કુમુદ મિશ્રા, ઝરીના વહાબ અને પૂર્ણેન્દુ ભટ્ટાચાર્ય પણ મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મનું શૂટિંગ ૧ મેના રોજ પૂર્ણ થયું હતું.

તમને જણાવી દઈએ કે આ ફિલ્મ ૩૧ મે ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. પહેલા તે ૧૯ એપ્રિલે રિલીઝ થવાની હતી, પરંતુ હવે મેકર્સે તેની તારીખ



# ટી ૨૦ વર્લ્ડ કપમાં રિષભ પંત નહીં પણ સંજુ સેમસન નંબર-૧ વિકેટકીપર હોવો જોઈએ?

નવીદિલ્હી,

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ શરૂ થવામાં હવે માત્ર થોડા જ દિવસો બાકી છે અને પ્લેઈંગ ઈલેવનમાં કયા ખેલાડીઓને તક મળશે તે અંગે ચર્ચાએ જોર પકડ્યું છે. રોહિત શર્મા સાથે કોણ ઓપનિંગ કરશે? ટીમમાં સ્પિનરો કોણ હોવા જોઈએ? જસપ્રીત બુમરાહની સાથે ફાસ્ટ બોલિંગની કમાન કોને મળશે? દરેક પ્રશ્નનો જવાબ સરળ નથી. ઓપનિંગ પછી જો કોઈ સૌથી મુશ્કેલ પ્રશ્ન હોય તો તે વિકેટકીપરનો છે, જેમાં રિષભ પંત અને સંજુ સેમસન વચ્ચે સ્પર્ધા છે. આ સ્થાન કોને મળવું જોઈએ તે વિશે દરેકનો પોતાનો અભિપ્રાય છે, પરંતુ સેમસને પોતાનો દાવો ખૂબ જ મજબૂત કર્યો છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ૩૦ એપ્રિલે ટી ૨૦ વર્લ્ડ કપ માટે ટીમની જાહેરાત કરી હતી, જેમાં રિષભ પંત અને સંજુ સેમસનને વિકેટકીપર-બેટ્સમેનની ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યા હતા. પંતનો આ ત્રીજો ટી ૨૦ વર્લ્ડ કપ હશે, જ્યારે સેમસન પહેલીવાર આઈસીસી ઈવેન્ટનો ભાગ બનશે. બંને ખેલાડીઓ અલગ-અલગ સંજોગોમાં આ વર્લ્ડ કપમાં આવ્યા છે. પંત દોઢ વર્ષ સુધી ક્રિકેટથી દૂર રહ્યા બાદ પુનરાગમન કરી રહ્યો છે, જ્યારે સેમસન સતત અવગણના બાદ શાનદાર સિઝનના આધારે જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે.

સુત્રો પાસેથી મળેલા સમાચાર મુજબ અત્યાર સુધી ટીમ મેનેજમેન્ટ રિષભ પંતને પ્લેઈંગ ઈલેવન માટે પ્રથમ પસંદગી તરીકે બોલાવી રહ્યું છે. પંતે અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં ૧૨ ઈનિંગ્સમાં ૪૧ની એવરેજ અને ૧૫૬ના મજબૂત સ્ટ્રાઈક રેટથી ૪૧૩ રન બનાવ્યા છે. સારી વિકેટકીપિંગ અને બેટિંગ સિવાય તેને ટીમમાં રાખવાનું કારણ એ છે કે તે ડાબોડી બેટ્સમેન છે, જેની ઉણપ ટીમ ઈન્ડિયા અનુભવી રહી છે. આવું હોવા છતાં આઈપીએલ ૨૦૨૪ ના પ્રદર્શનને જોતા સંજુ સેમસન આ વખતે વધુ સારો વિકલ્પ જણાય છે.

# રાજકોટ જીએસટી વિભાગનો સપાટો : એક હજારથી વધુ બેંક ખાતા ટાંચમાં મૂકી દીધા

## ૯૦ દિવસમાં જે વેપારીઓએ અપીલ ન કરી તેઓ ઝપટે ચડી ગયા: વેપારીઓનાં લાખોના વ્યવહારોને મોટી અસર પડી

રાજકોટ, હાલમાં જ લોકસભાની ચૂંટણીઓ પૂરી થઇ છે. આ સાથે જ જુદા-જુદા સરકારી ખાતાઓ પણ સક્રિય બન્યા છે. ખાસ કરીને જી.એસ.ટી. તંત્ર જે છેલ્લા એકથી દોઢ માસથી લગભગ નિષ્ક્રીય થઇ ગયું હતું. તે ફરી સક્રિય બન્યું છે અને ચૂંટણીઓ પૂરી થતાં જ વેપારીઓ સામે દંડનાં ધોકા ઉગામ્યા છે. આમ ચૂંટણીઓ પૂરી થતાની જ સાથે વેપારીઓનો મરો થવાની શરૂઆત થઇ ગઇ છે.




આ અંગેની વેપારી વર્તુળ અને જી.એસ.ટી. વિભાગનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તાજેતરમાં જ જી.એસ.ટી. તંત્રએ વર્ષ ૨૦૧૭-૧૮ અને ૧૮-૧૯નાં કેસોમાં લાખો રૂપિયાનાં વેરાની ડિમાન્ડ ઉભી કરી અને વેપારીઓને નોટીસો ફટકારી હતી અને વેરાની પઠાણી ઉઘરાણી કરી હતી. જો કે તંત્રએ આ કેસોમાં વેપારીઓને સાંભળવાની પૂરી તક આપ્યા વિના જ સિધા વેપારીઓનાં બેંક ખાતા ટાંચમાં લઇ લેતા વેપારી વર્ગમાં જબરો દેકારો થઇ ગયો છે.સૂત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ રાજકોટ જી.એસ.ટી. વિભાગે એક હજારથી વધુ વેપારીઓનાં બેંક ખાતાઓ ઉપર ટાંચ મુકી દીધી છે. એવી વિગતો પણ સાંપડે છે કે સંબંધીત વેપારીઓને નોટીસો ફટકાર્યા બાદ જે વેપારીએ ૯૦ દિવસની મુદતમાં ડિમાન્ડની ૧૦ ટકા રકમ ભરી અપીલ દાખલ કરી ન હોય તેવા વેપારીઓનાં કેસોમાં તંત્રએ એક તરફી આદેશો કરી અને એક હજારથી વધુ વેપારીઓનાં બેંક ખાતા ઉપર સીધી ટાંચ મુકી દીધી છે.વેપારીઓને પૂરી તક આપ્યા વિના જ તંત્રએ બેંક ખાતાઓ ટાંચમાં લઇ લેતા વેપારીઓના લાખો રૂપિયાનો રોજીંદો નાણાંકીય વ્યવહાર ખોરવાઇ ગયો છે અને વેપારી વર્ગ ભારે મુશ્કેલીમાં મુકાઇ ગયો છે. વેપારી વર્ગ એવી હૈયા વરાળ ઠાલવે છે કે ચૂંટણીઓ પૂરી થાં જ તંત્રએ પોત પ્રકાશ્યું છે અને વેપારીઓને ફરી એકવાર ઝપટે લીધા છે.

# રાજકોટના ૫૪ ખેલાડીઓએ ઓપન ગુજરાત કરાટે સ્પર્ધામાં ડંકો વગાડ્યો




રાજકોટ

જેમાં ગુજરાતમાંથી ગીર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, ભાવનગર, સુરેન્દ્રનગર, મોરબી, અમદાવાદ, સુરત, નવસારી, અમરેલી, આ બધા જ જીલ્લાઓમાંથી આશરે ૬૫૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાંથી રાજકોટના પ્લાનેટ કરાટે એકેડેમીના ૫૪ ખેલાડીઓએ કાતા અને ફાઈટમાં ભાગ લીધો હતો.

જેમાં ફાઈટમાં ૨૩ ગોલ્ડ અને કાતામાં ૨૫ ગોલ્ડ મેળવ્યા હતા. આ બધા જ વિદ્યાર્થીઓ છેલ્લા ૨-૩ વર્ષથી પ્લાનેટ કરાટે એકેડેમીના કરાટે કોચ સચિન આર. ચૌહાણ પાસે તાલીમ મેળવી રહ્યા છે. આ સિધ્ધી મેળવવા બદલ ગુજરાત વાડો-કાઈ કરાટે ડો એસોસિએશનના પ્રેસીડેન્ટ શિહાન પ્રવિણકુમાર ચૌહાણ અને સ્કુલ પ્રિન્સિપાલોએ અભિનંદન પાઠવ્યા છે.

# રવિવારે રાજકોટમાં રઘુવંશી સમાજનો પ્રથમ પરિચય મેળો

રાજકોટ,

શ્રી બજરંગ ગ્રુપ રાજકોટનાં ઉપક્રમે તા. ૧૨ ને રવિવારે બપોરે ૧ વાગ્યાથી હેમુ ગઢવી નાટ્ય ગૃહ, ટાગોર માર્ગ ખાતે રઘુવંશી સમાજનાં લગ્ન-ઈચ્છુદક યુવક-યુવતીઓ માટેનો પ્રથમ પરિચય મેળાનું આયોજન કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા યોજાયેલ આ પરિચય મેળાનાં સમારોહ અધ્યયક્ષ રાજુભાઇ પોબારૂ (પ્રમુખ લોહાણા મહાજન-રાજકોટ) જયારે ઉદ્?ઘાટક કેતનભાઇ ઠકકર આઈએએસ ડી.ડી.ઓ. પોરબંદર મુખ્યા મહેમાન તરીકે ઓર્થો. સર્જન ડો. નિશાંત ચોટાઇ કારોબારી પ્રમુખ રાજકોટ લોહાણા મહાજન) શ્રીમતી રીટાબેન કોટક, માનદ મંત્રી (રા.લો. મહાજન), ડો. વિવેક ખખ્ખુર ઓર્થો. સર્જન




રઘુવંશી રત્નટ તથા શ્રી પ્રિયવદનભાઇ કકકડ એમ. ડી. કામનાથ ગ્રુપ ઓફ કંપની ઉપસ્થિખત રહેશે. જેમાં ૧૬૩ યુવતીઓ અને ૨૪૦ યુવકો ભાગ લેશે.

આયોજનને સફળ બનાવવા સંસ્થાહના પંકજભાઇ કારીયા, હેમલભાઇ ખંધેડીયા, દિપકભાઇ ઠકરાર, રાઘવભાઇ ગણાત્રા, હેમતભાઇ કોટક, વાહિદભાઇ મારફાણી, હર્ષદસિંહ જાડેજા, ભગીરથસિંહ જાડેજા, જયોતિબેન તથા વિજયભાઇ ભટ્ટ, હિરેનભાઇ પોપટ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં માનસિક વિકલાંગ બાળકો માટે નિઃશુલ્ક્ સમર કેમ્પ યોજાયો

રાજકોટ,

માનસિક રીતે વિકલાંગ બાળકો માટે કાર્યરત સેતુ વર્કશોપ એન્ડ્ હોબી સેન્ટર દ્વારા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉનના સહયોગથી તા. ૮ થી ૧૮ સુધી સાંજે ૫.૩૦ થી ૭.૩૦ ન્યુ એરા સ્કુકલ, સદ્દગુરૂ કોમ્પલેક્ષની સામે, રૈયા રોડ ખાતે ૮ માં સમર કેમ્પમનું આયોજન કરેલ છે.જેમાં મેન્ટીલી એન્ડ? ફીઝીકલી ચેલેન્જ બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.



૧૦ દિવસના આ સમર કેમ્પવમાં બાળકોને કલરીંગ, વિવિધ જાતના ક્રાફટ, યોગ, પીકનીક, મેઇક એન્ડ ઇટ ફુડ એકટીવીટી કરાવી તેનામાં રહેલી શક્તિશ બહાર આવે તેવા પ્રયાસો કરાશે. આ વખતના સમર કેમ્પમાં આર્ટ એકટીવીટીનો એક નવતર પ્રયોગ પણ હાથ ધરાયો છે.

ઉલ્લેખનીય છે કે આ બાળકો માટે અગાઉ માઉન્ટેવન્ડ પોલીસ લાઇનમાં રાઇડીંગ કલબના સહયોગથી અશ્વ શો નિહાળવાની વ્યવસ્થા કરાઇ હતી. આ વર્ષે અટલ સરોવરની મુલાકાત ગોઠવાઇ રહી છે. આ બાળકોને જે એકટીવીટી કરાવવામાં આવે છે તેનું મટીરીયલ પણ સેન્ટરમાંથી નિઃશુલ્ક અપાય છે. ઉપરાંત દરરોજ ગરમ નાસ્તોન અને છેલ્લે દિવસે શ્યોર ગીફટ અપાશે. વધુને વધુ સંખ્યા?માં માનસીક વિકલાંગ બાળકોને આ સમર કેમ્પમાં જોડવા સેતુ વર્કશોપ દ્વારા જાહેર અનુરોધ કરાયો છે.

# રવિવારે સદગુરૂ પરિવાર ટ્રસ્ટ દ્વારા બીજા તબક્કાનું છાસ ખીચડી વિતરણ કરાશે



રાજકોટ,

રાજકોટ સદગુરૂ પરિવાર ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ માફક ચાલુ વર્ષે પણ ઉનાળાની કાળજાળ ગરમીમાં અને જરૂરિયાતમંદ લોકોની જઠરાગ્નિ ઠારવા માટે વિનામૂલ્યે ૨૨૦૦ પરિવારોને રોજ અંદાજે ૧૮૦૦ લીટર છાસ તથા (દર માસે) બે કિલ્લો ખીચડી (કુલ ૪૪૦૦ કિલ્લો) એમ છાસ ખીચડીનું વિતરણ ગત તા. ૧૪ એપ્રિલને રવિવારથી ત્રણ માસ માટે કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૧૨ ને રવિવારના રોજ બીજા તબક્કાનું વિતરણ સવારે ૯ વાગ્યે સદગુરૂ ધામ, ૫-ગુંદાવાડી, કીશાન સાબુ (મોલની) સામે, રાજકોટ ખાતે કરવામાં આવશે. સમગ્ર પ્રોજેકટ માટે શાંતુભાઈ રૂપારેલીયા, રમેશભાઈ રાચ્છ, મુકેશભાઈ પાબારી, રાકેશભાઈ રાજદેવ, ભરતભાઈ લાખાણી, હરીશભાઈ લાખાણી, સહિતનાઓનું માર્ગદર્શન મળેલ છે.

# રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા દીકરીઓ માટે ઈંગ્લીશ સ્પીકીંગના વેકેશન કલાસીસનું આયોજન

રાજકોટ, રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા રોટરી ના ફોકસ એરીયા બેઝિક લીટ્રસી અને એજ્યુકેશન ના ફિલ્ડ માં ઘણું કામ કરવામાં આવી રહ્યું છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ ગુજરાતી માધ્યમ માં અભ્યાસ કરતી દીકરીઓ રોજ બરોજ ના દૈનિક જીવનમાં સામાન્ય અંગ્રેજી ભાષા નો પ્રયોગ કરી શકે , નાના નાના અંગ્રેજી વાક્યોમાં વાતચીતથી પોતાના રોજિંદા કાર્યો સંપન્ન કરી શકે તેવા ઉમદા આશયથી કલબ દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. હાલમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરિક્ષાઓ આપી હોય એવી ગુજરાતી માધ્યમની દીકરીઓ માટે તા.૧૧ મે થી ૧૦ જુન દરમિયાન ઈંગ્લીશ સ્પીકીન્ગ ના વેકેશન કલાસીસ રોટરી ગ્રેટર ભવન, કોઠારી ડાયગ્નોસ્ટીક સેન્ટર ની બાજુ માં, રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ નં ૨, વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ, ખાતે શરૂ કરવામાં આવી રહયા છે.

પહેલી બેચ સવારે ૯-૩૦ થી ૧૧ તથા બીજી બેચ સવારે ૧૧-૩૦ થી બપોરે ૧ વાગ્યાની રહેશે.રજીસ્ટ્રેશન માટે કલબ દ્વારા એક ગુગલ ફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. જે વિધાર્થીનીઓ આ વેકેશન કલાસીસ કરવા ઈચ્છા ધરાવતી હોય તેમણે નીચે આપેલ ગુગલ લીંક પર કિલક કરી ને ગુગલ ફોર્મ ભરવાનું રહેશે. સોમવાર થી શુક્રવાર એમ અઠવાડિયામાં પાંચ દિવસ કલાસીસ ચાલશે. શનિવાર અને રવિવારે રજા રહેશે.

વેકેશન કલાસીસ ના રજીસ્ટ્રેશન માટે રૂ.૧૦૦ રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવી છે. જે વિધાર્થીનીઓ નિયમિત હાજરી આપી સમગ્ર કોર્ષ પુરો કરશે તેમને ઈ ૧૦૦/- પરત કરવા માં આવશે.આયોજનને સફળ બનાવવા રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર ના પ્રેસિડેન્ટ નિલેશ ભોજાણી, સેક્રેટરી જયદેવ શાહ, ઈશિતા છોટાઈ, શિતલ પટેલ, શિલ્પા ભોજાણી, બિંદુ શાહ તથા સંસ્થાના સભ્યો મેમ્બર્સ જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ માહિતી માટે પંકજ દવેનો મો.૮૧૪૧૦ ૧૫૩૦૦ ઉપર સંપર્ક કરવો

# રાજકોટ શહેરમાં ડ્રોન ઉડાવવા બાબતે પોલીસ કમિશનરનું પ્રતિબંધાત્મક જાહેરનામું

રાજકોટ, રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવે સુરક્ષાને ધ્યાને લઈ કરેલા શહેરમાં ડ્રોન ઉડાવવા બાબતે પ્રતિબંધાત્મક આદેશો ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

આ જાહેરનામા મુજબ, સ્પેશિયલ બ્યૂરો ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના વિવિધ ડેપો-કચેરીઓ, એરપોર્ટ, ભારત પેટ્રોલિયમના વિવિધ ડેપો, સેન્ટ્રલ જેલ, ૬૬ કે.વી. ઈલેક્ટ્રીક પાવર સ્ટેશન, મેઈન રેલ્વે સ્ટેશન, સેન્ટ્રલ બસ સ્ટેશન, આજી ડેમ પાસે દૂરદર્શનના ટ્રાન્સમીટર્સ, ઓલ ઈન્ડિયા રેડિયો સ્ટેશન-આકાશવાણી, પૂર્વ મુખ્યમંત્રીનું નિવાસ-સ્થાન, જિલ્લા કોર્ટ, પોલીસ કમિશનર ઓફિસ, એસ.પી. ઓફિસ, કલેક્ટર ઓફિસ, બી.એસ.એન.એલ. ટેલિફોન એક્સચેન્જ, અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, પંડિત દિનદયાલ સિવિલ હોસ્પિટલ, આજી ડેમ, ન્યારી ડેમ-૧, જી.એસ.સી.એસ.સી ફૂડ ગોડાઉન, એફ.સી.આઈ. ગોડાઉન ઘંટેશ્વર, એસ.આર.પી. ગ્રૂપ-૧૩-ઘંટેશ્વર, ગોપાલ ડેરી-દૂધસાગર રોડ, રેસકોર્સ ગાર્ડન, આજી રિવરફ્રન્ટ બ્રિજ-રેલવે સ્ટેશન પાસે, માઈક્રોવેવ ટાવર-રાજકોટ, રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ, રેલવે કંટ્રોલ ઓફિસ, પાણીનો ટાંકો-રેલવે સ્ટેશન, લોકો શેડ રેલવે સ્ટેશન, રેલવેના વિવિધ વિભાગ સહિતની જગ્યાઓ પર રિમોટથી સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન, એરિયલ મિસાઈલ, હેલિકોપ્ટર કે પેરાગ્લાઈડર, માઈક્રોલાઈટ એરક્રાફટનો પરવાનગી વિના ઉપયોગ કરી શકાશે નહીં. આ જાહેરનામું તા. ૩૦-૦૪-૨૦૨૪ સુધી અમલી રહેશે.

ઉપરોક્ત સ્થળો સિવાયની જગ્યામાં ડ્રોન ઉડાડવા માટે ડ્રોન ચલાવનારા સંચાલક કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય, તેઓએ ડ્રોન કેમેરાની સંપૂર્ણ માહિતી જેવી કે મોડલ, વજન, ક્ષમતાની વિગતો સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે, અને તેનો ઉપયોગ કરતાં પહેલાં જે વિસ્તારમાં ઉપયોગ કરવાનું છે તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા-ઈન્ચાર્જની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. સુરક્ષા એજન્સીઓના રિમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફટને આ આદેશોમાં મુક્તિ આપવામાં આવે છે. આ આદેશોનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ કાયદાકીય પગલાં લેવામાં આવશે.

# ૧૫ મે થી રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૬ ટ્રેનોના સંચાલન સમયમાં આંશિક ફેરફાર




રાજકોટ

મુસાફરોની સગવડતા અને ટ્રેનો ના સમય પાલન માં સુધારો કરવા માટે, પશ્ચિમ રેલવે ૧૫ મે, ૨૦૨૪ થી રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૬ ટ્રેનોના આગમન અને પ્રસ્થાન સમયમાં આંશિક ફેરફારો કરી રહી છે. વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નંબર ૨૨૯૫૭ ગાંધીનગર કેપિટલ-વેરાવળ સોમનાથ એક્સપ્રેસ ગાંધીનગરથી વર્તમાન સમય ૨૧:૫૫ કલાકના બદલે ૨૧:૪૫ કલાકે ઉપડીને, સુરેન્દ્રનગર ૦૦.૦૧ કલાકે, થાન ૦૦.૩૦ કલાકે, વાંકાનેર ૦૦.૫૮ કલાકે, રાજકોટ ૦૧.૪૫ કલાકે, ભક્તિનગર ૦૨.૧૦ કલાકે અને વેરાવળ ૦૫.૪૫ કલાકે પહોંચશે.

૨. ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ ગાંધીનગર થી તેના નિર્ધારિત સમય ૧૦:૩૫ કલાકના બદલે ૧૦:૩૦ કલાકે ઉપડશે. અન્ય તમામ સ્ટેશનો પર આગમન અને પ્રસ્થાનનો સમય માં કોઈ ફેરબદલ નથી.

૩. ટ્રેન નં. ૨૨૯૫૮ વેરાવળ-ગાંધીનગર સોમનાથ એક્સપ્રેસ વેરાવળથી તેના નિર્ધારિત સમયે ૨૧:૫૦ કલાકે ઉપડીને ભક્તિનગર ૦૦.૫૪ કલાકે, રાજકોટ ૦૧.૦૮ કલાકે, વાંકાનેર ૦૧.૫૦ કલાકે, થાન ૦૨.૧૪ કલાકે, સુરેન્દ્રનગર ૦૨.૫૪ કલાકે અને ગાંધીનગર ૦૫:૪૦ કલાકે પહોંચશે.

૪. ટ્રેન નંબર ૧૯૩૧૯ વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસના સમયમાં માત્ર જૂનાગઢ અને રાજકોટ સ્ટેશનો પર જ નજીવો ફેરફાર કરવામાં આવ્યો છે, ત્યારબાદ અન્ય કોઈ સ્ટેશન ના સમય માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ટ્રેન જૂનાગઢ ૨૩.૨૧ કલાકે અને રાજકોટ ૦૨.૧૦ કલાકે પહોંચશે.

૫. ટ્રેન નંબર ૧૯૨૫૨ ઓખા-સોમનાથ એક્સપ્રેસ માં માત્ર રાજકોટ અને ભક્તિનગર સ્ટેશનો પર જ નજીવો ફેરફાર કરવામાં આવ્યો છે, ત્યારબાદ અન્ય કોઈ સ્ટેશન ના સમય માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ટ્રેન રાજકોટ ૦૦.૫૦ વાગ્યે અને ભક્તિનગર ૦૧.૨૫ વાગ્યે પહોંચશે.

૬. ટ્રેન નંબર ૧૯૨૫૧ સોમનાથ-ઓખા એક્સપ્રેસ માં માત્ર ભક્તિનગર અને રાજકોટ સ્ટેશનો પર જ નજીવો ફેરફાર કરવામાં આવ્યો છે, ત્યારબાદ અન્ય કોઈ સ્ટેશન ના સમય માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ટ્રેન ૦૨.૧૧ કલાકે ભક્તિનગર અને ૦૨.૪૦ કલાકે રાજકોટ પહોંચશે.ટ્રેનો ના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

# રાજકોટ જીલ્લામાં ૪થી જૂને ૭ રૂમમાં ૧૪ ટેબલ પર મત ગણતરી કરાશે

## ૧૨.૫૮ લાખથી વધુ મત ગણવા માટે ૨૦ થી વધુ રાઉન્ડ થશેઃ મતગણતરી સ્ટાફની ફાળવણી સહિતની કામગીરી શરૂ

રાજકોટ,લોકસભાના ત્રીજા તબક્કાના શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું છે જેમાં ગુજરાતની ૨૫ બેઠકોમાં સવારથી લઈને સાંજ સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કાળઝાળ ગરમીની આગાહી વચ્ચે આ વખતે ગત લોકસભાની ચૂંટણી કરતા ઓછુ મતદાન જોવા મળ્યું છે જયારે અમુક બેઠકો પર વધુ મતદાન જોવા મળ્યું છે રાજકોટ લોકસભાની બેઠક માટે ૭ રૂમમાં ૧૪ ટેબલ પર ૪ જૂનથી મત ગણતરી શરૂ કરી દેવામાં આવશે.

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી અને એડીશનલ કલેક્ટર ચેતન ગાંધી અને ચૂંટણી અધિકારી એન.કે. મુછાળ દ્વારા માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ સંસદિય મત વિસ્તારમાં ૨૧.૧૨ લાખ મતદારોમાંથી ૧૨.૫૮ લાખથી વધુ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યુ છે.રાજકોટ શહેર અને જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન થયા બાદ મોડી રાત સુધી સાતેય વિધાનસભા બેઠકમાંથી ઈવીએમ અને વીવીપેટ એકઠા કરી કાલાવડ રોડ પર કણકોટ નજીક આવેલ ગવરમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવામાં આવ્યા હતાં અને સ્ટ્રોંગ રૂમ ઉપર ચાપતો બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.મોડી રાત્રે જ કલેક્ટર સહિતના અધિકારીઓએ સ્ટ્રોંગરૂમની મુલાકાત લીધી હતી અને મતગણતરીની તૈયારીઓનું નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. મતગણતરી કેન્દ્રમાં સાત રૂમમાં ચોથી જૂન સવારે આઠ વાગ્યાથી મતગણના શરૂ કરવામાં આવશે જ્યોર એક રૂમમાં બેલેટ પેપરથી થયેલ ૧૫ હજાર જેટલા મતોની ગણતરી શરૂ કરાશે.સાત રૂમમાં ૧૪ ટેબલ ઉપર મતગણતરી શરૂ થશે અને ૧૨.૫૮ લાખથી વધુ મત ગણતરી માટે ૨૦થી વધુ રાઉન્ડ ચાલે તેવા સંકેતો મળી રહ્યા છે અને કલેક્ટર સહિતના અધિકારીઓએ મતગણતરી સ્થાપી ફાળવણી કરવાની કાર્યવાહી શરૂ કરી છે.

# રાજકોટ શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા સિવિલને એલ.આર. અને કોમ્પોનન્ટ મશીન અર્પણ કરાયું

રાજકોટ:ગઈકાલે વિશ્વ થેલેસેમીયા દિવસ નિમિત્તે તેમજ પરશુરામ જન્મોત્સવ અંતર્ગત બ્રહ્મ સમાજ તેમજ શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન આયોજીત રક્તદાન કેમ્પમાં રાજકોટ સિવિલ હોસ્પીટલના થેલેસેમીયાના બાળકોને ૩૦ બ્લડ બોટલ્સ અર્પણ કરવામાં આવેલ છે. શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા રાજકોટ સિવિલ હોસ્પીટલના લાભાર્થે દર અઠવાડિયામાં સરેરાશ ૩ થી ૪ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા ૩૦ લાખનું એલ.આર. મશીન, ૪૦ લાખનું કોમ્પોનન્ટ મશીન રાજકોટ સિવિલને અર્પણ કરવામાં આવેલ.

આ ઉપરાંત થેલેસેમીયાના બાળકોને ડેસ્ફરાલ પમ્પનું વિતરણ કરાયુ હતું અને તેના ઈન્જેકશનની વ્યવસ્થાના પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત થેલેસેમીયાના બાળકોને કરિયાણાની કીટ, જરુરીયાતના સાધનો પુરા પાડવામાં આવે છે. સર્વ પ્રથમ વખત રાજકોટ સિવિલ હોસ્પીટલમાં એક જ દિવસમાં ૮૫૨ બ્લડ બોટલ્સ અર્પણ કરવામાં આવેલ.

# નિઃશુલ્ક ક્રિકેટ કોચિંગ કેમ્પનો શુભારંભ

રાજકોટ:રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા આયોજિત ૨૬ મા નિઃશુલ્ક ક્રિકેટ કોચિંગ કેમ્પનો શુભારંભ સમારોહ યોજાયો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિશેષ સહયોગથી યોજાયેલ આ કેમ્પમાં અસંખ્ય તાલીમાર્થીઓ નિયમિત તાલીમ લઈ રહ્યા.આ સભારંભમાં ડો. નિલાંબરીબેન દવે (વાઈસ ચાન્સેલર-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી), નરેન્દ્રભાઈ દવે (સહવ્યવસ્થા પ્રમુખ- સૌરાષ્ટ્ર પ્રાંત-રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ટ્રસ્ટી-સેવાભારતી-ગુજરાત), વીરેન્દ્રભાઈ વેગડા (કોચ-રણજી ટ્રોફી) ઉપરાંત બેંક પરિવારમાંથી જીમ્મીભાઈ દક્ષીણી (કાર્યકારી ચેરમેન), બેંકના ડિરેકટરગણમાંથી દીપકભાઈ મકવાણા (પ્રોજેક્ટ ચેરમેન), હંસરાજભાઈ ગજેરા (પ્રોજેક્ટ ડીરેકટર), અશોકભાઈ ગાંધી (પ્રોજેક્ટ ડીરેકટર), ચંદ્રેશભાઈ ધોળકીયા, દિનેશભાઈ પાઠક, વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર-સીઈઓ), રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.), ભવાનીસિંહ રાઠોડ (એ.જી.એમ.- બેંકિંગ), જયેશભાઈ છાટપાર (એ.જી.એમ.- આઈ.ટી.), વગેરે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં આભારદર્શન દીપકભાઈ મકવાણાએ અને સરળ-સફળ સંચાલન ભરતભાઈ કુંવરીયાએ કરી હતી.

# કણકોટ મતગણતરી કેન્દ્ર પર થ્રી-લેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

## સ્ટ્રોંગરૂમ બહાર સીઆરપીએફ, બિલ્ડિંગના ગેટ પર એસઆરપી અને મેન ગેટ પર પોલીસના જવાનો તૈનાત : ક્લાસવન અધિકારીને રાઉન્ડ ધ ક્લોક ડ્યૂટી સોંપાઈ

રાજકોટ

રાજકોટ સહિત રાજ્યભરમાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને રાજકોટ સંસદીય મત વિસ્તારમાંથી મતપેટીઓ કાલાવડ રોડ પર કણકોટ નજીક આવેલ ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ ખાતે તૈયાર કરાયેલા સાત સ્ટ્રોંગરૂમમાં રાખી દેવામાં આવી છે ત્યારે આ સ્ટ્રોંગરૂમની સુરક્ષા માટે જિલ્લા કલેક્ટરે સીઆર પીએફ, એસઆરપી અને પોલીસના જવાનોનો થ્રીલેયર સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે અને રાઉન્ડ ધ ક્લોક ક્લાસવન અધિકારી સહિતના અધિકારીઓ પણ સ્ટ્રોંગરૂમ ખાતે ફરજ સોંપી દેવામાં આવી છે.

રાજકોટ લોકસભાની શાંતિપૂર્ણ માહોલ વચ્ચે ૭ મેના રોજ મતદાન કરવામાં આવ્યું હતું અને રાજકોટ સંસદિય મત વિસ્તારમાં ૫૯.૬૯ ટકા જેટલું મતદાન થયું છે. શાંતિપૂર્ણ માહોલમાં મતદાનપૂર્ણ થયાબાદ મતગણતરી આગામી તા. ૪ જૂનના રોજ રાખવામાં આવી છે ત્યારે મત પેટીઓની સુરક્ષા માટે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ કાલાવડ રોડ કણકોટ નજીક આવેલ ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ ખાતે અલગ અલગ સાત સ્ટ્રોંગરૂમ તૈયાર કરાવ્યા છે.સીસીટીવીથી સજ્જ સ્ટ્રોંગરૂમ અને સમગ્ર એન્જિનિયરીંગ કોલેજની





તસવીર : દિલિપ ગોહેલ

સુરક્ષા માટે જિલ્લા કલેક્ટરે થ્રીલેયર બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્ય છે જેમાં સીલ કરાયેલા સાત સ્ટ્રોંગરૂમની બહાર સીઆરપીના જવાનો, કણકોટ એન્જિનિયરીંગ કોલેજના મુખ્ય દરવાજા પર એસઆરપીના જવાનો અને એન્જિનિયરીંગ કોલેજના કમ્પાઉન્ડ અને મેઈન ગેઈટ પર પોલીસના જવાનોનો બંદોબસ્ત રાઉન્ડ ધ ક્લોક ગોઠવી દેવામાં આવ્યો છે.

આ ઉપરાંત સ્ટ્રોંગરૂમ ખાતે ત્રણ સીફ્ટમાં ક્લાસવન અધિકારી અને નાયબ મામલતદાર કક્ષાના કર્મચારી અને કારકુનની ટીમને પણ સ્ટ્રોંગરૂમ ખાતે ફરજ સોંપવામાં આવી છે અને સ્ટ્રોંગરૂમની અંદર તૈયાર કરાયેલ સીસીટીવી કેમેરાના ક્ધટ્રોલ રૂમ પર અધિકારીઓની સતત વોચ ગોઠવી દેવામાં આવી છે. એટલું જ નહી પરંતુ સ્ટ્રોંગરૂમની મુલાકાત લેતા અધિકારીઓ, રાજકારણીઓ, પદાધિકારીઓ માટે એક અલગ રજીસ્ટર મેન્ટેન કરવાની પણ ખાસ સુચના આપવામાં આવી છે જેમાં સ્ટ્રોંગરૂમની મુલાકાત લેતા લોકોના નામ, સરનામા, મોબાઈલ નંબર અને વાહન નંબર ની એન્ટ્રી ફરજિયાત બનાવી છે. સ્ટ્રોંગરૂમ ખાતે ગોઠવવામાં આવેલ સુરક્ષા વ્યવસ્થાની આજે ગુજરાત કલેક્ટરે સમીક્ષા કરી હતી અને તેમનીસાથે ચૂંટણી અધિકારી એન.કે. મુછાળ પણ જોડાયા હતાં. અને કામગીરીની સમીક્ષા કરી ફરજ પરના અધિકારીઓ અને જવાનોને સુચનાઓ આપી હતી.

### કણકોટની ઈજનેરી કોલેજના સ્ટ્રોગરૂમની મૂલાકાત લેતા જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ

રાજકોટ લોકસભા બેઠકના ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીએ કણકોટની ઈજનેરી કોલેજના સ્ટ્રોગરૂમની મૂલાકાત લઈ સ્થળ તપાસ કરી હતી. તેની સાથોસાથ સમીક્ષા વ્યવસ્થા તપાસી હતી. અહી એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતીપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થતાની સાથે જ તમામ ૨૨૩૬ મતદાન બુથોના ૭૮૦૦થી વધુ ઈ.વી.એમ.વીવીપેટ કણકોટની સરકારી ઈજનેરી કોલેજના સ્ટ્રોગરૂમમાં સીલ કરી અર્ધલશ્કરી દળોનો ચોકી પહેરો મૂકી દેવામાં આવેલ છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીએ આજે કણકોટની સરકારી ઈજનેરી કોલેજની મૂલાકાત લઈ સ્થળ તપાસ કરી હતી.અહી બે ઉલ્લેખનીય છે કે કણકોટની ઈજનેરી કોલેજ ખાતે આગામી તા.૪ના રોજ રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મતગણતરી થનાર છે.

# ધોળકીયા સ્કૂલનાં સાયન્સ-કોમર્સ પ્રવાહમાં બોર્ડમાં ૧૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો ઝળકયા







તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટઃ

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય? પ્રવાહનું પરીણામ જાહેર થયું છે, દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોળકીયા સ્કૂ.લે સમગ્ર રાજકોટ-ગુજરાતમાં ફરી વિજય ડંકો વગાડી દીધો છે, ધો. ૧૨ સાયન્સ -કોમર્સ પ્રવાહમાં બોર્ડમાં ફર્સ્ટસ નંબરે ૧૦ વિદ્યાર્થી ભાઇ-બહેનો ૯૯.૯૯ પીઆર સાથે ઝળકી ઉઠતા ધોળકીયા સ્કૂ-લ ગ્રુપને ચાર ચાંદ લાગી ગયા છે. આજે સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ-વાલીઓ-શિક્ષકો તથા ખૂદ ધોળકીયા બંધુઓ ક્રિષ્ણ કાંત ધોળકીયા, જીતુભાઇ ધોળકીયા નાચી ઉઠયા હતા, ખુશખુશાલ બન્યો હતા, વિદ્યાર્થીઓએ સ્કૂલો ગજવી મૂકી હતી, ફટાકડાના ધૂમ ધડાકાથી વાતાવરણ ઝૂમી ઉઠયું હતું, ધોળકીયાની રાજકોટ તથા બહારગામની તમામ સ્કૂલોનું રીઝલ્ટડ ૧૦૦ ટકા સાથે ફર્સ્ટત નંબરે રહ્યું છે, છ-૧ગ્રેડમાં પણ ઢગલાબંધ વિદ્યાર્થીઓએ મેદાન માર્યુ છે, ગુજકેટમાં પણ ધોળકીયામાં અભ્યાહસ કરી ચૂકેલા સંખ્યાગબંધ વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઝળહળતી સફળતા મેળવી હોવાનું સ્કૂડલની ખાસ યાદીમાં ઉમેરાયું છે,

# રાજકોટમાં રિક્ષાચાલકની પુત્રી શ્રુતિ નાટડાએ ૯૯.૭૨ પીઆર મેળવ્યા





તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

ધો.૧૨ આર્ટ્સમાં ૯૯.૭૨ ટકા મેળવનાર શ્રુતિ નાટડાએ જણાવ્યું હતું કે માર કરતા મારા માતા-પિતા અને સ્કુલની મહેનત વધારે હતી અમે સામાકાંઠા રહેતા હતા ત્યાંથી સમય ન હોવા છતા પિતા સમય કાઢીને મને મુકવા આવતા હતા. તેના રીક્ષાચાલક પિતા જીલુભાઈ જણાવ્યું હતું કે દીકરીએ પોતાની મહેનતથી આટલા માર્કર્સ મેળવ્યા છે. રાત્રે ૨ વાગ્યા સુધી અભ્યાસ કરતી અને સતત અભ્યાસથી તેની રીતે આગળ વધી છે.

## રાજકોટમાં લારીવાળાનો પુત્ર ૯૮.૭૭ પીઆરઃ, આઇએએસ બનવાનો લક્ષ્યાંક

રાજકોટ,

દેવાણી સુજલે ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૮.૭૭ પી.આર મેળવ્યા છે. સુજલે જણાવ્યું હતું કે, પોતે દિવસની છ કલાક સ્કૂલમાં અભ્યાસ પાછળ ગાળતો હતો. જ્યારે કે ત્રણ કલાક ઘરે જઈને પોતે વાંચન કરતો હતો. કોઈપણ જાતના એક્સ્ટ્રા ક્લાસની તેને જરૂરિયાત નથી રહી. પિતા મનીષ દેવાણી અને માતા જીજ્ઞા દેવાણી રાજકોટ શહેરના બસ સ્ટેશન પાસે સાંજના સમયે ખાણીપીણીની લારી ચલાવે છે. તેમજ પોતાને યુપીએસસી ક્રેક કરીને આઈએસ ઓફિસર બનવું છે.

## ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી કંડકટરની દીકરીએ ૯૯.૯૮ પીઆર મેળવ્યા

રાજકોટ,

ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી નંદાસણા રીસ્તાએ એચએસસી બોર્ડ એકઝામમાં ૯૫.૮૬% સાથે ૯૯.૯૮ પીઆર મેળવી બોર્ડમાં ૨એનડી રેન્ડ મેળવેલો છે. જામનગર જીલ્લાના લાલપુર ગામમાં રહેતી રીસ્તા રાજકોટમાં જૈન હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી તેમના પપ્પા અતુલભાઇ એસ.ટીમાં બસ કંન્ડકટર છે અને માતા રંજનબેન લાલપુરમાં રૂપાવટી પ્રાથમિક શાળામાં શિક્ષીકા છે. રીસ્તા હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી ધણી મુશ્કેલીઓનો સામનો કરી અભ્યાસ કર્યા તેઓને બરાબર બોર્ડ એકઝામ સમયે જ શરીરમાં વિટામીન ઓછા થઇ જવાથી મો અને ગળામાં ચાંદા પડી ગયા હતા. જમવામાં ખુબ તકલીફ પડવી આ દીકરીએ દવા અને સીરપ અને સેલ્ફ કોન્ફીડન્સથી એકઝામ આપી હતી.

## જયરાજસિહ પરમાર ધો.૧૨ માં ૯૨.૭૫ પીઆર સાથે ઉતિર્ણ



રાજકોટ,તા.૯

જયરાજસીહ વિજયસિહ પરમાર એ ધો. ૧૨ની પરીક્ષામાં ૯૨.૭૫ પીઆર મેળવી સફળતાનો ડંકો વગાડ્યો છે.

જયરાજસીહ પરમાર ભણવાની સાથોસાથ અનેક ક્ષેત્રમાં ઉપલબ્ધિઓ હાંસલ કરી છે

તેની સફળતાનો શ્રેય પરમાર પરિવાર તેમજ વડીલોના આશીર્વાદને આપે છે. જયરાજસીહ પરમાર એ માતા-પિતા અને શાળાનું ગૌરવ વધાર્યું છે.

# રાજકોટમાં મોદી સ્કુલે ધો.૧૨ સાયન્સ - કોમર્સમાં સફળતાના નવા શિખર શર કર્યા

## રાજય ટોપ ટેનમાં હર્ષ મહેતાને સ્થાન : ૪૭ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડમાં પાસ

રાજકોટ,

ધો.૧૨ સાયન્સ અને કોમર્સના પરિણામમાં પણ રાજકોટની મોદી સ્કુલે સફળતાના નવા શિખર સર કર્યા છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી પણ જયાં કરાવાય છે તે મોદી સ્કુલમાં આજે ઉત્સવનો માહોલ હતો. ધો.૧૨ કોમર્સના પરિણામમાં બોર્ડ ટોપ ટેનમાં ૯૯.૯૩ પીઆર સાથે







તસવીર : દિલિપ ગોહેલ

સાતમા ક્રમે મહેતા હર્ષ રાજેશભાઈએ ટોચનું સ્થાન મેળવ્યું છે. તે જ રીતે વિષય પ્રથમ ૧૦૦માંથી ૧૦૦ માર્ક મેળવી ૨૧ વિદ્યાર્થીએ સદી મારી છે. એ-૧ ગ્રેડમાં ૪૧ વિદ્યાર્થી છે. આ સાથે આર્ટસમાં પણ મોદી સ્કુલે સારા પરિણામ આપ્યા છે અને ૯૯.૭૫ પીઆર સાથે પારેખ નિરાલી ઉતીર્ણ થયેલ છે. એકાઉન્ટમાં એક વિદ્યાર્થીએ ૧૦૦માંથી ૧૦૦, અર્થશાસ્ત્રમાં એક વિદ્યાર્થીએ ૧૦૦માંથી ૧૦૦, વા.વ્યવસ્થામાં ચાર વિદ્યાર્થીએ ૧૦૦, એસપી સીસી ૭ વિદ્યાર્થીએ ૧૦૦, આંકડાશાસ્ત્રમાં ૧૧ વિદ્યાર્થીએ ૧૦૦, રાજયશાસ્ત્રમાં ૪ વિદ્યાર્થીએ પૂરા ૧૦૦ માર્ક મેળવ્યા છે.

# મનપાની હાઈસ્કુલોનું ઝળહળતું પરિણામઃ ૭૨.૩૦ થી ૧૦૦%

## સરોજીની નાયડૂ ગર્લ્સ હાઈસ્કુલનું ૧૦૦% તથા પી એન્ડ ટી શેઠ હાઈસ્કુલ ૭૨.૩૦ % છાત્રો ઉતિર્ણઃ શેઠ હાઈસ્કુલનું પરિણામ ગત વર્ષ કરતા ૨૫% વધ્યુ

રાજકોટ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડદ્વારા આજેતા. ૯ના ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાનું વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરેલ છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકાની સરોજીની હાઈસ્કુલનું ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) ની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ સાથે ઝળહળતી સફળતા હાંસલ કરેલ છે. જ્યારે શ્રી પી. એન્ડ ટી. વી. શેઠ હાઈસ્કુલનું ૭૨ ટકા પરિણામ આવેલ છે.

આ અંગે મનપાની સતાવાર યાદી મુજબ આજે જાહેર થયેલા ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહના પરિણામમાં મનપા સંચાલિત સરોજિની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલનું સામાન્ય પ્રવાહનું સો ટકા અને પી એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કુલનું ૭૨.૩૦% પરિણામ આવ્યું છે. જેમાં સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલમાં તમામ સતાવન વિદ્યાથીનીઓ પાસ થયેલ છે. શેઠ હાઈસ્કુલમાં ૬૫માંથી ૪૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે.જયારે શેઠ હાઈસ્કુલના ધો. ૧૨ પરિણામમાં ૯૦ થી વધુ પી.આર બે વિદ્યાર્થીઓ અને ૮૧ થી વધુ પી.આર. મેળવનાર આઠ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

# મોરબી મુસ્કાન વેલફેર સોસાયટીના સભ્યએ વૃદ્ધાશ્રમમાંપંખાદાનઆપીજન્મદિનનીકરીઉજવણી



સન્ની વ્યાસ દ્વારા મોરબી

મુસ્કાન વેલફેર સોસાયટીના સભ્ય ક્રિષ્નાબેન કાબરાએ તેમની પુત્રીના જન્મદિવસ નિમિત્તે વૃદ્ધાશ્રમમાં સિલિંગ ફેનનું દાન કરીને જન્મદિવસની સેવામય ઉજવણી કરી હતી.

મુસ્કાન વેલફેર સોસાયટીના સભ્ય ક્રિષ્નાબેન કાબરાએ તેમની પુત્રી નિમાંશી કાબરાના જન્મદિવસ નિમિત્તે મોરબીના વૃદ્ધાશ્રમમાં ચાર પંખા ભેટ કર્યા હતા. આ સાથે જ તેમણે વૃદ્ધાશ્રમમાં વડીલો સાથે ઉજવણી કરી હતી અને ભોજન કરાવી સમાજ માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ.

# રાજકોટ સર્વોદય સ્કુલના ૧૮ છાત્રો કોમર્સમાં એ-૧ ગ્રેડ મેળવ્યો : ગુજકેટમાં સારો દેખાવ



રાજકોટ,

રાજકોટની સર્વોદય સ્કુલનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા અને વિજ્ઞાન પ્રવાહનું ૯૮.૮૬ ટકા જેવું નોંધપાત્ર પરિણામ આવ્યું છે. જે બદલ આચાર્યા ગીતાબેન ગાજીપરા, મેનેજીંગ ડિરેક્ટર અક્ષભાઈ ગાજીપરા, કેમ્પસ ડિરેક્ટર શ્રુતી ગાજીપરા, એકેડેમી હેડ કમલેશભાઈ ત્રિવેદી અને શિક્ષક પરિવારે અભિનંદન પાઠવ્યા છે.સમગ્ર બોર્ડમાં સાતમા ક્રમે ભુત હેમાંગીએ ૯૯.૯૩ પીઆર, ટીલાળા પ્રિન્સીએ ૯૯.૮૪, ડોડીયા મીતે ૯૯.૮૦ સહિત ૧૮ વિદ્યાર્થીએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે. ૯૯ ઉપર ૧૬, ૯૫ ઉપર ૪૫ અને ૯૦ પીઆર ઉપર ૭૦ વિદ્યાર્થી છે. વિષય ફર્સ્ટ કુલ ૧૩ વિદ્યાર્થીમાં આંકડાશાસ્ત્રમાં ૩, વાણિજય વ્યવસ્થામાં ૩, એસપીમાં ૬ અને નામામાં એક વિદ્યાર્થીને ૧૦૦માંથી ૧૦૦ ગુણ આવ્યા છે. વિજ્ઞાન પ્રવાહમાં ૯૯ પર ૧, ૯૮ પર ૬, ૯૭ પર ૯ અને ૯૦ પીઆર ઉપર ૨૬ વિદ્યાર્થી છે. સાયન્સમાં કોઠારીયા આસ્થા ૯૯.૬૩ પીઆર સાથે શાળા પ્રથમ અને ગુજકેટમાં ૧૨૦માંથી ૧૧૨.૫૦ ગુણ સાથે સફળ થયા છે.

# રાજકોટમાં ટયુશન વગર જાત મહેનતે આંશલ બોરીચાએ ૯૯.૨૦ પીઆર મેળવ્યા

રાજકોટ

આજરોજ ધો.૧૨ સાયન્સ અને કોમર્સનું પરિણામ જાહેર થયું છે. ત્યારે આ વર્ષે પણ વિદ્યાર્થીનીઓએ બાજી મારી છે. બોરીચા પરિવારની આંશલએ ૯૯.૨૦ પીઆર મેળવી પરિવાર અને શાળાનું ગૌરવ વધાર્યુ છે. આંશલએ ૯૯.૨૦ પીઆર સાથે સ્કુલમાં બીજો ક્રમ હાંસલ કર્યો છે. અભ્યાસમાં પહેલાથી જ તેજસ્વી આંશલ રોજ માત્ર ૩-૪ કલાક જ આરામ કરતી હતી. બાકીના કલાક વાંચનમાં ધ્યાન આપતી હતી. આંશલ બોરીચા ધોળકીયા સ્કુલમાં અભ્યાસ કરે છે અને યુપીએસસી કરવાનું સપનુ છે. આજના યુગમાં જયારે બાળકો એમબીએ, એમસીએ કરી પૈસા કમાવવા તરફ દોડે છે તેવામાં આંશલ યુપીએસસી કરી



તસવીર : દિલિપ ગોહેલ

દેશની સેવા કરવા ઈચ્છે છે. જેની તૈયારી તેણી કરી રહી છે. આંશલની મહેનત ઉપરાંત સ્કુલનો ખુબ સહયોગ રહ્યો હતો. વિદ્યાર્થીના ડાઉટને શિક્ષક સ્ટાફ ઘરે આવી ઉકેલ લાવતા હતા. આંશલએ ટયુશન વગર પોતાની મહેનતે શ્રેષ્ઠ પરિણામ હાંસલ કર્યુ છે. આંશલના પરિણામથી બોરીચા પવિવાર ગૌરવ અનુભવે છે. આંશલના પિતા એડવોકેટ અને શહેર કોંગ્રેસ પ્રમુખ છે. અને માતા કાજલબેન ગૃહિણી છે. તેની આ સિધ્ધિ બદલ પરિવારજનો, જ્ઞાતિજનો અને શુભેચ્છકો દ્વારા ખુબ શુભકામનાઓ મળી રહી છે.

# લુખ્ખાઓ બેફામ: જમીન-મકાનના ધંધાર્થી પર ગુલિયા ગેંગનો હુમલો

રાજકોટ:

શહેરમાં પોલીસનું અસ્તિત્વ જ ન હોય તેમ છેલ્લા કેટલાક સમયથી લુખ્ખાઓ બેફામ બન્યા છે. થોડા દિવસો પહેલાં જ ૫૦થી વધુ ગુનામાં સંડોવાયેલા ઈભલા બાદ અગાઉ ફાયરિંગ, દારૂ, સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા ભગવતીપરામાં પાંચ માસ પહેલાં ઝઘડાના પ્રશ્ને જમીન મકાનના ધંધાર્થી પર સરાજાહેર હુમલો કરી ભગવતીપરામાં રહેવું હોય તો અમે કહી તેમ કરવાનું કહી ધમકી આપી નાસી જતા બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી ગુલિયા અને તેની ટોળકીએ ઝડપી લેવા મથામણ કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભગવતીપરા પાસેના અયોધ્યા પાર્કમાં રહેતા અને જમીન મકાનના ધંધાર્થી મોઈનભાઈ





અનવરભાઈ જુણેજાએ ફરિયાદ કરી હતી જેમાં આરોપી તરીકે ગુલિયો ઉર્ફે ગુલમહમદ ઈબ્રાહીમભાઈ મોડ, સલીમ હનીફશા શાહમદાર, સદામ હનીફશા શાહમદાર, સાવન મીઠાભાઈ પરમાર, નાસીર ઈબ્રાહીમભાઈ મોડના નામો આપ્યા હતા. ફરિયાદમાં જણાવ્યું હતું કે, બુધવારે રાત્રીના તેની સુખસાગર હોલ પાસેની સબર નામની ઓફિસેથી એક્ટિવા લઈને ઘરે જતો હતો ત્યારે ઘર નજીક દૂધ લેવા માટે ડેરીએ ઊભો રહેતા અચાનક ધોકા, પાઈપ સાથે ધસી આવેલો સલીમ શાહમદાર, સદામ અને સાવન પરમાર સહિતે હુમલો કરતા તેને જીવ બચાવવાની કોશિશ કરવા માટે દોટ મૂકી હતી પરંતુ ત્રિપુટીએ પાછળ દોડી હુમલો કરી સલીમએ તને ગુલિયા સાથેની દુશ્મની બહુ જ મોંઘી પડશે કહી નાસી જતા દેકારો થયા બાદ લોકો એકઠા થઈ ગયા હોય જાણ કરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હોવાનું જણાવ્યું હતું તેમજ તેને ફરિયાદમાં વધુ જણાવ્યું હતું કે, પાંચેક માસ પહેલાં ભગવતીપરામાં રહેતો ગુલિયાના પુત્ર આફતાબ ઉર્ફે કારિયો અને મહંમદ પઠાણ વચ્ચે ઝઘડો થયો હતો જેથી ગુલિયો મહંમદને મારકૂટ કરતો હોય જેથી મારા ભાઈના મિત્ર હોય અમે મહંમદ સાથે બેસતા હોય જેથી તેના ભાઈ નાસીરની દુકાને જઈ અગાઉ ગુલિયાએ ભગવતીપરામાં રહેવું હોય તો અમે કહી તેમ જ કરવું પડશે કહી ધમકી આપી હતી અને ત્યાર બાદ સાવન પરમારે અમારી પર એટ્રોસિટીની ફરિયાદ કરી હતી તેમ છતાં તેના શરણે નહીં થતાં હુમલો કર્યો હોવાનું જણાવતા પીએસઆઈ શેખ સહિતે ગુનો નોંધી તપાસ કરતા આરોપીઓ સીસીટીવીમાં કેદ થઈ ગયા હોય તેને ઝડપી લેવા કાર્યવાહી કરી હતી.

# રાજકોટનાં કિસાનપરા ચોકમાં કોંગ્રેસ હાય હાયના નારા સાથે સામ પિત્રોડાના પૂતળાદહનનો પ્રયાસ

## પોલીસે પૂતળું લઈ લીધું,સામ પિત્રોડાના નિવેદન પર ભાજપનો વિરોધ:પ્રથમવાર ભાજપના વિરોધમાં પોલીસ દ્વારા પૂતળું કબ્જે કરવામાં આવ્યાની વાત ચર્ચાનો વિષય બની

રાજકોટ:તાજેતરમાં કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ ભારતીયો વિશે કરેલી ટિપ્પણીને લઈને ઠેર-ઠેર ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. ત્યારે રાજકોટમાં પણ ભાજપ દ્વારા આ મામલે કિસાનપરા ચોક ખાતે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં કોંગ્રેસ 'હાય હાય' સહિતના નારા લગાવવામાં આવ્યા હતા. તેમજ પૂતળાદહનનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. જોકે, પોલીસે પૂતળું લઈ લેતા પૂતળાદહન કરી શકાયુ નહોતું. શહેરમાં પ્રથમ વખત પોલીસે ભાજપના વિરોધમાં કડક કાર્યવાહી કરી હતી. આ બાબત રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ સ્વીકારી હતી.શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ જણાવ્યું હતું કે, આજે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના સામ પિત્રોડાએ



જે રીતે વિવાદાસ્પદ નિવેદન કર્યું છે તેનો વિરોધ કરાયો હતો. આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ જોડવાની છે, તોડવાની નથી. પરંતુ સામ પિત્રોડાએ ભારતમાં ભાગલા પડાવવાની જે વાત કરી છે તેને વખોડવા માટે ભાજપનાં આગેવાનો દ્વારા સામ પિત્રોડાનાં પૂતળાદહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જોકે પૂતળાદહનનો પ્રયાસ કરવા જતાં પોલીસ દ્વારા પૂતળું લઈ લેવામાં આવ્યું હતું. જેને લઈને પૂતળાદહન થઈ શક્યું નહોતું.ભાજપનાં ધારાસભ્ય દર્શીતા શાહે જણાવ્યું હતું કે, સામ પિત્રોડાનાં નિવેદનને લઈને આ વિરોધ કાર્યક્રમ ભાજપ દ્વારા કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન મોદી જ્યારે સમગ્ર દેશવાસીઓને પોતાનો પરિવાર ગણે છે, ત્યારે સામ પિત્રોડાનાં નિવેદનથી કોંગ્રેસની રંગભેદની રાજનીતિ છતી થઈ છે. આવી રંગભેદની રાજનીતિને ચલાવી લેવામાં આવશે નહીં અને ભાજપ દ્વારા આ બાબતનો ઉગ્ર વિરોધ દેશભરમાં કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ પદેથી સામ પિત્રોડાએ રાજીનામું પણ આપી દીધું છે. આ છતાં ભાજપ દ્વારા પૂતળાદહનનો કાર્યક્રમ યોજાયો હતો. જોકે, ભાજપ પૂતળાદહન કરે તે પહેલાં જ પોલીસે પૂતળું કબ્જે કર્યું હતું. પ્રથમવાર ભાજપનાં વિરોધમાં પોલીસ દ્વારા પૂતળું કબ્જે કરવામાં આવ્યાની વાત ચર્ચાનો વિષય બની હતી.

# રૈયાધારમાં બે બેડા પણ પાણી ન મળતા સ્થાનિકો પરેશાન,કચરાની ગાડી પણ આવતી નથી

રાજકોટ:

હાલ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. અને પારો ૪૨ ડીગ્રીને પાર પહોંચી ચુક્યો છે. ત્યારે હાલ છેવાડાનાં વિસ્તારમાં પાણીની સમસ્યા દિવસે-દિવસે વધી રહી છે. જેમાં શહેરનાં રૈયાધાર ખાતે આવેલા મફતિયાપરામાં મનપા દ્વારા નળ મારફત પાણી તો અપાય છે. પણ ખૂબ ઓછું પાણી આવતું હોવાની ફરિયાદો ઉઠી છે. પાણીની સમસ્યાને લઈને સ્થાનિકો ભારે પરેશાની વેઠી રહ્યાં છે. દિવ્યભાસ્કર સમક્ષ આ વિસ્તારનાં લોકોએ પોતાની વ્યથા વર્ણવતા જણાવ્યું હતું કે, પૂરતું પાણી મળતું નથી, કચરો લેવા ગાડી આવતી નથી. આ તો કેવો વિકાસ છે?પારૂલબેન સોલંકી નામની મહિલાએ દિવ્યભાસ્કરને જણાવ્યું હતું કે, અહીં પાણીની સૌથી મોટી સમસ્યા છે. નળમાં માત્ર બે બેડા પીવાનું પાણી આવે છે, તેમાં અમારે કેમ ચલાવવું? લાંબા સમયથી આ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છીએ. પાણીની સગવડ



નથી, કચરાની ગાડી આવતી નથી. સફાઈ કરવા પણ કોઈ આવતું નથી. તો આ શેનો વિકાસ છે? અમારે દૂર-દૂર સુધી પાણી ભરવા જવું પડે છે. નોકરી કરવા જતાં પહેલાં પાણીની રાહ જોવી પડે છે. જેમાં સાવ ધીમા ફોર્સથી પાણી આવે છે.આ અંગે ઓફિસમાં રજૂઆત કરવા છતાં કોઈ સરખો જવાબ મળતો નથી. માત્ર એવું જણાવે છે કે, માણસો મોકલીશું અને તે તપાસ કરશે. હાલ પાણીનો સમય નક્કી જ નથી, ક્યારેક ૯ ક્યારેક ૯:૧૫ તો ક્યારેક ૯:૩૦ વાગ્યે પાણી આવે છે. તે પણ ખૂબ ઓછા પ્રમાણમાં આવતું હોવાને કારણે બહારથી ભરવા જવું પડે છે. આ ઉપરાંત અહીં સફાઈ પણ થતી નથી. ઠેર-ઠેર કચરાનાં ગંજ ખડકાયેલા રહે છે. અત્યારે ગાડી ભરી ગયા હતા, બાકી અહીં હંમેશા કચરો યથાવત્ રહે છે. સફાઈ માટે કોઈ આવતું નથી.રૈયાધારમાં કોઈપણ પ્રકારનો વિકાસ છે નહીં. પાણીની સમસ્યા અને સફાઈની મુશ્કેલી જાણે રોજિંદી બની ગઈ છે. ત્યારે અમારી સ્પષ્ટ માંગ છે કે, અન્ય વિસ્તારની જેમ અહીં પણ કચરાની ગાડી ઘરે-ઘરે આવવી જોઈએ. સફાઈ કરવાની સાથે પૂરતું પાણી આપવામાં આવે તે પણ ખૂબ જરૂરી છે. અમારી આ મુશ્કેલીઓ તાત્કાલિક દૂર કરવામાં આવે તેવી અમારી માંગ છે.મીનાબેન નામનાં અન્ય એક મહિલાએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં પાણી ખૂબ ઓછું આવે છે. બે બેડા જેટલું પાણી આવે છે, જેમાં પરિવારજનોએ જીવવું પણ મુશ્કેલ બન્યું છે. દૂર-દૂર સુધી પાણી ભરવા જવું પડે છે અથવા વેંચાતું પાણી લેવું પડે છે. તંત્ર દ્વારા પાણીવેરો વસુલ કરવામાં આવે છે, પરંતુ પૂરતું પાણી આપવામાં આવતું નથી. તેમજ સફાઈ પણ કરવામાં આવતી નહીં હોવાનો આરોપ તેમણે લગાવ્યો હતો.

# યુવતીને ફોસલાવી શરીર સંબંધ બાંધનારા શિક્ષકના જામીન રદ

## લગ્નની લાલચે અનેક જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચર્યા બાદ છોડી દીધી

જસદણ:જસદણ પંથકના એક ગામમાં રહેતી યુવતીને લગ્ન માટે લલચાવી દોઢ વર્ષ સુધી જુદી-જુદી જગ્યાએ શરીર સંબંધ બાંધી ઠુકરાવી દેવાની નોંધાયેલી ફરિયાદ મામલે આરોપી શિક્ષકની આગોતરા જામીન અરજી રાજકોટ સેશન્સ અદાલતે ફગાવી દીધી છે. હવે શિક્ષક સામે કાયદેસરની કાર્યવાહી ચાલુ કરાશે અને ત્યાં સુધી તેણે જેલવાસ ભોગવવો પડશે.આ અંગેની હકીકત મુજબ, જસદણ પંથકના એક ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા સુરેશ ધનજી આંદાણી નામના શખ્સ સામે ખુદ પીડિતાએ આઈપીસી કલમ ૩૭૬(૨) એન મુજબ ફરિયાદ નોંધાવી હતી. જેમાં સુરેશ આંદાણીએ યુવતી સાથે પરિચય કેળવી તા.૨૭/૫/૨૦૨૨ થી તા.૧૩/૧૧/૨૦૨૩ સુધી લગ્ન કરવાની લાલચ આપી જુદા-જુદા સ્થળે હોટલમાં તેમજ આરોપીના નવા મકાન ખાતે લઈ જઈ વારંવાર શરીર સંબંધ બાંધીને લગ્ન કરવાની ના પાડી દઈ ઠુકરાવી દીધાની ફરિયાદ જસદણ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.આ ફરિયાદ અન્વયે પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ભોગ બનનાર પીડિતાનું સીઆરપીસી ૧૬૪ મુજબ નિવેદન લેવામાં આવ્યું હતું. ત્યાઆરબાદ આરોપી શિક્ષક સુરેશ ધનજી આંદાણીએ રાજકોટ સેશન્સ અદાલતમાં આગોતરા જામીન અરજી કરી હતી. આ અરજી અન્વયે અદાલતમાં સરકારી વકીલ બિનલ રવેશિયા હાજર થયા હતા. તેમણે આગોતરા જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો તેમજ આરોપી સુરેશ આંદાણીને અન્યો સાથે પણ સંબંધો હોય એ પ્રકારના ફોટોગ્રાફ રજૂ કર્યા હતા તેમજ આરોપીની ધરપકડની ખાસ જરૂરત હોવાના મતલબની દલીલો કરી હતી. જેને ધ્યાને લઈને અધિક સેશન્સ જજ એસએસ વર્માએ આરોપી સુરેશ ધનજી આંદાણીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.

# કોર્ટમાંથી નિર્દોષ છૂટતા વેર વાળવા પશુપાલક ઉપર ત્રણ રાઉન્ડ ફાયરિંગ



સુરેન્દ્રનગર:

સુરેન્દ્રનગર કુંભારપરામાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા વ્યક્તિ ઉપર જૂની હાઉસિંગ પાસે ફાયરિંગ કરવાની ઘટના બની હતી. ૧૦ વર્ષ પહેલા ફરિયાદીએ આરોપીને માર માર્યો હતો. જેનો કેસ કોર્ટમાં ચાલી જતા ફરિયાદી નિર્દોષ છૂટી ગયો હતો. આ બાબતનું મનદુ:ખ રાખીને આરોપીએ વ્યક્તિ ઉપર ૩ રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. જેમાં ભોગ બનનારને ખભાના ભાગે ઈજા થતા લોહી લુહાણ હાલતમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો.સુરેન્દ્રનગરના કુંભારપરા શેરી નં. ૧માં કાળુભાઈ મેરાભાઈ ગોલતર નામના ૫૧ વર્ષના વ્યક્તિ રહે છે. તે પશુપાલનનો વ્યવસાય કરી રહ્યા છે. કાળુભાઈ ગોલતર ગુરૂવારે સવારે ૧૦.૩૦ વાગ્યાના અરસામાં પશુ માટે ઘાસચારો લેવા માટે ગયા હતા. ઘાસચારો લઈને પરત ફરતા જૂની હાઉસિંગ પાસે તેમના મિત્ર પાસે ઉભા રહ્યા હતા. તેઓ મિત્ર સાથે વાતો કરતા હતા ત્યારે માનવ મંદિર રોડ, ગણપતિ મંદિર પાછળ રહેતો આરોપી અલ્પેશ કરશનભાઈ પઢેરીયા અને તેનો મિત્ર બાઈક લઈને આવ્યા હતા. કાળુભાઈ કાંઈ પણ સમજે તે પહેલા તેમના ઉપર ધડાધડ ૩ રાઉન્ડ ફાયરિંગ કરી દીધા હતા.જેમાં એક મીસ ફાયર થયું હતું,નિશાન ચૂકી ગયું જ્યારે એક ગોળી કાળુભાઈના ખભા ઉપર વાગી ગઈ હતી. આથી કાળુભાઈ લોહી લુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા.ફાયરિંગની ઘટના બનવા પાછળ ૧૦ વર્ષ પહેલા થયેલી તકરાર કારણભૂત છે. ૧૦ વર્ષ પહેલા ફરિયાદી કાળુભાઈ ગોલતરે આરોપી કલ્પેશ પઢેરીયાને માર માર્યો હતો. તે સમયે કાળુભાઈ સહિત ૪ શખસ સામે ગુનો દાખલ કરાયો હતો. આ કેસ કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં ૪ વર્ષ પહેલા કાળુભાઈ નિર્દોષ છૂટી ગયા હતા. આથી તેમનું ઢીમ ઢાળી દેવા માટે ફાયરિંગ કરાયું હતું. બનાવની જાણ થતા પોલીસ ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જૂની હાઉસિંગ પાસે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. આ બનાવ અંગે ભોગ બનનાર કાળુભાઈ મેરાભાઈ ગોલતરે ફાયરિંગ કરનાર કલ્પેશ કરશન પઢેરીયા અને એક અજાણ્યા યુવાન વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. ભાગી છૂટેલા આરોપીઓને પકડવા માટે પોલીસે દોડધામ શરૂ કરી છે.

# હાર્ટ એટેક આવતા યુવાન બેભાન થઈને ઢળી પડ્યો

રાજકોટ:

સુરતના કાશ્મીર ચોક અમી પાર્કમાં રહેતો આકાશ મનસુખભાઈ ગડીયા (ઉ.વ.૨૮) નામનો યુવક ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઉમિયા ચોક નજીક વિષ્ણુ સોસાયટી-૧માં રહેતા મિત્ર વૃજભાઈના ઘરે હતો ત્યારે સવારે બેભાન થઈ જતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક આકાશ બે ભાઈમાં નાનો અને મૂળ ચાંપાબેડા ગામનો વતની છે, પિતા હયાત ન હોવાથી કાકાના ભાગની જમીન પોતાના ભાયું ભાગમાં આવતા તેના કાગળો કરાવવા માટે રાજકોટ ગત રાત્રીના આવ્યો હતો. સવારે હાર્ટ એટેક આવતા બેભાન થઈ ઢળી પડ્યો હતો.

# સાયલાના થોરિયાળીના યુવાનનું વડોદ પાસે અકસ્માતમાં મોત

## આગળ જતા ટેક્રરનું ટાયર ફાટતા પાછળથી કાર અથડાતા અકસ્માત



સાયલા:સાયલાના થોરિયાળી ગામના યુવાન સાયલાથી કારમાં અમદાવાદ જતા હતા. તે દરમિયન વડોદ ગામ પાટિયા પાસે આગળ જતા ટેક્રરનું ટાયર ફાટતા પાછળથી આવતી કાર અથડાઈ હતી.આ અકસ્માતમાં કાર ચાલક યુવાનનું મૃત્યુ થયું હતું.સાયલા તાલુકાના થોરિયાળી ગામના વતની અંદાજીત ૩૦ વર્ષીય જયેશભાઈ રાજેશકુમાર વ્યાસ છેલ્લા કેટલાક સમયથી કામ ધંધા અર્થે અમદાવાદ રહે છે. જયેશભાઈને સુરેન્દ્રનગર તેમજ સાયલા વ્યવહારિક કામ હોવાને કારણે પોતાની કાર લઈને બુધવારે સાંજના સમયે સાયલા આવ્યા હતા અને રાત્રે એક કલાકની આસપાસ તેઓ સાયલાથી અમદાવાદ જવા નીકળ્યા હતા. ત્યારે વડોદ ગામના પાટીયેથી પસાર થતાં હતા. દરમિયાન પૂરઝડપે અમદાવાદ કેમિકલ ખાલી કરવા જતું ટેક્રરનું ટાયર અચાનક ફાટી જતા ટેક્રરચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. અમદાવાદ જતા જયેશભાઈ પોતાની કાર લઈને પાછળ આવી રહ્યા હતા. ત્યારે ટેક્રરની પાછળ પોતાની કારનો ધડાકાભેર અકસ્માત થયો હતો.

ટેક્રરની પાછળ કાર ઘૂસી જતા જયેશભાઈનું ઘટનાસ્થળે મોત થયું હતું. આ બાબતે જોરાવર નગર પોલીસને જાણ થતા ગઢવી એન. એમ અને વિજયસિંહ રથવી સહિતના પોલીસ કર્મીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને જયેશભાઈના મૃતદેહને સાયલા દવાખાને લઈ જવામાં આવ્યો હતો. આ અકસ્માતની જાણ પરિવારજનોને થતા સાયલા દવાખાને દોડી આવ્યા હતા. ૨ દીકરી, ૨ દીકરા ધરાવનાર જયેશભાઈના અકસ્માતે મોત થયાના સમાચારથી પરિવારજનોમાં આક્રંદ છવાયું હતું અને મૃતદેહનું પીએમ કરીને અંતિમવિધિ માટે અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા. સુરેન્દ્રનગર પોલીસે આ બાબતે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# જેતપુરના ધોરાજી રોડ પર ૪ દી' વાહન વ્યવહાર બંધ

## બ્રિજ પર ગડર મુકવાના હોય વાહનચાલકોની સલામતીના ભાગરૂપે જાહેરનામું

જેતપુર:દરરોજ હજારો વાહન અવરજવર કરે છે તે જેતપુરના ધોરાજી રોડ પર બની રહેલ ઓવરબ્રિજ પર આરસીસીના ગડર ચડાવવાના હોવાથી સલામતીના ભાગરૂપે આ રોડ ચાર દિવસ માટે વાહન વ્યવહાર માટે સંપૂર્ણ બંધ રહેશે તેવું જીલા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડી લોકોને જાણ કરી હતી.જેતપુર શહેરની પચીસ ટકા જેટલી વસ્તી જ્યાં વસવાટ કરે છે તે વિસ્તાર એટલે શહેરના ધોરાજી રોડની આજુબાજુનો વિસ્તાર. તેમાંય રેલ્વે ફાટક બાદ અસંખ્ય સાડીઓના કારખાનાઓ, જલારામ નગર ૧-૨-૩, કૃષ્ણ નગર, નીલકંઠ સોસાયટી, દાસી જીવણપરા વગેરે નવ જેટલી સોસાયટીઓ આવેલ છે. અને શહેરમાંથી ધોરાજી બાજુ જવાનો પણ આ મુખ્ય રોડ છે. આ રોડ પર છેલ્લા ત્રણેક વર્ષથી રેલ્વે ફાટક પર ઓવરબ્રિજ બની રહ્યો છે. આ ઓવરબ્રિજનું ૭૦ ટકા જેટલું કામ પૂર્ણ થઈ ગયું હોય હવે બ્રિજ માટે બનાવવામાં પીલર પર આરસીસીના ગડર ચડાવવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે. ૪૦ ટન વજનના આ વિશાળ ગડરો અત્યાધુનિક ક્રેઈનના દ્વારા ઉપર ચડાવવાના હોય અને તે દરમિયાન કોઈ



વાહનોની અવરજવર આ કામમાં વિક્ષેપ ન પાડે તેમજ કોઈ અકસ્માત ન થાય તે માટે વાહન વ્યહવાર સંપૂર્ણપણે બંધ કરવો પડે તેમ હોવાથી જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ રોડ પર વાહન કે લોકોની અવરજવર બંધ કરવાનું એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.જાહેરનામા આ રોડ આઠ થી અગ્યાર તારીખ સુધી વાહન વ્યવહાર માટે સંપૂર્ણ બંધ રહેશે જેથી કોઈએ આ રોડ પર આવવું નહિ. અને ધોરાજી રોડને બદલે પધારો હોટલથી જેતલસર ચોકડીથી સરદાર ચોકનો રોડ તેમજ પધારો હોટલથી નવાગઢ ચોકડીથી નાજાવાળાપરાથી તીનબતી ચોક વાળો રોડનો ઉપયોગ કરવાનું જણાવવામાં આવ્યું છે.

# આરોપીને કોર્ટમાં હાજર રહેવા ફરમાન

રાજકોટ:રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના નં.૩૪૦/૨૦૧૫ના આરોપી તથા રાજકોટ સેસન્સ કોર્ટના પોક્સો કેસ નં.૨૫/૨૦૧૬ના આરોપી રવિ સુરેશભાઈ ચોવીસા વિરુદ્ધ સીઆરપીસી-૭૦ મુજબનું બિનજામીન લાયક વોરંટ ઈશ્યૂ થયેલું છે. આ આરોપી રાજકોટના એડિશનલ સેશન્સ જજ જે.ડી. સુથારની કોર્ટમાં ચાલતા કેસમાં હાજર રહેતો નથી અને સંતાતો ફરે છે. આ અંગેની ફરિયાદના આધારે એડિ. સેશન્સ જજએ, સી.આર.પી.સી.ની કલમ ૮૨ મુજબ, આ આરોપીને ૨૩ જુલાઈના રોજ કોર્ટમાં હાજર રહેવા ફરમાન કરતું જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં જણાવાયું છે કે, આરોપીએ ફોજદારી દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા બાળકોને રક્ષણ આપતો કાયદો કલમ-૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો છે અથવા કર્યો હોવાનો શક છે. આ આરોપી સંતાતો ફરે છે. આથી આરોપીને તેમના વિરુદ્ધની ફરિયાદનો જવાબ આપવા, ૨૩ જુલાઈના રોજ એડિ. સેશન્સ જજ જે.ડી. સુથારની કોર્ટમાં હાજર રહેવા ફરમાન જારી કરાયું છે.

# સાળીએ દારૂ પીને બોલાચાલી કરતા બનેવીની હત્યા કરી!

સુરેન્દ્રનગર:ચોટીલા મફતીયા પરામાં રહીને મજૂરી કામ કરતી મહારાષ્ટ્રીયન મહિલાએ પોતાના જ બનેવીને પથ્થરનો ઘા ઝીકીને હત્યા કરી દેવાનો બનાવ બન્યો હતો. આમ ચોટીલામાં ૨૪ કલાકમાં હત્યાના ૨ બનાવ બનતા ચકચાર ફેલાઈ ગઈ છે.હત્યા કરનાર સાળીની પોલીસે ધરપકડ કરી લીધી છે.મૂળ મહારાષ્ટ્રની વતની સોનકી ઉર્ફે સોનુ અને તેના બનેવી રામચંદ્ર ઉર્ફે કાળિયો પુવાર ચોટીલાના મફતીયા પરામાં રહીને મજૂરી કરી ગુજરાન ચલાવતા હતા. સાળીના ઘરે આવીને બનેવી દારૂ પી અવાર નવાર બોલાચાલી કરતો હતો. બોલાચાલીનો સીલસીલો રોજીંદો બની ગયો હતો. આથી બંને જ્યારે



બબાલ કરતા હોય ત્યારે કોઈ પાડોશી છોડાવવા માટે પણ જતા ન હતા. દરમિયાન બુધવારની રાતે પણ રામચંદ્ર સાળી સોનકીબેનના ઘરે આવી બોલાચાલી કરી હતી. આથી ઉશ્કેરાઈને સોનકીબેને બનેવીના માથામાં પથ્થરનો ઘા ઝીકી દીધો હતો. માથાના પાછળના ભાગે ઘા વાગતા રામચંદ્ર ત્યાં જ ઢળી પડ્યો હતો. બનેવી જતો રહ્યો છે તેમ માનીને સોનકી પોતાના ઘરમાં જઈને સૂઈ પણ ગઈ હતી. પરંતુ સવારે ઉઠીને જોતા રામચંદ્ર ઘર પાસે મરેલી હાલતમાં પડ્યો હતો. બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે ગઈ હતી. માથામાં ઘા અને લોહી જોઈને તેની હત્યા કરવામાં આવી હોવાની વાત તો પોલીસ માટે સ્પષ્ટ થઈ ગઈ હતી.પરંતુ કોણે હત્યા કરી તે જાણવા માટે પોલીસે આજુબાજુમાં રહેતા લોકોની પૂછપરછ કરી હતી. જેમાં બંને સાળી અને બનેવી વચ્ચે રોજ બબાલ થતી હોવાનું જણાવ્યું હતું. બુધવારે રાતે પણ બંને બોલાચારી કરતા હતા ત્યારે પડોશીઓએ સોનકીના હાથમાં પથ્થર જોયો હતો. તેના આધારે પોલીસે સોનકીની ધરપકડ કરી લીધી હતી.

# યુવકની પ્રેમ સબંધમાં હત્યા: પોલીસે ૬ આરોપીઓની અટકાયત કરી

ચોટીલા:મામલતદાર કચેરીએ આવેદન આપી મૃતદેહને પોલીસ રક્ષણ સાથે અંતિમ સંસ્કાર માટે લઈ જવાયો ચોટીલા યુવાન હત્યા બનાવમાં પોલીસે ૬ આરોપીઓની અટકાયત કરી હતીચોટીલાના રાજા વડ ગામના દિલિપ વાઘેલાનો મૃતદેહ સીમમાંથી મળી આવ્યો હતો. આ યુવાનની હત્યા કરાઈ હોવાના આક્ષેપ સાથે પરિવારે ૬ આરોપી સામે ફરિયાદ નોંધાવી છે. પરિવારજનો, સમાજના આગેવાનોએ આવેદન આપીને ન્યાયની સાથે સહાય તથા રક્ષણ આપવાની માંગ કરી છે.ચોટીલાના રાજાવાડ ગામના યુવાન દિલિપ વાઘેલાને બાજુના ગામ



દેવસર ગામે મજૂરી કરવા જતો હતો તે દરમિયાન ત્યાંની યુવતી સાથે પ્રેમસંબંધ થતા બંને યુવક-યુવતી નાસી છૂટ્યા હતા. ત્યારબાદ બીજા દિવસે યુવતી મળી જતા યુવકની શોધખોળ કરી હતી. ત્યારે દેવસરના નાગજીભાઈ ગોવિંદભાઈને દિલિપ વિશે પૂછપરછ કરતા અત્યારે નાગજીભાઈ તારો દીકરાને જિંદગી આખી ભૂલી જજે કૂતરા, કાગડા ખાઈ ગયા છે. તેવી વાતચીત કરેલ ત્યાર બાદ સાંજના સમયે નાગજીભાઈ ગોવિંદભાઈ, સુખાભાઈ રણછોડભાઈ, જયેશભાઈ નરસિંહભાઈ, રામાભાઈ રણછોડભાઈ, દિનેશભાઈ કેહાભાઈ અને વાલાભાઈ માનસિંગભાઈ મારી નાખવાની પરિવારજનોને ધમકી આપી અપશબ્દો કહ્યાની ફરિયાદ નોંધવાઈ છે. બીજા દિવસે રાજાવાડની બેલાની પાટવારી સીમમાંથી દિલિપનો મૃતદેહ મળ્યો હતો. અનુસૂચિત જનજાતિના આગેવાનો દ્વારા મામલતદાર કચેરી ખાતે ભેગા થઈ આવેદન આપી મૃતદેહને અંતિમવિધિ માટે રાજાવાડ મુકામે પોલીસ બંદોબસ્ત સાથે લઈ જવાયો હતો.